श्री सत्यविजयजैनग्रन्थमाला. नं. ८

अर्हम्

જગત્પૂજ્ય પરમગુરૂશ્રી વિજયનીતિસૂરીશ્વરપાદપદ્મેભ્યો નમઃ

શ્રી જિનગુણ સ્તવનાવલી.

અને

ગહુંલી સંગ્રહ.

—:*:—

સંપાદક.

અનુયોગાચાર્ય પંન્યાસ શ્રીમદ્ હર્ષવિજયજીગણિ શિષ્ય-

મુનિ માનવિજયજી.

પ્રત ૭૫૦] આવૃતિ ૧ લી. [સને ૧૯૨૪

सहायक—

આ બુક અમદાવાદ-પાછીયાની પોળના રહીશ.

શા. મોહનલાલ જમનાદાસની આર્થિક સહાયથી.

प्रकाशक:—શ્રી સત્યવિજય જૈન ગ્રન્થમાલાના કાર્યવાહક

શા. બાલાભાઈ મુળચંદ, અમદાવાદ.

આ બુક જૈન એડવોકેટ પ્રી. પ્રેસમાં શા. ચીમનલાલ
ગોકળદાસે છાપી. ઠે. ઘીકાંટાવાડી,—અમદાવાદ.

તા. ક. આ પુસ્તક સાધુ સાધ્વીને ભેટ આપવામાં આવશે, અને ગ્રહસ્થોને માટે સહાયકની રજાથી જુજ કીમત રાખવામાં આવી છે. તેનો ઉપયોગ પુસ્તક છપાવવામાં થશે.

उपोद्घातः

સુજ્ઞ બન્ધુઓ અને બ્હેનો !

આ " જિનગુણ સ્તવનાવલી અને ગહુંલી સંગ્રહ " જેવા નાના પુસ્તકને પ્રસ્તાવનાની જરૂર હોઇ શકેજ નહી છતાં તેમાં શું શું વિષયો છે અને કોના બનાવેલા છે. વિગેરે કેટલીક સુજ્ઞેય હકીકતો જનસમૂહ સન્મુખ મુકવી ઉચીત ધારી છે.

બન્ધુઓ ! તમોને સુવિદિત છે કે આ વિષમ પંચમ કાળમાં સંસારના ત્રિવિધ તાપથી તપ્ત થયેલા દરેક પ્રાણીઓને સંપૂર્ણ રીતે શાન્તિ પ્રાપ્ત કરાવનાર જો કોઇ પણ વસ્તુ હોય તો ખરેખર. અવિચ્છિન્ન પ્રભાવશાળી વીતરાગ પરમાત્માના એકાન્ત કર્મ ક્ષય કરી અવ્યાબાધ અનંત સુખ દેનારા સોનેરી વચનોરૂપ આગમો-શાસ્ત્રો જ અમૃતમય શાન્તિ આપનારા છે. તે જગ જાહેર છે.

હજારો ધન્ય છે !! તે આપણા તીર્થંકર ભગવંતોને કે જે મહાપુરૂષોએ અઘોર ઉપસર્ગો સહન કરી પોતાની રહેણી અને કહેણી એક સરખી કરી પોતે જે માર્ગે ચાલી અજરામર અ-વ્યાબાધ અનન્ત સુખ પ્રાપ્ત કર્યું તેજ માર્ગ ભવ્યજીવોને ઉપકા-રની ખાતર પ્રવર્ત્તાવ્યો છે, અને તેજ ધોરી મહાન્ રાજમાર્ગને નિઃસીમ પ્રભાવવાળા ગણધર ભગવંતો–અને શાસનના સ્તંભ સમાન આચાર્ય મહારાજાઓ પ્રકાશ કરી રહ્યા છે. એટલુંજ નહી પણ તે વિરલા ભવ્ય પ્રભાવક મહાપુરૂષો આ સંસારના મધુબિન્દુ સમાન તુચ્છ વિષય વાસનાઓનો ત્યાગ કરી વીતરાગ ભાષિત ઉત્તમોત્તમ નિર્દોષ ચારિત્રને અડગ રીતે પાલન કરી

જ્ઞાનદ્રષ્ઠ પ્રાપ્ત કરી આગમોના સંપૂર્ણ રહસ્યો **ગદ્યમાં** અને **પદ્યમાં** બનાવી આપણા ઉપર અઢળક ઉપકાર કરી ગયા છે.

પરન્તુ સહુ કોઇ જાણે છે કે ચાલુ જમાનામાં દરેક મનુષ્યોનો સંસાર પ્રવૃત્તિમય થઇ રહ્યો છે. પાશ્ચિમાત્ય પ્રજાના નુવીન સુખના સાધનો જેટલા અંશે સુખ–આનંદ આપનારા નીવડયા છે. તેટલા અંશે દુઃખરૂપ મહાર્ઘતાનો (મોંઘવારી) બોજો મુકી રહ્યા છે. જો કે જમાનાની ફેરફારીથી દરેક જીવો પ્રવૃત્તિના પંજામાં ફસાયેલા હોઇ નિવૃત્તિના અભાવે તથાપ્રકારે, આ ચતુર્ગતિમાં અનંતોકાળ ભ્રમણ કરનાર કર્મસમૂહને ભેદન કરવામાં સમર્થ સાધનરૂપ ઉત્તમ ચારિત્ર–જ્ઞાન ધ્યાન–તપસ્યાઓ પૂજા–પ્રભાવના વિગેરે ઉત્કૃષ્ટ ક્રિયાઓ તેટલે અંશે કરવા અશક્ત થઇ રહ્યા છે. છતાં પણ દરેક **શહેરોમાં** તેમજ ગામોમાં સંસાર સમુદ્ર તરવા માટે પોતસમાન વીતરાગ પરમાત્માની પૂજા–સેવા –ભક્તિ કરવામાં તલ્લીનતા દષ્ટિગોચર થાય છે તે પ્રશંસ્તુલ્ય છે.

તેવા ભાગ્યશાળી પૂજા–ભક્તિના ઉત્સુક જનસમૂહ માટે નીચે બતાવેલી અગવડો દૂર કરવા માટે અમોએ પ્રાચીન મહાપુરૂષોના બનાવેલા શાસ્ત્રોના ભાવવાળી આ **જિનગુણ સ્તનાવલી અને ગહુંલી સંગ્રહ** બહાર પાડવા પ્રયત્ન કર્યો છે.

જમાનાની ફેરફારીમાં નાટયકળા પણ વિશેષે ફેલાઈ રહી છે, એના અંગે ગાયનો ગાવાનો શોખ નાનાથી કે મોટા સુધીમાં વધેલો દેખાય છે. તેજ ક્રમે આપણા પ્રભુ મંદિરોમાં પણ પૂજા-ભક્તિ સમયે સ્તવનો નાટકના રાગમાં બનાવેલા ગાવાની પ્રગતિ જણાય છે. જો કે તે ઠીક છે. પરંતુ નાટકના રાગ તુચ્છ અને સંગારિક ભાવનાવાળા હોઇ રાગમાં હાલમાં નવીન ગુંથાયલા

સ્તવનો તેટલા અપૂર્વ ભાવવાળા અને આનંદ આપનારા હોઇ શકતા નથી, જેથી અમોએ ઉપરની બુક બહાર પાડવાનો કરેલો પ્રયત્ન ઉચિત જણાશે.

વળી બ્હેનો અને બાલિકાઓ માટે પ્રાચીન મહાપુરૂષોનીજ બનાવેલી ગહુંલીઓનો સંગ્રહ કર્યો છે જે ગહુંલીઓ એવી તો ભાવવાળી અને સુંદર વાકય રચનાવાળી છે કે જે વાંચવા સાથે અલ્હાદ ઉપજાવે તેવી છે.

હવે આ બુકમાં કયા કયા આચાર્યોના બનાવેલા સ્તવનો ગહુંલીઓ વિગેરે દાખલ કરેલ છે તેનું સૂચન કરીએ છીએઃ—

આ બુક લગભગ ૧૫૦ પૃષ્ઠના આશરે છે, જેમાં શરૂઆતમાં શ્રીમાન્ પં. પદ્મવિજયજી મહારાજશ્રીનું જીવન ચરિત્ર આપેલું છે. ત્યારબાદ પંડિત શ્રીમાન્ રૂપવિજયજી ગણી કૃત સ્તવનો અને ગહુંલીઓ દાખલ કરેલ છે.

ઉપરોક્ત પં. રૂપવિજયજી મહાજશ્રી પં. પદ્મવિજયજી મહારાજના શિષ્ય છે.

તેઓશ્રીનો કયા દેશમાં જન્મ થયેલો છે અને કઇ શાલમાં દીક્ષા લીધેલી તે અમારી જાણમાં નથી પરંતુ તેમના ગુરૂશ્રી ૧૮૬૨ ના ચૈત્ર સુદિ ૪ ના દીવસે સ્વર્ગગામી થયા છે. અને ઉક્ત મહાત્મા ૧૯૦૫ માં સ્વર્ગગામી થયા છે તે ઉપરથી સમજાય છે કે લગભગ ૫૦ વર્ષનો દીક્ષા પયાર્ય હોવો જોઇએ. તેઓશ્રીએ **પૃથ્વીચંદ્રગણસાગરનું** ચરિત્ર ઘણુંજ આકર્ષક અને વૈરાગ્યરસથી ભરપુર રચેલુ છે જે હાલમાં મુદ્રિત થયેલું ભાવનગરમાં મળે છે. તેઓશ્રીને આગમનું જ્ઞાન ઘણુજ સારૂ હતું તે તેમની પૂજા તથા રચેલા સ્તવનો સઝાયો ઉપરથી સારી રીતે જાણી શકાય છે. તેઓશ્રી એક સારા કવિ તરીકે સુપ્રસિદ્ધ છે. તેમનો પરિવાર પણ હાલમાં ઘણો વિશાળ છે, વર્તમાન કાળમાં અત્યારે **વિજય**

પદને શોભાવનારા મુનિઓ જે છે તે સર્વ પ્રાયઃ તેમનાજ સંપ્રદાયના છે.

ત્યારબાદ પંડિત શ્રીમાન્ વીરવિજયજી મહારાજશ્રીની રચેલી ગહુંલીઓ તથા ૫૬ દિક્ કુંમારીઓની રાસ ક્રીડા મુકી છે.

ઉક્ત મહાપુરૂષનું જીવન ચરિત્ર ઘણુંજ આનંદ ઉપજાવે તેવું છે. તેઓ સાહેબ સંસારી અવસ્થામાં અમદાવાદ શહેરમાં એક બ્રાહ્મણ કુલમાં ઉત્પન્ન થયેલા હતા.

પાલીતાણા શહેરમાં પંડિત શુભવિજયજી ગણીનો તેમને સુપરિચય થયા બાદ તેઓ શ્રી પાસે તેમણે પ્રવ્રજ્યા ગ્રહણ કરી હતી અને છએ દર્શનનો સારો અભ્યાસ કરેલો હતો. તેમજ તેઓશ્રીમાં કવિત્વ શક્તિ ઘણીજ અદ્ભુત પ્રાપ્ત થયેલી હતી, તે તેઓશ્રીએ બનાવેલ " **પૂજાસંગ્રહ** " ઉપરથી ખ્યાલ આપી શકે છે. પૂજાઓ ઘણીજ સરલ અને શાસ્ત્રોના સંપૂર્ણ ભાવ સાથે સુંદર સહેલા રાગરાગણીમાં તેની રચના કરી છે કે જેથી દરેક જીવો સહેલાઇથી ગાઈ શકે છે. જે માટે જનસમૂહ તેમના રૂણ નીચે છે.

તેઓશ્રીની કાળધર્મની તિથિ અમદાવાદના વેપાર મંડલમાં અડગ રીતે અડતાલ પાડી પળાય છે

અને તે દીવસે હજારો સ્ત્રી પુરૂષો તેમનું ચરિત્ર શ્રવણ કરવા માટે એકત્ર થાય છે, તે ઘણું અનુમોદનીય છે.

અને-ત્યારબાદ તપાગચ્છીય વિવિધ પૂર્વાચાર્યોની રચેલી વૈરાગ્ય રસથી ભરપૂર સઝાયો દાખલ કરી છે.

જે દરેક સજ્જન વર્ગ વાંચી મુખપાઠ કરી પોતાના આત્માને પવિત્ર કરશે તેવી સદ્ભાવનાથી એમોએ આ પ્રયત્ન કરેલો છે.

સજ્જનો ! પ્રુફ સુધારવાના દોષથી કે મુદ્રકના દોષથી જે કાંઇ ભુલો રહી ગઈ હોય તે શુદ્ધિપત્રકમાં જોઇને સુધારી વાંચશો. એજ વિજ્ઞપ્તિ.

લી-પ્રકાશક.

પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ પંડિત શ્રી પદ્મવિજયજી ગણિનો જીવન પરિચય

૧.

જન્મ, માત પિતા,

ગુર્જર દેશમાં રાજનગર શહેરની શામલદાસની પોળમાં શાહ ગણેશ નામના શ્રીમાળ જ્ઞાતિના વણિક વસ્તા હતા. તેમની ભાર્યાનું નામ ઝમકું હતું. આ દંપતિને સંવત્ ૧૭૯૨ ના ભાદ્રપદ શુદિ ૨ ને દિને એક પુત્ર થયો. કે જેનું નામ પાનાચંદ સ્થાપવામાં આવ્યું. પુત્રની છ વર્ષની વય થતાં તેની માતા મરણ પામ્યાં, અને સાતમે વર્ષે તેને નિશાળે મૂકવામાં આવ્યો અગીઆર વર્ષ સુધી નિશાળનું ભણતર શીખી લીધુ. આની માસીનું નામ જીવી હતું. તે નવતત્ત્વાદિક પ્રકરણમાં બહુ સારીરીતે કુશળતા ધરાવતી હતી. અને તેણીએ ભાણેજને તે શીખવવા માંડયાં, તેરમે વર્ષે ઉત્તમવિજયજી ગુરૂ આવ્યાં ત્યાં પોતાના મામાની સાથે વ્યાખ્યાન સાંભળવા કુમાર જવા લાગ્યો વ્યાખ્યાનમાં પ્રજ્ઞાપના સૂત્ર વંચાતું હતું અને પોરસી થયા પછી શ્રી ઋષભદેવ ચરિત્ર વંચાતું હતું તેમાં મહાબલ મુનિનો અધિકાર આવ્યો ત્યારે કુમારનું હૃદય બહુભીનું. વૈરાગ્યવાળું થયું.

૨.

દીક્ષા.

જીવી માસીએ સંયમ દુષ્કર છે. એમ અનેક જાતની સલાહ આપી. પિતાએ પણ ત્યાગી થતાં વાર્યો, પણ કુમાર એકનો બે થયો નહિ, પછી ગુરૂને આ વાત કહેવામાં આવતા જોષી પાસે દીક્ષા માટેનું મુહુર્ત જોવરાવતાં મહા શુદ ૫ નું ઠર્યું. અને આખરે સંવત્ ૧૮૦૫ મહા શુદિ ૫ નેદિને. (વસંત પંચમી) દીક્ષા, રાજનગરમાં પાચ્છા વાડીમાં લીધી, અને **પદ્મવિજયજી** નામ સ્થાપિત થયું.

૩.

શાસ્ત્રાભ્યાસ.

આ પછી શાસ્ત્રાભ્યાસ સારી રીતે કરવા લાગ્યા, ગુરૂ પાસે આચાર સાથે બીજાં શાસ્ત્ર શીખ્યા. **સુવિધિ વિજયજી** મહારાજ પાસે રહી સુરતમાં શબ્દ શાસ્ત્ર (વ્યાકરણ) શીખ્યા. વળી મદાલસા આદિ પંચકાવ્ય, છંદ ! શાસ્ત્ર, અને અલંકાર શાસ્ત્રનો અભ્યાસ કર્યો. પછી તારાચંદ સંઘવીની સહાયથી ન્યાયશાસ્ત્ર ભણવાનો પ્રબંધ થયો. મહાભાષ્ય તથા અગ ઉપાંગ પાંચ કર્મગ્રંથ, કર્મપ્રકૃતિ વિગેરેનો અભ્યાસ કર્યો.

૪

પંડિત પદ.

આ વખતે તપગચ્છમાં પટ્ટધર **વિજયધર્મ સૂરિ** વિરાજતા હતા. તેમણે સંવત્ ૧૮૧૦ માં રાધણપુરમાં, પ્રેમથી પદ્મવિજયજીને પંડિત પદ 'આપ્યું.

૫

વિહાર.

રાધણપુરથી સંઘ લઈ ગિરનાર ગયા. પછી નવા નગરમાં યાત્રા કરી વિમલાચળ (શત્રુંજય) ગયા. પછી ભાવનગરમાં શેઠ કુંવરજી લાધાના આગ્રહથી ચોમાસું રહ્યા, અહીં તેમના ગુરૂએ તેમને બૃહત્કલ્પ સૂત્રની ટીકા વંચાવી. પછી સંવત્ ૧૮૧૩ અને ૧૮૧૪ માં સુરતમાં ચોમાસું કર્યું. અહીં તારાચંદ સંઘવીએ ઉપધાન વહેવરાવ્યાં પછી બર્હાણપુર (બુરાણપુર) ના સંઘે આગ્રહ કરવાથી ઉત્તમવિજયજી ગુરૂએ પંડિત પદ્મવિજયજીને ત્યાં ચોમાસું કરવા મોકલ્યા. પંડિતજી દક્ષીણ દેશ તરફ ચાલ્યાં ત્યાં લોકોને ઉપદેશથી મુગ્ધ કરી બર્હાણપુર આવ્યા. અને સામૈયું આદિ ભારે ધામધુમથી કરવામાં આવ્યું, ત્યાં સ્થાનકવાસી સાથે વાદ કરી જશવાદ લીધો સંવત્ ૧૮૧૫-૧૬ બે ચોમાસાં ત્યાં કર્યાં. ત્યાંથી વિહાર કરી ખંભાત આવ્યા અને સંઘના આગ્રહથી ચોમાસું રહ્યા. વ્યાખ્યાનમાં આચારાંગ સૂત્ર શરૂ કર્યું ત્યાંથી શત્રુંજય આવી ગુરૂને વંદના કરી. આ વખતે પાલીતાણા શહેરમાં શેઠ રૂપચંદ ભીમે સુંદર જિનપ્રાસાદ કરાવી અનેક બિંબોની પ્રતિષ્ઠા કરાવી; આ વખતે ઘોઘાના સંઘે વિનતિ કરી કે અમારે ત્યાં અમીચંદ્ર પ્રભુનું મંદીર તૈયાર થયું છે, તો ત્યાં પ્રતિષ્ઠા કરવા પધારો તે વખતે ગુરૂએ પદ્મવિજયજીને મોકલ્યા. અહીં નવખંડા પાર્શ્વનાથ પ્રભુનાં દર્શન કર્યા અને ચંદ્રપ્રભુની પ્રતિષ્ઠા કરી. પછી પાટણ તરફ વિહાર કર્યો, ત્યાં ચોમાસું કરી સિદ્ધપુર; પાલણપુર, એમ ફરી આબુ ગઢની યાત્રા સંઘ સહિત કરી. ત્યાંથી રાધણપુરમાં બે ચોમાસાં કરી સિદ્ધપુરમાં સંવત. ૧૮૨૧ માં ચૌમાસું કર્યું.

ત્યાંથી રાજનગર જાત્રા કરી સુરત આવ્યા. ત્યાં તારાચંદ સંઘવીને બસો પંચાણું બિંબની પ્રતિષ્ઠા સિદ્ધાચળમાં કરવાની ઇચ્છા થઇ. તે પદ્મવિજયજીએ પૂરી પાડી. પછી સમેતશિખર યાત્રા કરી. અને ત્યાં સગાલચંદ ઓશવાળે (મક્ષુદાબાદ શહેરવાસીએ) એક દેવળ કરાવ્યું તેમાં પ્રતિષ્ઠા કરી. સંવત્ ૧૮૨૫ માં નવસારી ચોમાસું કરી ઉત્તમવિજયજી ગુરૂ સાથે રાજનગરમાં આવ્યાં ત્યાં સંવત્ ૧૮૨૭ માહા શુદિ ૮ ને દિને રવિવારે ઉત્તમવિજયજી ગુરૂ કાલધર્મ પામ્યા.

સં. ૧૮૩૦ માં સાણંદ ચોમાસું કર્યા પછી રાજનગરમાં ત્રણ ચોમાસાં ફરીવાર કર્યા. ત્યારપછી વિસનગરમાં બે ચોમાસાં કર્યાં, ત્યાં ભગવતી સૂત્રનું વ્યાખ્યાન શરૂ કર્યું. ત્યાં પાટણનો સંઘ પોતાને ગામ ચોમાસું કરવા માટે વિનતિ કરવા આવ્યો તે વિનતિ સ્વિકારી પાટણ વિહાર કર્યો. ત્યાં સામૈયું કરી સંઘે પધરાવ્યા, અને અનુયોગદ્દ્વાર સૂત્રની વાંચના કરી, ઉપધાન વહેરાવ્યા; અને ત્યાંથી મોદી પ્રેમચંદ લવજી નામના સંઘપતિએ વિમલગિરિ સંઘ કાઢયો, તેમાં સામેલ થઈ આદીશ્વર પ્રભુને ભેટયા. સંવત. ૧૮૩૮ માં લીંબડીમાં ચોમાસુંકરી ઉપધાન વહેવરાવ્યાં, સંવત ૧૮૩૯ માં પણ ત્યાંજ ચાતુર્માસ ગાળ્યું, અને તેના પ્રભાવે ત્યાં ૧૦૯ માસક્ષમણ થયા. અહીંથી વિસલનગર ચોમાસું કરી ત્યાં પણ શ્રાવિકાઓને ઉપધાન કરાવ્યાં, અને અષ્ટોત્તરી સ્નાત્ર કર્યું. અને સમોસરણની રચના રચાવી સંવત્ ૧૮૪૩ માં રાધનપુરમાં ચોમાસુ કરી ભગવતીસૂત્રની વ્યાખ્યા કરી ત્યાંથી વિરમગામમાં ચૈત્ય પ્રતિષ્ઠા કરી સંવત્ ૧.૪૩ માં જેઠ માસમાં રાધનપુરના દેવરાજ મસાલીયાએ (કે જે મસાલીઆ કુટુંબ હજી

પણ રાધનપુરમાં હયાત છે) ગોડીજી જાત્રા કરવા સંઘ ચલાવ્યો. સં. ૧૮૪૪ માં પાટણ ચોમાસું કરવા આવ્યા, અને ત્યાં આચારાંગનું વ્યાખ્યાન ચલાવ્યું. આ વખતે પાટણમાં અનેક, **જિન મૂર્તિઓવાળા લગભગ ૮૦ જિન પ્રાસાદો શોભતા હતા,** તે વખતે સંવત ૧૮૪૪ ના માઘ માસની વદી નવમી અને ગુરૂવારે તે વખતે શ્રી પદ્મવિજયજી મહારાજે બિંબ પ્રતિષ્ઠા કરી. આવી રીતે જિન શાસનને અનેક રીતે શોભાવી પોતે વિહાર કરતા રાધનપુર આવ્યાં ત્યાં એક ચોમાસું કરી ફરી પાટણ આવ્યા. અહીં આવશ્યક નિર્યુક્તિ વાંચી શ્રાવકોને પ્રમુદિત કર્યા, અહીથી બે ચોમાસાં રાધનપુર કરી ત્યાં પન્નવણા (પ્રજ્ઞાપના) સૂત્રનું વ્યાખ્યાન કર્યું. ત્યાંથી ઉપધાન માળા પહેરાવવા માટે પાટણ ગયા. અને ત્યાં બાર વ્રત અને પૌષધ, શ્રાવિકાઓએ વર્યા. સંવત્ ૧૮૪૮ માં રાધનપુર ચેમાસું કર્યું. પછી વિમલાચળ યાત્રા કરી ત્યાંથી સુરત જવા લીમડી ગયા અને પછી સુરત આવ્યા ત્યારે સંઘવી પ્રેમચંદ લવજી પ્રમુખ જબરુ સામૈયું કરી ગુરૂને પધરાવ્યા, ત્યાં પન્નવણા સૂત્ર પુરૂં કરી મહાભાષ્યની વ્યાખ્યા કરી ઉપધાન વહેવરાવ્યાં; ત્યાથી રાદેર જઈ સ્થાનકવાસી સાથે જયપૂર્વક વાદ કર્યો, અને ખભાત આવ્યા. અહીથી ફરી સિદ્ધાચળની યાત્રા કરી લીંબડી આવ્યા, ત્યાં સામૈયું થયું, અને રાયપસેણી સૂત્ર વાંચ્યું, અહીં પણ સ્થાનકવાસી સાથે વાદવિવાદ થયો, અને તેને દૂર કર્યો. અહી સંઘે બહુસારી સુશ્રુષા કરી પછી હૃદયરામ દિવાનનો ગોડીજીની યાત્રા અર્થે સંઘ નીકળ્યો તેમાં ગુરૂ જોડાયા, અને ફરી લીંબડી ચોમાસું કર્યું. આ વખતે જંબુદ્વીપપ્રજ્ઞપ્તિ વાંચી પછી એટલે સં. ૧૮૫૩ માં રાજનગરમાં ચોમાસું કર્યું અને ત્યાં સૂયગડાંગ સૂત્રનું વ્યાખ્યાન કર્યું.

અહીં શ્રીમાળી જ્ઞાતિના શ્રી લક્ષ્મીચંદ શેઠે સહસ્ત્ર ફણા પાર્શ્વનાથ પ્રભુની પ્રતિષ્ઠા ગુરૂ પાસે સવત્ ૧૮૫૪ ના મહા વદી ૫ ને સોમવારને દિને શુભ મુહુર્તે કરાવી, અને તેમાં ૪૭૨ જિન મૂર્તિઓ અને ૪૯ ચિદ્ધચક્રની પ્રતિષ્ઠા કરી. પછી રાજનગરના ઓશવંશના હર્ષચંદ સંઘવીએ મોટો સંઘ વિમલગિરિની યાત્રા કરવા કાઢયો. ત્યાર પછી સવત્ ૧૮૫૭ માં સંઘને એવો ઉપદેશ કર્યો કે સમેતશિખરમાં જીર્ણોદ્ધાર કરાવવાની ઘણી જરૂર છે. આથી સંઘે તેમજ ખાસ કરી શ્રી ખેમાલાલાની મદદથી જીર્ણોદ્દાર કરાવ્યો. પછી સં. ૧૮૫૮ માં લીંમડી ચોમાસું કર્યું. ત્યાંથી ૧૮૫૯માં અમદાવાદ આવી શ્રી ગુરૂએ વૈશાખ સુદ ૭ ગુરૂવારે પ્રતિષ્ઠા કરી. અહીં રાજનગરમાં બે ચોમાસાં કરી પાટણ વિહાર કર્યો. ત્યાં ભગવતી સૂત્રની વાચના કરી જ્ઞાન પૂજા શા. રાયચંદ (મીઠાચંદ લાધાચંદ ના પુત્ર) પાસે કરાવી, બીજા પ્રભાવનાનાં કાર્યો કર્યાં. ભગવતી સૂત્ર પૂરૂં થયું ત્યારે રાજનગરથી સા. કર્મચંદ શેઠ ખાસ કરી આવ્યા અને સામૈયા સાથે મોટો મહિમા થયો. નોકારસી સામીવચ્છલ આદિ થયાં અને સંઘમાં જય જય કાર વર્તાયો.

દેહોત્સર્ગ.

હવે ગુરૂને મસ્તકના અર્ધ ભાગમાં વ્યાધિ લાગુ પડયો, છતાં સમાધિ રહી ૨૮ દિવસ સુધી ઉત્તરાધ્યયન સૂત્રની આરાધના કરી સંવત્ ૧૮૬૨ ના ચૈત્ર શુદ ૪ બુધને દિને, ચારે અશનાદિકનો ત્યાગ કર્યો; અને સાંજે પડિક્કમણું કર્યા પછી થોડીજ વારમાં સ્વર્ગપદ પામ્યા.

આના સ્મારકમાં મત્સ્યજાલ છોડાવી અનેક ધર્મદાન સંઘે કર્યાં.

ઉપસંહાર.

વિમળાચળની તેરવાર, ગિરનારની ત્રણુવાર સંખેશ્વરની એકવીશવાર, ગોડી પ્રભુની ત્રણુવાર, તારંગાજીની પાંચવાર, અને આબુજીની એકવાર, યાત્રા કરી છે. આવી રીતે તીર્થયાત્રા કરી ગુરૂએ પુણ્યનો સારો ભાગ લીધો છે. વળી પોતે કવિ હતા. અને ૫૫૦૦૦ નવા શ્લોક કરેલ છે. ગૃહવાસમાં ૧૪॥ વર્ષ રહી દીક્ષા લીધી અને ૫૭ વર્ષ દીક્ષા પાળી.

ગુરૂપરંપરા.

વીર સ્તુતિ ૩૫ હુંડીનું સ્તવન શ્રીમદ્ યશોવિજયજીએ રચ્યું છે, તે પર શ્રી પદ્મ વિજયજી મહારાજે બાલાવબોધ કુરેલ છે (સંવત્ ૧૮૪૯ વસંત પંચમી બુધવાર.) આમાં પોતાની પ્રશસ્તિ નીચે પ્રમાણે સંસ્કૃતમાં આપી છે:—

सूरिर्विजयादेवाख्य–स्तोपगच्छाधिनायकः ।
विख्यातस्त्रिजगत्यासीद्, विद्यया गुरुसन्निभः ॥ १ ॥
तस्य पट्टोदयाद्रौ श्रीविजयप्रभसूरिराट् ।
आदित्य इव तेजस्वी, सिंहवच्च पराक्रमी ॥ २ ॥
यः सत्यविजयस्तस्यांते–वासीत्यभिभाषकः ।
क्रियोद्धारः कृतो येन, प्राप्यानुज्ञां गुरोरपि ॥ ३ ॥
विनेयस्तस्य कर्पूर–विजयः तात्विकः सुधीः ।
कीर्तिः कर्पूरवद्यस्य, प्राप्तः सर्वत्र विश्रुता ॥ ४ ॥
क्षमादिगुणसंदर्भः, क्षमाविजय इत्यभूत् ।
तस्य शिष्यो विनीतात्मा, शिष्यानेकसमन्वितः ॥ ५ ॥

शब्दशास्त्रादिशास्त्राणां वेत्ता शिष्यगणान्वितः ।
जिनादि विजयाह्वानस्तस्य शिष्यः सुरूपभाक् ॥ ६ ॥
कर्मप्रकृतिप्रभृति–शास्त्रतत्त्वविचारवित् ।
उत्तमाद्विजयस्तस्य शिष्योऽभूद् भूरि शिष्यकः ॥ ७ ॥
तस्यपादयुगाम्भोज–भृंगतुल्येन चारुणा ।
पद्मविजयशिष्येण, स्वपरानुग्रहाय वै ॥ ८ ॥
नंदोवेदस्तथा नागश्चंद्राविति च संवत्सरे ।
संवतः पंचमीपक्षे विक्रमाद् बुधवासरे ॥ ९ ॥
मया वीरस्तवस्यायं कृतो बालावबोधकः ।
गुरुप्रसादतः सम्यग् गंभीरस्याल्प बुद्धीना ॥ १० ॥
श्री विजयजिनेंद्राख्य–सूरे राज्ये कृतोद्यमः ।
स्थित्वा गच्छाधिनाथस्य राजधन्यपुरे वरे ॥ ११ ॥
यत्किंचिद्वितथं प्रोक्तं मतिमांद्यादजानता ।
तत्सर्वं विबुधैः शोध्यं विधाय मयि सत्कृपा १२ ॥
वीरस्यशासनं यावत् वर्तते विश्वदीपकं ।
तावद्बालावबोधोऽयं तिष्ठताद् बुधवासनः ॥ १३ ॥

શ્રીમદ્ યશોવિજયજીનું સવાસોપા ગાથાનું સ્તવન શ્રી સીમંધર જિન વિજ્ઞપ્તિરૂપ છે, તે પર શ્રી પદ્મવિજયજીએ સં. ૧૮૪૦ માં બાળબોધ કર્યો છે, કે જે પ્રકરણ રત્નાકર ભાગ ૧ લામાં છપાયેલ છે. એમાં પોતાની પ્રશસ્તિ નીચે પ્રમાણે આપે છે;

क्वेदं कर्त्तुर्वचः शस्तं नानाशास्त्रार्थगर्भितम् ।
क्व मेऽल्पविषया प्रज्ञा मुशालाग्रोपमा खलु ॥ १ ॥

यदत्र वितथं प्रोक्तं मंदबुध्ध्यादि हेतुना ।
तद्धीधनैः कृपां कृत्वा मयि शोध्यममत्सरैः ॥ २ ॥

श्रीमद् विजयसिंहाऽव्हः सूरिराड् विजितेंद्रियः ।
तस्यां तेवासी सत्यादि–विजयः सान्वयः सुधी ॥ ३ ॥

कर्पूरविजय स्तस्य शिष्यो गुणगणैर्युतः ।
तस्यापि क्षमया युक्तः क्षमाविजय इत्यभूत् ॥ ४ ॥

जिनादिविजयस्तस्य शिष्योऽभूद्भुरि शिष्यकः ।
शास्त्रज्ञः सज्जनो धीमान् कर्मठो धर्मकर्मणि ॥ ५ ॥

उत्तमविजयस्तस्य शिष्यः शिष्यौघसत्तमः ।
सर्वोत्तमगुणै र्व्याप्तः कर्मशास्त्र कुशाग्रधीः ॥ ६ ॥

तस्यांह्रिपंकजे पद्मविजयो भ्रमरोपमः ।
नभाग्नि वसुचंद्रेऽब्दे (१८३०) तेनेदं वार्तिकं कृतं ॥७॥

વિજયદેવસૂરિ.

|

विजय सिंहसूरि.

|

સત્યવિજય

|

કપૂરવિજય

|

ક્ષમાવિજય

|

પં. જિનવિજય	પં. યશોવિજયગણિ.
પં. ઉત્તમવિજય	પં. શ્રી શુભવિજય ગણિ.
પં. પદ્મવિજય	પં. શ્રી **वीरविजय.**

પં. શ્રી વીરવિજય પણ એકજ ગુરૂ પરંપરામાં છે તે ઉપર દર્શાવ્યું છે. શ્રી વિરવીજય પોતે સં. ૧૯૦૨ સુધી વિદ્યમાન હતા તેમણે સુંદર કાવ્યો, રાસો, પૂજાઓ રચી સુકવિનું અભિધાન મેળવ્યું છે. પં. પદ્મવિજયજીના શિષ્ય તે આ રાસકાર રૂપવિજયજી થયા અને તેની પરંપરા હજુ સુધી ચાલી આવે છે. વર્તમાનકાલમાં વિજય પદને શોભાવનારા જેટલા સાધુઓ છે તે સર્વ પ્રાયઃ રૂપવિજયજી મહારાજની સંપ્રદાયમાં છે તે અંતમાં આપેલ ગુરૂ પરંપરા જોવાથી જણાશે.

પદ્મવિજયજી મહારાજની કૃતિઓ.

૧-૨. ચોવીશી (બે) પૃ. ૨૨૪-૩૩૬. ચોવીશી વીસી સંગ્રહ.

૩. સઝાય (૧) વણઝારાની નરભવનગર સોહામણું. પૃ. ૧૬
સઝાય માળા ભા. ૧ (ભીમશી માણેક,)

૪ "(૨) આતમ બોધની–સાંભળ સયણાં સાચી સુણાવું.

પૃ. ૫૪. (સઝાય માળા બી. ભા.)

૫ સ્તવન (૧) સીમંધર સ્તવન. સુણો ચંદાજી. પૃ-૫ જૈન પ્રબોધ

૬ (૨) " જાત્રા નવાણુ કરીએ શેત્રુંજા ગિરિ. પૃ-૩૦૯—
જૈન પ્રબોધ.

૭ (૩) " પ્રથમ જિનેસર પ્રણમીયે, જાસ સુગંધીરે કાય.

૮ ( ) આબુજીનું સ્તવન પાલણપુરનો સંઘ ગયો હતો.
સં. ૧૮૧૮ ચૈત્ર વદ ૨.

૯ ચોમાસીના દેવવંદન પૃ ૨૧૬–૨૪૯ દેવવંદન માળા ૨.દિ.
કર્તા શા. ત્રીકમલાલ હઠીસીંગ. કું.)

૧૦ ચૈત્યવંદન. (૧) સિદ્ધાચલ. વિમલ કેવલજ્ઞાન કમલા
(૨) પુંડરગિરિ સ્તવન-વીરજી આયારે વિમલ
ગિરિ મેદાન.

૧૧ હોરી તું તો પાકડ પદ મન પર હે, રંગીલે છેડર. ...
હોરી સંગ્રહ (બી ભા.)

૧૨ નેમિનાથ. ર સ. ૧૮૨૦

૧૩ શ્રી ઉત્તમવિજયજી નિર્વાણ રાસ. સં ૧૮૦૮ ... ૧૮૨૯

૮

૧૪ બાલાવબોધ (ટબો) શ્રીમદ્ યશોવિજયજી કૃત

સવાત્રણુસો ગાથાના સીમંધર જિન વિજ્ઞપ્તિ રૂપ સ્તવન ઉપર સંવત ૧૮૩૦

૧૫ નવ પદની પૂજા. લીંબડી સં. ૧૮૩૮ મહા વદિ ૨ ગુરૂવારે પૃ. ૨૮૬થી૨૯૯ વિવિધ પૂજા સંગ્રહ ભા ૧-૪ આ વખતે તપાગચ્છના પટપર ૧ *વિજય ધર્મસૂરિ વિરાજતા હતા.

તપગચ્છની ૬૨ મી પાટે વિજયપ્રભસૂરિ

૬૩ મી પાટે વિજય રત્નસૂરિ

૬૪ મી પાટે વિજય દયાસૂરિ

૬૫ મી પાટે વિજય ધર્મસૂરિ

સંવત. ૧૮૩૮ ચૈત્ર સુદ ૧૩ ગુરૂવારે રાજનગરના સંઘપતિ (મોદી પ્રેમચંદ સિદ્ધાચળનો સંઘ લઇ ગયા)

૧૬. સમરાદિત્ય કેવલી રાસ. સં. ૧૮૪૨

૧૭ બાલાવબોધ (ટબો) શ્રીમદ્યશોવિજયકૃત વીરસ્તુતિ રૂપ હુંડીનું સ્તવ. સંવત્ ૧૮૪૯ વસંત પંચમી બુધવાર. આ વખતે ૨વિજયજિનેંદ્ર સૂરિ બિરાજતા હતા.

૧૮ સિદ્ધાચલ સ્તવન. સં. ૧૮૪૯ ફાગણુ સુદ ૮.

વિજય ધર્મસૂરિ વંશપરંપરા નીચે પ્રમાણે છે–

૨ વિજય જિનેંદ્રસૂરિ–(સ. ૧૮૫૯ ૧૮૭૫ માં ગિરનારપર લેખ કરાવ્યા છે.

૧૯ જયાનંદ કેવલી. રાસ. સં. ૧૮૫૮.

૨૦ જયાનંદ કેવલી ચરિત્ર ગદ્યમાં.

શિષ્ય પરંપરા

તેમના શિષ્ય રૂપવિજય હતા કે જેણે આ રાસ રચ્યો હતો, તે સિવાય શ્રી કુંવરવિજય હતા, કે જેમણે સં. ૧૮૮૨ ના માહા સુદ ૫ ને રવિવારે અધ્યાત્મ સાર પ્રશ્નોતર ગંથ પાલી નગરમાં રચ્યો છે.

રાસકાર પંડિત રૂપ વિજયજીની કૃતીઓ

પં. રૂપ વિજયજીએ આ રાસ શ્રી પદ્મવિજયજી જે વર્ષમાં સ્વર્ગ લોક પામ્યા તેજ વર્ષમાં એટલે સવત ૧૮૬૨ માં અક્ષય તૃતિયાને દિને આનંદ પુરમાં રચ્યો છે. તે પં. પદ્મવિજયજીના પોતાના શિષ્ય હતા, તેથી ગુરૂનું ચરિત્ર લખી ગુરૂ પૂજા કરી છે એટલુંજ નહિં, પણ વિશેષમાં તેમના શિષ્ય તરીકે જે હકીકત પ્રત્યક્ષ સમાગમથી મેળવેલી છે તે નિશ્ચય પૂર્વક વિશ્વસનીયતા આપે છે તેમની કૃતિઓ નીચે પ્રમાણે છે.

૧. સ્નાત્રપૂજા—વિજય જિનેંદ્ર સૂરિના રાજ્યમાં વિવિધ પૂજા સંગ્રહ પૃ. ૪૭૩–

૨ પંચકલ્પાણક પૂજા–સિદ્ધાચલ (પાલીતાણા) સં. ૧૮૮૯ મહા સુદિ પૂર્ણમા ૩૭૪–૪૯૧.

૩ પંચજ્ઞાન પૂજા–૧૮૮૭ નેમીશ્વર કલ્યાણક દિસવસ વિજય-દિનેંદ્ર સૂરિના રાજયમાં પૃ. ૪૯૨. ૫૦૪

૪ વીસસ્થાનકપૂજા–૧૮૮૩ ભાદ્રપદ શુદિ ૧૧ પૃ. ૫૦૫–૫૩૯

૫ પીસ્તાલીશ આગમ પૂજા ૧૮૮૫ આશો સુદ ૩ વિજય દિનેંદ્ર સૂરિરાજ્યમાં પૃ-૫૪૦-૫૮૮

૬ સઝાયો.

૧ આત્મબોધ સઝાય સઝાય માલા (ભીમશી માણેક)

૨ મનસ્થિર કરણ સઝાય. પૃ. ૨૫. (ભીમશી માણેક)

૩ પૃથ્વીચંદ્ર ગુણ સાગરનું ચરિત્ર ગદ્ય છપાએલ છે.

---

૨ આ વખતે રાજનગરમાં ઓશવશના શેઠ હેમાભાઇ હતા. તેના સ્મરણને માટે આ પૂજા રચવામાં આવી છે.

ગુરૂપરંપરા

આચાર્ય શ્રીવિજયસિંહસૂરીશ્વરજી

પંન્યાસજી શ્રીસત્યવિજયજીગણિ.

પંન્યાસજી શ્રીકર્પૂરવિજયજીગણિ.

પંન્યાસજી શ્રીક્ષમાવિજયજીગણિ.

પં૦ જિનવિજયજીગણિ.	પં૦ જશવિજયજીગણિ.
પં૦ ઉત્તમવિજયજીગણિ.	પં૦ શુભવિજયજીગણિ.
પં૦ પદ્મવિજયજીગણિ.	પં૦ વીરવિજયજીગણિ.
પં૦ રૂપવિજયજીગણિ.	પં૦ રંગવિજયજીગણિ.

પં. રૂપવિજયજી ગણી.

પં० અમીવિજયજીગણિ.

પં० સૌભાગ્યવિજયજીગણિ.

પં० રત્નવિજયજીગણિ

પં० ભાવવિજયજીગણિ. પં. મોહનવિ०

પં.ધર્મવિ. મુ.શાન્તિવિ.

આચાર્ય શ્રીવિજયનીતિસૂરિજી પં. દયાવી. મુ. ગંભીરવિ. મુ. ચારિત્રવિ.

મુ. રવિવિ०

પં. દાનવિ. પં. હરખવિ.મુ.મુક્તિવિ.મુ. રાજવિ. મુ. ઉદયવિ મુ. ગુણ.વિ.

મુ. કમલ

મુ. રમણીકવિ. મુ. મનહરવિ.

મુ. તિલક. } કેશરવી.

મુ. હીરવિ. } છત્રવિ०

મુનિ. માનવિજય મુ. કલ્યાણવિ. મુ. મંગલવિ. મુ. સુમતિવિ.

પં. રૂપવિજયજી ગણી.

મુનિ કીર્ત્તિવિજયજી.

મુનિ૰ કસ્તુરવિજયજી.

પં૰ મણિવિજયજીગણિ.

પં ગુલાબવિ. મુ. બુદ્ધિવિ. (બુટેરાયજી) વિજયસિદ્ધિસૂરિ આદિ.

મુનિ મુક્તિવિ. ગ. મુ. નીતિવિ. મુ વૃદ્ધિવિ. વિજયાનંદસૂરિ આદિ

આ. કમલવિ. મુનિ તિલકવિ.

વિજયકમલસૂરિ આદિ

વિજયનેમિસૂરિ વિજયધર્મસૂરિ

શુદ્ધિપત્રક.

અશુદ્ધ	શુદ્ધ	પાનું	લીટી
[illegible]	ચૈત્યવંદન	૯	[illegible]
જાણ્ણી	વાણી	૧૯	૨
જિમ્ણુંદ	જિણંદની	૨૮	૮
આવતી	ભાવથી	૨૮	[illegible]
શલેશી	શૈલેશી	૨૮	૧૬
ભોગોજી	ભોગીજી	૩૦	૧૧
આપક	દાયક	૩૦	૧૨
પાંચિમે	પાંચમી	૩૧	૨
પંચ	પંચમ	૩૧	૨
રૂપયિજ્ય	રૂપવિજય	૩૧	૪
જે	જેણરે	૩૨	૧૫
પ્રભુ	પ્રભુપદ	૩૨	૧૭
વસ્રા	વસ્રા	૪૦	૭
ક્ષમાવિય	ક્ષમાવિજય	૫૪	૪
પદદેશ	પરદેશ	૫૪	૧૫

અશુદ્ધ	શુદ્ધ	પાનું	લીટી
બાર	બાદર	૫૪	૧૬
રુચી	રૂચી	૫૫	૧૧
મહાવ્રત	મહાવત	૫૯	૯
પ્રણામે	પ્રણમે	૬૮	૧૮
[illegible]ને	એહને	૬૯	૮
[illegible]ગેરે	રંગેરે	૭૧	૩
પુરણુ	પૂરણુ	૭૧	૧૨
સલગાયા	સલગાય	૭૧	૧૬
આરાગે	આરોગે	૭૧	૧૮
સામોસયા	સમોસર્યા	૭૫	૧૧
સખ્ખીર	સખ્ખીરે	૮૦	૧૪
ગુણુનિધ	ગુણુનિધિ	૮૧	૯
વિગલિદી	વિગલીંદી	૮૫	૩
[illegible]કર[illegible]	ત્રિકરણ્	૮૬	૧૨
આત[illegible]	આગમ	૮૭	૨
[illegible]	રાણી	૮૮	૫
[illegible]	આંગે	૮૮	૬
[illegible]હેલી	સાહેલી	૮૮	૭

અશુદ્ધ	શુદ્ધ	પાનું	લીટી
ચદન	ચંદન	૮૮	૭
મહી	મહિમા	૯૧	૪
ચોરાશી	ચોવીસી	૯૧	૫
શુભવારને	શુભવીરને	૯૪	૫
કમલશું	કરણશું	૯૫	૯
હેતર	હેતરે	૯૬	૧૭
મુાન	મુનિ	૯૮	૭
લાલ ।	લલિત	૯૮	૨૨
કેવવ	કેવલ	૧૦૩	૧૬
રાહિણી	રોહિણી	૧૦૪	
વિાધ	વિધિ	૧૦૬	૪
ક્રારરે	કારરે	૧૦૮	૮
કુલરે	કુલરે	૧૦૮	૧૭
દીધી	લીધા	૧૧૦	૨
વણુ	વયણ	૧૧૧	૨૧
નગરા	નગરી	૧૧૨	૬
નિાશ્વં	નિશ્ચિંત	૧૧૨	૧૩
તજંન	જંત	૧૧૨	૧૫

અશુદ્ધ	શુદ્ધ	પાનું	લીટી
ભણુતારે	ભણુંતારે	૧૧૭	૧૨
ઓધો	ઓઘો	૧૧૭	૧૪
વેથ્યા	વેશ્યા	૧૧૯	૨૦
અસ્ત્રતી	અસ્ત્રીની	૧૨૦	૧૩
સંજણુ	સંજમ	૧૨૧	૧૦
રામતા	સમતા	૧૨૭	૮
વાર	વીર	૧૨૭	૧૧
રસાયા	રસીયા	૧૨૭	૧૬
અથથી	અર્થથી	૧૨૮	૨૨

અનુક્રમણિકા.

સ્તવન સંગ્રહ.

પં. રૂપવિજયજી કૃત ગહુંલીઓ.

વિષય	પત્ર

સઝાયો.

ઇતિ અનુક્રમણિકા

जगत्पूज्य विशुद्ध चारित्रचूडामणि तपोगच्छालङ्कार भट्टारक श्री १००८

दीक्षा १९४९ अषाढ सुद ११.

जन्म सं. १९३० पोस सुद ११.



गणिपद १९६१ मागशर सुद ५,

पन्यासपद १९६२ कार्तिक वद ११,

आचार्यश्री विजयनीतिसूरीश्वरजी महाराज

आचार्यपद सं. १९७६ मार्गशीर्ष शुक्ल ५.

શ્રી સત્યવિજય જૈન ગ્રન્થમાલા નં. ૮.

અર્હમ.

જગત્પૂજ્યપરમગુરુ શ્રીમદ્વિજયનીતિસૂરીશ્વરસદ્ગુરુભ્યો નમઃ

અનુયોગાચાર્ય પન્યાસજી શ્રી રૂપવિજયજી ગણી

વિરચિત-

જિનગુણ સ્તવનાવલી

તથા

ગહુંલી સંગ્રહ.

નવપદનું ચૈત્યવંદન (૧ લું)

જૈનેન્દ્રમિન્દ્રમહિતં ગતસર્વદોષં,
જ્ઞાનાદ્યનંતગુણરત્નવિશાલકોષમ્;
કર્મક્ષયં શિવમયં પરિનિષ્ઠિતાર્થં,
સિદ્ધં ચ બુદ્ધમવિરૂદ્ધમહં ચ વંદે. ૧

ગચ્છાધિપં ગુણગણં ગણિનં સુસૌમ્યં,
વંદામિ વાચકવરં શ્રુતદાનદક્ષમ્;
ક્ષાન્ત્યાદિધર્મકલિતં મુનિમાલિકાં ચ,
નિર્વાણસાધનપરં નરલોકમધ્યે. ૨

સદ્દર્શનં શિવમયં ચ જિનોક્તસત્યં,
તત્ત્વપ્રકાશકુશલં સુખદં સુબોધમ્;
છિન્નાશ્રવં સમિતિગુપ્તિમયં ચરિત્રં,
કર્માષ્ટકાષ્ટદહનં સુતપ. શ્રયામિ. ૩

પાપૌઘનાશનકરં વરમંગલં ચ,
ત્રૈલોક્યસારમુપકારપરં ગુરૂં ચ;
ભાવાતિશુદ્ધિવરકારણમુત્તમાનાં,
શ્રીમોક્ષસૌખ્યકરણું હરણું ભવાનાં. ૪

ભવ્યાબ્જબોધનરવિં ભવસિંધુનાવં,
ચિંતામણેઃ સુરતરોરધિકં સુભાવં;
તત્ત્વત્રિપાદનવકં નવકારરુપં,
શ્રી સિદ્ધચક્રસુખદં પ્રણુમામિ નિત્યં. ૫

શંખેશ્વર પાર્શ્વજિન ચૈત્યવંદન.

(હરિગીત–છંદ.)

સકલ ભવિજન ચમત્કારી, ભારી મહિમા જેહનો,
નિખિલ આતમ રમા રાજિત, નામ જપીએ તેહનો;
દુષ્ટ કર્માષ્ટક ગર્જારી ભવિક જન મન સુખ કરો,
નિત્ય જાપ જપીએ પાપ ખપીએ, સ્વામીનામ શંખેશ્વરો. ૧

બહુ પુણ્ય રાશિ દેશ કાશી, તથ્થ નયરી વણારસી,
અશ્વસેન રાજા રાણી વામા, રૂપે રતિ તનુ સારિખી;
તસ કુખે સુપન ચૌદ સૂચિત, સ્વર્ગથી પ્રભુ અવતર્યા;
નિત્ય જાપ જપીએ પાપ ખપીએ, સ્વામીનામ શંખેશ્વરા. ૨

પોસ માસે કૃષ્ણ પક્ષે, દશમી દિન પ્રભુ જનમીયા,
સુરકુમરી સુરપતિ ભક્તિ ભાવે, મેરૂ શૃંગે સ્નાપિયા;
પ્રભાતે પૃથ્વીપતિ પ્રમોદે, જન્મ મહોત્સવ અતિ કર્યો,
નિત્ય જાપ જપીએ પાપ ખપીએ, સ્વામીનામ શંખેશ્વરા. ૩

ત્રણ લોક તરૂણી મન પ્રમોદી, તરૂણ વય જબ આવીયા,
તવ માત તાતે પ્રસન્નચિતે, ભામિની પરણાવિયા;
કમઠશઠકૃત અગ્નિકુંડે, નાગ બળતો ઉગર્યો,
નિત્ય જાપ જપિએ પાપ ખપીએ, સ્વામીનામ શંખેશ્વરા. ૪

પોસ વદિ એકાદશી દિને. પ્રવ્રજ્યા જિન આદરે,
સુર અસુર રાજિ ભક્તિ તાજિ, સેવના ઝાઝી કરે;
કાઉસગ્ગ કરતાં દેખી કમઠે, કીધ પરિસહ આકરો,
નિત્ય જાપ જપીએ પાપ ખપીએ, સ્વામીનામ શંખેશ્વરા. ૫

તવ ધ્યાન ધારા રૂઢ જિનપતિ, મેઘ ધારે નવિ ચળ્યો,
તિહાં ચલિત આસન ધરણ આયો, કમઠ પરિસહ અટકયો;
દેવાધિદેવની કરે સેવા, કમઠને કાઢી પરો,
નિત્ય જાપ જપીએ પાપ ખપીએ, સ્વામીનામ શંખેશ્વરા. ૬

ક્રમે પામી કેવળજ્ઞાન કમળા, સંઘ ચઉવિહ સ્થાપીને,
પ્રભુ ગયા મોક્ષે સમેતશિખરે, માસ અણુસણુ પાળીને;
શિવરમણી સંગે રમે રસિયો, ભવિક તસ સેવા કરો,
નિત્ય જાપ જપીએ પાપ ખપીએ, સ્વામીનામ શંખેશ્વરો. ૭

ભૂત પ્રેત પિશાચ વ્યંતર, જલણુ જલોદર ભય ટળે,
રાજ રમણી રમા પામે, ભક્તિ ભાવે જો મળે;
કલ્પતરૂથી અધિક દાતા, જગત ત્રાતા જય કરો,
નિત્ય જાપ જપીએ પાપ ખપીએ, સ્વામીનામ શંખેશ્વરો. ૮

જરા જર્જરી ભૂત યાદવ, સૈન્ય રોગ નિવારતા,
વઢીયાર દેશે નિત્ય વીરાજે, ભવિક જીવને તારતા;
એ પ્રભુ તણાં પદ પદ્મ સેવી, રૂપ કહે પ્રભુતા વરો,
નિત્ય જાપ જપીએ પાપ ખપીએ, સ્વામીનામ શંખેશ્વરો. ૯

૧ શ્રી રુષભદેવ સ્વામીનું ચૈત્યવંદન.

પ્રથમ નમું શ્રી આદિનાથ, શત્રુંજય ગિરિ સોહે;
નાભિરાયા મરૂદેવી નંદ, ત્રિભુવન મન મોહે. ૧
લાખ ચોરાશી વરસ આયુ, સુવર્ણ સમ કાય;
રાણી સુનંદા સુમંગળા, તસ કંત સોહાય. ૨
લંછન વૃષભ વિરાજતો એ, ધનુષ પાંચસો દેહ;
વિનીતા નગરીનો ધણી, રૂપ કહે ગુણગેહ. ૩

૨ શ્રી શાંતિનાથ ચૈત્યવંદન.

શાંતિકરણ શ્રી શાંતિનાથ, ગજપુર ધણી ગાજે;
વિશ્વસેન અચિરાતણો, સુત સબળ દીવાજે. ૧
ચાળીશ ધનુષ કનક વર્ણ, મૃગ લંછન છાજે;
લાખ વરસનું આઉખું, અરિજન મદ ભાજે. ૨
ચક્રવર્તી પ્રભુ પાંચમા એ, સોલસમા જગદીશ;
રૂપવિજય મન તું વસ્યો, પૂરણ સકલ જગીશ. ૩

૩ શ્રી નેમિનાથ ચૈત્યવંદન.

રાજુલ વર શ્રી નેમનાથ, શામળીઓ સારો;
શંખ લંછન દશ ધનુ દેહ, મન મોહનગારો. ૧
સમુદ્રવિજય રાય કુલતિલો,[1] શિવાદેવી સુત પ્યારો;
સહસ્ર વર્ષનુ આંઉખું, પાળી સુખકારો. ૨
ગિરનારે મુક્તિ ગયા એ સોરીપુરે અવતાર;
રૂપવિજય કહે વાલહો, જગજીવન આધાર. ૩

૪ શ્રી ચંદ્રપ્રભ ચૈત્યવંદન.

મહસેન મોટો રાજીઓ, સતી લક્ષ્મણા નારી;
ચંદ્ર સમુજ્વલ વદન કાંતિ, જન્મ્યો જયકારી. ૧

૧ કુળમાં તિલક સમાન.

ચંદ્રપુરી નયરી જેહની, ચંદ્ર લંછન કહીએ;
ચંદ્રપ્રભુ જિન આઠમા, નામે ગહગહીએ. ૨
દોઢસો ધનુષનું જિન તનુ એ, દશ લાખ પૂરવ આય;
રૂપવિજય પ્રભુ નામથી, દિનદિન દોલત થાય. ૩

અરનાથ ચૈત્યવંદન.

નગર ગજપુર પુરંદર પુર, શોભયા અતિ જિત્વંર,
ગજવાજિ રથવર કોટિકલિતં ઇંદિરાભૃત મંદિરં;
નર નાથ બત્રીશ સહસ સેવિત, ચરણ પંકજ સુખકરં,
સુર અસુર વ્યંતર નાથ પૂજિત, નમો શ્રી અર જિનવરં. ૧
અપ્સરા સમ રૂપ અદ્‌ભૂત, કલા યૌવન ગુણ ભરી;
એક લાખ બાણું સહસ્સ ઉપર, સોહિયે અંતેઉરી,
ચોરાશી લક્ષ ગજ વાજી સ્યંદન, કોટિ છન્નૂ ભટવરં.સુર૦૨
સગ પણિંદી સગ એગિંદી; ચઉદ રત્નશું શોભિતં,
નવ નિધાનાધિપતિ નાકી, ભક્તિભાવ ભૃતૈર્નતં,
કોટિ છન્નૂ ગ્રામ નાયક, સકલ શત્રુ વિજિત્વરં; સુર૦૩
સહસ અષ્ટોત્તર સુલંછન, લક્ષિતં કનકછવિં,
ચિન્હ નંદાવર્ત શોભિત, સ્વપ્રભા નિર્જિત રવિં;
ચક્રિ સપ્તમ ભુક્ત ભોગી, અષ્ટાદશમો જિનવરં. સુર૦૪
લોકાંતિકામરબોધિતો જિન, ત્યક્ત રાજ્ય રમાભરં,
મૃગશિર એકાદશી શુકલ પક્ષે, ગ્રહિત સંયમ સુખકરં;

અરનાથ પ્રભુપદ પદ્મ સેવન, શુદ્ધ રૂપ સુખાકરં,
સુર અસુર વ્યંતરનાથ પૂજિત, નમો શ્રી અર જિનવરં. ૫

ઇતિ ચૈત્યવંદનં.

શ્રી અરનાથજી થોય.

શ્રી અરનાથ જિનેશ્વરૂ, ચક્રી સપ્તમ સોહે.
કનકવરણ છબિ જેહની, ત્રિભુવન મન મોહે,
ભોગ કરમનો ક્ષય કરી, જિન દિક્ષા લીધી;
મનપર્યવ નાણી થયા, કરી યોગની સિદ્ધી. ૧

માગશિર શુદિ એકાદશી, અર દિક્ષા લીધી,
મલ્લિ જનમ વ્રત કેવલી, નમી કેવલ ઋદ્ધી;
દશ ખેત્રે ત્રણ કાલના, પંચ પંચ કલ્યાણ,
તિણે એ તિથિ આરાધતાં, લહીએ શિવપુર ઠાણ. ૨

અંગ અગ્યાર આરાધવા, વલિ બાર ઉપાંગ,
મૂલ સૂત્ર ચારે ભલાં, ષટ છેદસુચંગ;
દશ પયન્ના દીપતા, નંદી અનુયોગ દ્વાર,

આગમ એહ આરાધતાં, લહો ભવજલ પાર. ૩
જિનપદ સેવા નિત્ય કરે, સમકિત શુંચિકારી,
જક્ષેશ જક્ષ સોહામણો, દેવી ધારણી સારી;

પ્રભુપદ પદ્મની સેવના, કરે જે નરનારી,
ચિદાનંદ નિજ રૂપને, લહે તે નિરધારી. ૪

ઇતિ.

શ્રી મલ્લીનાથજી થોય.

મિથુલાપુરી જાણી, સ્વર્ગ નગરી સમાણી.
કુંભનૃપ ગુણખાણી, તેજથી વજ્ર પાણી,
પ્રભાવતી રાણી, દેવનારી સમાણી;
તસ કુખ્ખ વખાણી, જન્મ્યા જિહાં મલ્લિ નાણી. ૧
દિશિકુમરી આવે, જન્મકરણી ઠરાવે,
જિનના ગુણ ગાવે, ભાવના ચિત્ત ભાવે,
જન્મોત્સવ દાવે, ઇંદ્ર સુર શૈલ ઠાવે,
હરિ જિનગૃહ આવે, લેઇ પ્રભુ મેરૂ જાવે. ૨
અચ્યુત સુર રાજા, સ્નાત્ર કરે ભક્તિ ભાજા,
નિજ નિજ સ્થિતિ ભ્રાજા, પૂજે જિન ભક્તિ તાજા;
નિજ ચઢતા દિવાજા, સૂત્ર મર્યાદા ભાજા,
સમકિત કરી સાજા. ભોગવે સુખ માજા. ૩
સુરવધુ મલી રંગે, ગાય ગુણ બહુ ઉમંગે,
જિન લઇ ઉચ્છરંગે, ગોદે થાપે ઉમંગે;
જિનપતિને સંગે, ભક્તિ રંગ પ્રસંગે,
સંઘ ભક્તિ તરંગે, પામે લચ્છી અભંગે. ૪

ઇતિ સ્તુતિ.

ચૈત્યવંદનનો વિધિ.

ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ચૈત્યવંદન કરૂં ? ઇચ્છં,

(અહીં ચૈત્યવંદન કહેવું.)

॥ **जंकिंचि०** ॥

જંકિંચિ નામતિથ્થં સગ્ગે પાયાલિ માણુસે લોએ જાઇં જીણ બિંબાઇં તાઈં સવ્વાઇં વંદામિ ॥૧॥

॥ **नमुत्थुणं** ॥

નમુથ્થુણં અરિહંતાણં, ભગવંતાણં આઇગરાણં, તિથ્થયરાણં સયંસંબુદ્ધાણં ॥ ૧ ॥ પુરિસુત્તમાણં પુરિસસીહાણં પુરિસવર પુંડરીઆણં પુરિસવર ગંધ હથ્થીણં ॥૨॥ લોગુત્તમાણં, લોગનાહાણં લોગહિઆણં લોગપઇવાણં લોગપજ્જોઅગરાણં ॥૩॥ અભયદયાણં ચખ્ખુદયાણં મગ્ગદયાણં સરણદયાણં બોહિદયાણં ॥ ૪ ॥ ધમ્મદયાણં ધમ્મદેસિયાણં ધમ્મનાયગાણં, ધમ્મસારહીણં ધમ્મરવર ચાઉરંત ચક્કવટ્ટીણં ॥૫॥ અપ્પડિહય વરનાણ, દંસણ ધરાણં વિયટ્ટછઉમાણં ॥ ૬ ॥ જીણાણં જાવયાણં તિન્નાણં તારયાણં બુદ્ધાણં બોહયાણં મુત્તાણં મોઅગાણં ॥૭॥ સવ્વન્નૂણં, સવ્વદરિસિણં સીવ મયલ મરૂઅ મણંત મખ્ખય મવ્વાબાહ મપુણરાવિત્તિ ॥૮॥ સિદ્ધિગઈ નામધેયં ઠાણં સંપત્તાણં નમો જીણાણં જીઅભયાણં

॥૯॥ જેઅ અઈઆ સિદ્ધા જેઅ ભવિસ્સંતિણાગએ કાલે સંપઇઅ વટ્ટમાણા સવ્વે તિવિહેણ વંદામિ ॥ ૧૦ ॥

॥ जावंति चेइयाइं० ॥

જાવંતિચેઈઆઈં ઉઢ્ઢેઅ અહેઅ તિરિઅ લોએઅ, સવ્વાઇં તાઇં વંદે ઈહસંતો તત્થ સંતાઈ ॥ ૧ ॥

॥ जावंति केविसाहु० ॥

જાવંતકેવિ સાહુ ભરહેરવય મહાવિદેહે અ સવ્વેસિં તેસિં પણઓ તિવિહેણ તિદંડ વિરયાણં ॥ ૧ ॥

॥ નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વ સાધુભ્યઃ ॥

અહીં કોઇપણ સ્તવન કહેવું.

અથવા ઉવસગ્ગહર કહેવું.

॥ उवसग्गहरं ॥

ઉવસગ્ગહરં પાસં પાસં વંદામિ કમ્મઘણ મુક્કં વિસહર વિસ નિન્નાસં મંગલ કલ્લાણ આવાસં ॥ ૧ ॥
વિસહર ફુલિંગ મંતં કંઠે ધારેઈ જો સયામણુઓ તસ્સ-ગ્ગહ રોગ મારી દુઠ્ઠજરા જંતિ ઉવસામં ॥ ૨ ॥

ચિઠ્ઠઉ દૂરે મંતો તુજ્જ પણામોવિ બહુ ફલો હોઇ નરતિરિએસુ વિ જીવા પાવંતિ ન દુઃખ દોગચ્ચં ॥ ૩ ॥
તુહસમ્મ-તે લદ્ધે ચિંતામણિ કપ્પપાય વબ્ભહિએ પાવંતિ

અવિગ્ઘેણં જીવા અયરામરંઠાણં ॥ ૪ ॥ ઇઅ સંથુઓ મહાયસ ભત્તિબ્ભર નિબ્ભરેણ હિઅએણ તા દેવ દિજ્જ બોહિં ભવે ભવે પાસ જિણચંદ ॥ ૫ ॥

॥ जयवीयराय० ॥

જયવીયરાય જગગુરૂ હોઉમમં તુહ પભાવઓ ભયવં ભવનિવ્વેઓ મગ્ગાણુસારિઆ ઈટ્ઠ ફલસિદ્ધિ ॥ ૧ ॥ લોગ વિરૂદ્ધચ્ચાઓ ગુરૂજણ પૂઆ પરથ્થ કરણંચ સુહગુરૂ જોગો તવ્વયણ સેવણા આભવમખંડા ॥ ૨ ॥ વારિજ્જઈ જઈવિ નિઆણ બંધણં વીઅરાય તુહ સમયે તહવિ મમ હુજ્જ સેવા ભવે ભવે તુમ્હ ચલણાણં ॥ ૩ ॥ દુખ્ખખ્ખઓ કમ્મખ્ખઓ સમાહિ મરણંચ બોહિલાભો અ સંપજ્જઉ મહ એઅં તુહનાહ પણામ કરણેણં ॥ ૪ ॥ સર્વ મંગલ માંગલ્યં સર્વ કલ્યાણ કારણં પ્રધાનં સર્વ ધર્માણાં જૈનં જયતિ શાસનં ॥ ૫ ॥

॥ अरिहंत चेइयाइं ॥

અરિહંત ચેઈઆણં કરેમિ કાઉસ્સગ્ગં વંદણવત્તિઆએ પુઅણવત્તિઆએ સક્કારવત્તિઆએ સમ્માણવત્તિઆએ બોહિલાભ વત્તિઆએ નિરૂવસગ્ગ વત્તિઆએ સદ્ધાએ, મેહાએ, ધીઈએ ધારણાએ અણુપ્પેહાએ વઢ્ઢમાણીએ ઠામિ કાઉસ્સગ્ગં

" अन्नत्थ "

અન્નત્થઉસસિએણં, નીસસિએણં ખાસિએણં છી-એણં જંભાઇએણં ઉડ્ડુએણં વાયનિસગ્ગેણં ભમલિએ પિત્તમુચ્છાએ સુહુમેહિં અંગસંચાલેહિં સુહુમેહિં ખેલસંચાલેહિં સુહુમેહિં દિઠ્ઠિસંચાલેહિં એવમાઇએહિં આગારેહિં અભગ્ગો અવિરાહિઓ હુજ્જ મે કાઉ-સ્સગ્ગં જાવ અરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં ન પારેમિ તાવ કાયં ઠાણેણં મોણેણં ઝાણેણં અપ્પાણં વોસિરામ

એક નવકારનો કાઉસગ્ગ કરીઅહીં થોય કહેવી.

॥ अथ स्तवन संग्रह ॥

ઋષભદેવ સ્તવન. ૧

ઋષભ જિનેશ્વર સ્વામીરે અરજી માહરી.
અવધારો કાંઈ ત્રણ ભુવનના દેવ જો,
કરૂણાનંદ અખંડરે જ્યોતિ સ્વરૂપ છો;
શિવ સુખ લેવા મેં આદરી તુમ સેવજો. રૂષભ૦ ૧
લાખ ચોરાશી જોનિરે વારંવાર હુ ભમ્યો.
ચોવીસે દંડકે ઉભગ્યું માહરૂં મન જો,

નિગોદાદિક ફરસીને થાવર હું થયો;
ઈગ બિતિ ચઉ માહે વલી ઉત્પન્ન જો. રૂષભ૦ ૨

નરક તિર્યંચ સુરનર ભવમેં બહુ કર્યા,
ફરસી ફરસી ચઉદરાજ મહારાજ જો;
દશ દૃષ્ટાંતે દોહિલો મનુષ્ય ભવ પામીયો,
તારો સેવકને તરણ તારણ જહાજ જો. રૂષભ૦ ૩

મહા ગોપ મહા માહણ ઉપમા શોભતી,
નામ ધરાવ્યું નિર્યામક જિનરાજ જો;
ભવોદધિ પારતો શીઘ્ર પ્રભુજી ઉતારશો.
કરૂણા નજરથી ઝાલી સેવકનો હાથ જો. રૂષભ૦ ૪

જગતના બાંધવરે જગસત્થવાહ છો,
જગતગુરૂ જગ રખ્ખણવળી તુમ દેવ જો;
અજરામર અવિનાશી નિરંજન નાથજી.
સુરનર કરતા તુજ પદ પંકજ સેવજો. રૂષભ૦ ૫.

મરૂદેવીના નંદરે વંદના માહરી,
હૃદયે ધરજો વિનંતિ મારી આજ જો
ચોદરાજથી ઉદ્ધરી કૃપાલુ તાર એ,
દીજીએ વંછિત સેવકને મહારાજ જો. રૂષભ૦ ૬

વંદના મારી જાણી પરમ સુખ દીજીયે,
કીજીએ કાંઈ જન્મમરણ દુઃખ દૂર જો;

પદ્મવિજય પસાયથી જિનજી ભેટીઆ,
કવિ રૂપવંદે નિત્ય ઉગમતે સૂર જો. રૂષભ૦ ૭

શ્રી રાણકપુર ઋષભજિન સ્તવન ૨ જું.

(ગેવરસાર રીપાલ ઉભી દોદો નાંગરી, મ્હારા લાલ. એ દેશી.

નાભિ નરિંદ મલ્હાર રાણકપુર રાજિયા મ્હારા રાજ;
સિદ્ધાસને સિંહાસને આપ વિરાજિયા મ્હારા રાજ,
સમકિત દૃષ્ટિ લોક થોક સેવા કરે મ્હારા૦
તેહની વિભાવ ઉપાધિ સકલ દૂરે હરે. મ્હારા૦ ૧

તુજ પદ પંકજ સેવ દેવ કોડી કરે. મ્હા૦
કર કજ જોડી તુજ આણા શિરપર ધરે મ્હા૦
અમલ કમલ દલ નયન વદન પૂનમ શશી, મ્હા૦
અધર અરૂણ પરવાલ દેખી મુખ ધુંહસી. મ્હા૦ ૨

અષ્ટમ શશિ સમ ભાલ વિશાલ સોહામણો, મ્હા૦
કમલ કસ્તુરી સુવાસ સાસ સુરભિ ઘણો, મ્હા૦
મનગત સંશય અનુત્તર સુરના પરિહરે, મ્હા૦
ત્રણ ભુવન ઠકુરાઇ છત્રત્રયી ધરે. મ્હા૦ ૩

સરસ અશોકથી શોક સયલ ભવીના હરે; મ્હા૦
ચામર છત્ર સિંહાસનની સોહા ધરે, મ્હા૦
પંચ વરણના જલ થલ કુસુમની વાસના, મ્હા૦
દેવ દુંદુભીને નાદથી પૂરે આસના. મ્હા૦ ૪

શંકર શંભૂ સ્વયંભૂ સનાતન જગ ધણી, મ્હારા૦
જગલોચન વૈરોચન અઘમોચન ગુણી. મ્હા૦
પરમેસર પરમાતમ ધ્યાનમેં જે ધરે, મ્હા૦
તેહ મહોદય કમલા વિમલા નિત વરે. મ્હા૦ ૫

નલિની ગુલ્મ વિમાન સમાન દેઉલ કર્યો, મ્હા૦
ધન ધન્નો પોરવાડ સુજશ જગ વિસ્તર્યો, મ્હા૦
૫ ૭ ૮ ૧
બાણુરિષી ગજચંદ સંવચ્છરે મન ધરી, મ્હા૦
ફાગુણ વદી એકાદશી વાર શની ખરી. મ્હા૦ ૬

શ્રીજિનવર દીદાર ઉત્તમમેં નિરખીયા, મ્હા૦
આત્મ અભેદતા ભાવે ભાવેં પરખીયા. મ્હા૦
પ્રભુજીના પદપદ્મની સેવના જે કરે, મ્હા૦
તે લહે નિજ રુપવિજય પદને વરે, મ્હા૦ ૭

ધુલેવા ઋષભજિન સ્તવન ૩ જું

(હો વીસલડી વરણુ થઈ લાગી રે વૃજની નારીને. એ દેશી.)
જિનવર યાત્રા જુગતિ કરીએ, ચિર સંચિત પાતકડા હરીએ
સંસાર સમુદ્ર સેહેજે તરીએ રે. ૧

હો જીનવરજી તુમ લોચનને લટકે મન મોહ્યું, માહરુ
હો જીનવરજી ભવોભવ સંચિત પાતિક સઘલું ખોયું.
એ આંકણી....

મારી ભાવટ ભવની સવિ ભાગી, મારી પુન્ય દશા પૂરણ જાગી;
પ્રભુ જાત્રા કરવા રઢ લાગીરે, હો જિનવર૦ ૨
મ્હારા તન મનના સવિ રોગ ટલ્યા, મારા મનના મનોરથ
સરવ ફલ્યા; ધૂલેવા ધણી પ્રભુ ઋષભ મલ્યારે. હો જિ. ૩
હુંતો રયણ ચિંતામણિ કર પાયો, મ્હારા ઘરમાં કામ કુંભ
આયો; મ્હારે આંગણે કલ્પતરૂ છાયો રે. હો જિન. ૪
મસાલીયા રાધનપુર વાસી, જીવણ જૂઠા સુત ગુણ રાસી;
જાત્રા કરવા જુગતે સ્વામી. હો જિન. ૫
મંછાચંદ સોમચંદભાઇ, લઘુ બાંધવ ચાર લેઈ આઈ;
સંઘ મેલવી બહુ સોભા પાઇરે. હો જિન. ૫
ફાગુણ વદી તેરસ શનિવારે, જાત્રા કરી ભાવ થકી પ્યારે.
જે આવે ભવોદધિને આરેરે. હો જિન. ૭
સાહમી વચ્છલનો નહિ પાર, સંઘપતિ મન હરખ્યો નિરધાર;
જસ સોભા લહે ઘણી મનોહારરે. હો જિન૦ ૭
જિનવર ઉત્તમ પદ પદ્મતણી, કરી જાત્રા દશ દોય જુગતિ ઘણી;
ગુણ્યા રૂપવિજયે ધૂલેવ ધણીરે. હો જિન૦ ૯

તારંગાજીનું સ્તવન ૪ થું.

(ધુસો બાજેરે મહારાજા માનસિંહ કો—એ ચાલ.)

મનભજરે શ્રીજિન ભાવધરી. મ૦ વિજયાનંદન જગ સુખદાઈ;
નમીએ નિત એક ચિત્ત કરી, મ૦ ॥ ૧ ॥

કાલ અનાદિ કુવાસના છારી, સિર ધરીએ જિન આણ:
ખરી. મ૦ ૧

નમણ વિલેપણ કુસુમ સેં પૂજી, શ્રદ્ધા ધરીએ ચિત્ત ખરી; મ૦
ધૂપ દીપ અક્ષત ધરી આગે, ધરીએ નૈવેદ્ય થાલ ભરી.મ. ૨

શિવફલ કારણ ફલ પૂજીજે, વરીયે શિવવધૂ કર પકરી. મ.
તારણ ગિરિ સિરસેહર સુંદર, મંદિર દેખત આંખ ઠરી. મ. ૩

કુમાર પાલ ભુપાલ કરાયો, મંદિર દે સુંદર ભાવ ધરી, મ.
અજિતનાથ પ્રભૂ તખત વિરાજે, દેખત જાઈ પાપ ઝરી. મ. ૪

દેવ સુરાસુર ભૂચર ખેચર, માગે શિવસુખ પદ પકરી, મ.
નાટક ગીત ભાવના ભાવે. ધ્યાવે શ્રી જિન ચિત્ત ધરી.મ. ૫

વિનિતાપતિ જિતશત્રુ નંદન, વિજયાસુત શિવનાર વરી,મ.
કનકવરણ ગજ લંછન સામી, સેવતાં દુરગતિ દૂર ટળી. મ. ૬

પ્રભુ પદ પદ્મ સદ્મ સુખ આપે કાપે દુર્ગતિ વેલ ખરી; મ.
રૂપવિજય પ્રભુ ધ્યાન ધરત નિત, મંગલ કમલાકોડી વરી.મ. ૭

૫ શ્રી અજિત જિન સ્તવન.

અજિત જિણંદ જુહારીએ સાહિબા, વિજ્યા રાણીના નંદ
જિણંદ મોરાહે;
સુર નર કિંનર તુમ તણા, સાહિબા, સેવે પદ અરવિંદ.
જિણં૦ ૧

જિત શત્રુ નૃપ લાડલો, સાહિબા, જિત શત્રુ ભગવાન; જિ૦
જીત શત્રુ મુજ કીજીયે, સાહિબા, દીજીયે વંછિત દાન.
જિણું૦ ૨

અંતરાય પંચક ટલ્યો, તિમ હાસ્ય છક્ક અંજ્ઞાન, જિ૦
અવિરત કામ નિદ્રા તજી, તિમ રાગ દ્વેષ હતવાન. જિ૦ ૩
મિથ્યાત્વ દોષ અઢારએ, સાહિબા, તજી કર્યો નિજગુણ
સંગ. જિ૦
કેવલજ્ઞાને રાજતા સાહિબા, સાદિ અનંત અભંગ. જિ૦ ૪
તું શંકર પરમેશ્વરૂ, સાહિબા. તું નિજ સંપદ ભૂપ, જિ૦
તુજ પદ પદ્મની ચાકરી સાહિબા, ચાહે ચિત્ત નિત રુપ
જિણું૦ ૫

---

૬ શ્રી સુમતિ જિન સ્તવન.

સુમતિ દાયક પ્રભુ સુમતિજિન, નમો ભવી પાંચમારે,
અંતર દૃષ્ટી લગાવી વધતે ભાવ;
મજીઠ રંગ લાગો રે સુમતિ જિણુંદસ્યુંરે,
મુંખડું દીઠે હીસે અંતર આતમારે;
તેહિજ શિવ સુખ દાયક પરમ સુભાવ. મ૦ ૧
મંગલા માતા જગ ત્રાતા જિનરાજની રે,
મેઘ મહીપતિ નંદન ચંદન વાણી;

લંછન ક્રૌંચ વિહંગમ મહિમા સાગરૂ રે,
ચોત્રીસ અતિશય શોભિત જિનજી જાણી. મ૦ ૨

સુદ્ધ સ્વરૂપી રુપી ભાવમાંજી,
ન રમે ભરમેં ભૂલ્યા જિહાં લોક; મ૦
અજર અમર અવિનાશી ચિનમયીજી,
નહિ રતિ અરતિ દુગંછા શોક. મ૦ ૩

વદન સરોજ સુહંકર પેખતાંજી,
રીઝયો રે અમ મન મધુકર ખાસ; મ૦
છંડી રે કુમતિ કુવાસના વેગલીજી,
કીજે રે તુજ પદ સેવ ઉલ્લાસ. મ૦ ૪

નામે રે નવનિધિ પામે તાહરે,
પૂજ્યાંરે પૂજ્યપણું લહે આપ; મ૦
ધ્યાયાંરે ધ્યેયપણું ધ્યાતા લહેરે,
ગાયાંરે ગેયપણાની છાપ. મ૦ ૫

આજ સોનાનો સૂરજ ઊગીયોરે,
અંતરજામી સ્વામી મલીયો આજ; મ૦
પામીરે તુજ પદ પદ્મની ચાકરીરે,
સીધ્યાં રે રૂપ કહે મુજ કાજ. મ૦ ૬

૭ માતર મંડન શ્રી સુમતિ જિન સ્તવન.

ભુજ બલ પરખ્યો ભાઇએરે લાલન લટકાલાં—એ દેશી.

મેઘરાય કુલ દિનમણીરે, મોહન મન વસિયા;
રુડી મંગલા માતા મલ્હારે રે, લાલન ગુણ રસિયા.
ત્રણસેં ધનુષની દેહડીરે મોહન મન૦
કનક વરણ મનોહારરે. લાલન ગુણ૦ ૧

વદન શરદ શશિ સોહતુંરે, મોહન મન૦
સોહે અરધ ચંદ સમ ભાલરે; લાલન ગુણ૦
નીલ કમલ દલ લોયણાંરે, મોહન મન૦
એતો અધર અરૂણ પરવાલરે. લાલન ગુણ૦ ૨

કરૂણા નયન કટાક્ષથીરે, મોહન મન૦
તું તો લલચાવે લખ લોકરે; લાલન ગુણ૦
સરસ સુધારસ સમ બોલથીરે, મોહન મન૦
ભલી ભગતિ જુગતિ લયલીનરે; લાલન ગુણ૦ ૩

મનવંછિત ફલ પામતારે, મોહન મન૦
તેતો પામે મહોદય પીનરે. લાલન ગુણ૦
માતરમંડન મનહરૂરે, મોહન મન૦
તું તો સાચો સુમતિ જિણંદરે લાલન ગુણ૦ ૪

વંછિત પૂરણ સુર તરૂરે, મોહન મન૦
ભલી સેવા કરે સુર ઇંદરે. લાલન ગુણ૦

આજ મહોદય મેં લહ્યોરે, મોહન મન૦
મારાં પાપ ગયાં પાયાલરે; લાલન ગુણ૦ ૫
તું સાહિબ મુજ સિર છતેરે, મોહન મન૦
મ્હારે નિત નિત મંગલ માલરે. લાલન ગુણ૦
સંવત અઢાર એકાણુનારે, મોહન મન૦
સુદિ ચઉદશીને માઘ માસરે; લાલન ગુણ૦ ૬
રવચંદ શાહે રંગથીરે, મોહન મન૦
કરી જાત્રા અધિક ઉલ્લાસરે; લાલન ગુણ૦
જિન ઉત્તમ પદ પદ્મનીરે, મોહન મન૦
કરી પૂજના અધિક ઉમંગરે; લાલન ગુણ૦ ૭
રુપ વિજય કહે પામીએરે, મોહન મન૦
નિત સુજશ મહોદય ચંગરે. લાલન ગુણ૦ ૮

૮ શ્રી સુમતિ જિન સ્તવન.

(સાહિબા પાંચિમ મંગલવાર પ્રભાતે ચાલવુંરે લો. એ દેશી.

સાહિબા સુમતિ જિણંદ મુણિંદ નમો ભવી ભાવસ્યુ રે લો.
સાહિબા ચિદાનંદ ગુણ વૃંદ પ્રભુ દિલ લાવસ્યુ રે લો,
સાહિબા વચન અગોચર કુણ કહી શકે રે લો;
સાહિબા હૃદય પૂત અવધૂત કેવલજ્ઞાની કથે રે લો.
સાંહિબા૦૧

સાહિબા દલિત કર્મભર લલિત વચને ભવી બોધતારે લો.
સાહિબા અનવતાર સુખકાર મિથ્યામલ શોધતાર લો;
સાહિબા વૃક્ષ અશોકથી શોક સકલ જનનો હરે રે લો,
સાહિબા જાનુ પ્રમાણુ ગિર્વાણુ કુસુમવૃષ્ટિ કરે રે .લો. ૨
સાહિબા દિવ્ય ધ્વનિ સુણી લોક સકલ મન ગહગહેરે લો,
સાહિબા ચંદ્રકિરણુ પરે ચામર મુખકજ અનુસરે રે લો;
સાહિબા અનેકાંત સિદ્ધાન્ત પ્રભુ ત્રિપદી પદે રે લો.
સાહિબા સિંહાસન કરી આસન ગણધરને વદે રે લો. ૩
સાહિબા ભામંડલ રવિમંડલ પરે દીપે સદા રે લો.
સાહિબા ધન્ય દિવસ ગણું તેહ પ્રભૂ વંદુ યદારે લો;
સાહિબા દુંદુભિ ગગને ગાજે ગુહરે નાદથી રે લો,
સાહિબા જગતારક જિનરાજ કહે માનું સાદથી રે લો. ૪
સાહિબા છત્રત્રયી તવ ત્રણુ ભુવન પ્રભુતા કહે રે લો,
સાહિબા પ્રાતિહાર્ય સામ્રાજ્ય દેખી અચરિજ લહે રે લો;
સાહિબા જિનપદ નામ પ્રભાવ પ્રગટ ઇમ અનુભવી રે લો,
સાહિબા સિદ્ધિ વર્યાં ભગવંત સકલ પયડી ખવીરે લો. ૫
સાહિબા સિદ્ધ બુદ્ધ નિકલંક નિરૂજ ચિન્મયી સદા રે લો.
સાહિબા વિગત કર્મ નિજ ધર્મ ભોગી વરતે સદા રે લો;
સાહિબા સુમતિ જિણુંદ પદ પદ્મ સેવા જે નીત કરે રે લો,
સાહિબા તજી સંસાર ઉપાધિ રુપ નિજ તે વરે રે લો. ૬

૯ શ્રી પદ્મપ્રભુ જિનસ્તવન.

(સુણુ ગોવાલણી ગોરસડા વાલીરે ઉભી રહેને. એ દેશી.)

હો અવિનાશી શિવવાસી સુવિલાસી સુસિમા નંદના;
છો ગુણરાશી તત્વ પ્રકાશી ખાસી માનો વંદના. એ ટેક.

તુમે ઘર નરપતીને કુલે આયા, તુમે સુસીમા રાણીના જાયા;
છપ્પન દિશ કુમારી હુલરાયા. હો૦ ૧
સોહમ સુરપતિ પ્રભુ ઘર આવે, કરી પંચરૂપ સુરગિરી લાવે;
તિહાં ચોસઠ હરી ભેલા થાવે. હો૦ ૨
કોડિ સાઠ લાખ ઉપર ભારી, જલ ભરીયા કલસા મનોહરી;
સુર નવરાવે સમકીત ધારી. હો૦ ૩
થય થુઈ મંગલ કરી ઘર લાવે, પ્રભુને જનની પાસે ઠાવે;
કોડી બત્રીસ સોવન વરસાવે. હો૦ ૪

પ્રભુ દેહડી દીપે લાલ મણી, ગુણ ગાવે શ્રેણી ઇંદ્ર તણી;
પ્રભુ ચિરંજીવો ત્રિભુવન ધણી. હો૦ ૫

અઢીસેં ધનુષ ઉંચી કાયા, લહી ભોગવી રાજ્ય રમા જાયા;
પછી સંયમ ગ્રહી કેવલ પાયો. હો૦ ૬

તીરથ વરતાવી જગમાંહે, જન નીસ્તાર્યા પકરી બાંહે;
જે રમણ કરે નિજ ગુણ માંહે. હો૦ ૭

અમ વેલા માન કરી સ્વામી, કિમ બેઠા છો અંતરજામી;
જગ તારક બિરૂદે લગે ખામી. હો૦ ૮

નિજ પાદ પદ્મ સેવા દીજે, નિજ સમવડ સેવકને કીજે;
કહે રૂપ વિજય મુજરો લીજે. હો૦ ૯

૧૦ શ્રી શાન્તિ જિન સ્તવન.

શાંતિ સુધારસથી ભર્યો. અરિહંતાજી,
શાંતિ જિણંદ દયાલ ભગવંતાજી;
શાંતિ વિભાવની પરીહરી અ૦, વિમલતા પામ્યો વિશાલ
ભગ૦ ૧
અનંત જ્ઞાન દરિસન વલી, અ૦સુખ પણ અનંત કહાય.ભ૦
નિર્મલ ખાયક સમકિતી.અ૦ અક્ષય સ્થિતિએ સુહાય.ભ૦૨
અરૂપી ભાવ પુદ્ગલ ક્ષયે અ૦ અગુરૂ લઘુ અવગાહ ભ૦
વીર્ય સ્વરૂપનું પરગટ્યું અ૦ ક્ષય થઈ પુદ્ગલ ચાર. ભ૦૩
સિદ્ધ શુદ્ધ પરમાતમા અ૦ અકલ અચલ અણહાર ભ૦
જ્ઞાન પર્યાયે જ્ઞેયના અ૦ જાણે સર્વ પ્રકાર ભ૦ ૪
નિજ ગુણ થિરતા ચરણતા અ૦ નિશ્ચયથી જિહાં હોય ભ૦
સિદ્ધ સિદ્ધિએ સિદ્ધતા અ૦ પામ્યા નિશ્ચય જોય ભ૦ ૫
નિજગુણ ભોક્તા છો સદા અ૦ પુદ્ગલ સંગાતીત ભ૦
નિજ ગુણ અવલંબન દેઇ અ૦ કરો ભવભયથી વ્યતીતભ૦ ૬
અચિરાનંદન વિનતિ અ૦ અવધારો જિન દેવ ભ૦
આપો નિજ પદ પદ્મની અ૦ રૂપવિજયને સેવ ભ૦ ૭

૧૧ શ્રી શાન્તિનાથ જિન સ્તવન.

સિદ્ધ બુદ્ધ પરમાતમારે, પરમ નિરંજન દેવ લલના,
સુખકર સાહિબ સોલમોહો ચાકિ કરે સુર નર સેવ. ૧
અવિનાશી નિરંજન ગાઇએ હો, અહો મેરે પ્યારે પાઇ
જે ચિદ્દઘન બોધ અવિનાશી૦

શંભૂ સ્વયંભૂ સનાતન શંકર અભયંકર જગદીશ લલના;
જગલોચન ભવભય હરૂ હો, તુંહી પરમેશ્વર ઇશ. અવિ૦
ભવચારક વારક જગ તારક, નિરજામક સત્થવાહ લલના;
જ્ઞાન ધ્યાન દાતા ધણી હો, તુંહી શિવ સુંદરી નાહ. અ૦૩
અચલ અસંગ અનંત અરૂપી, અવિનાશી અણુહાર લલના;
પરમ મહોદય પદ ધણી હો, સેવિલહો ભવિ ભવ પાર
અવિ૦ ૪

પાપ નિકંદન અચિરા નંદન સકલદેવ નત પાય લલના;
તસ પદ પદ્મ ધ્યાને લહે હો, ધ્યાતા નિજ રૂપ અમાય.
અવિ૦ ૫

૧૨ શ્રી શાન્તિ જિન સ્તવન.

પ્રભુ શાન્તિ જિણંદ ભલે ભેટયારે, અનુભવ રંગ બન્યો
મેંતો પાપ પડલ સવિ મેટયારે, જિન સું રંગ લાગ્યો;

કેવલ કમલાવંત નગીનો, કનક વરણ તનુ દીપેરે જિન૦
એક સહસ અડ લક્ષણે લક્ષિત, તેજથી તરણી જીપેરે.
અનુભવ. ૧

મૂલ અતિશય ચાર સોહાવે, કર્મ ખપ્યાથી અગ્યારરે. જિ૦
દેવ કર્યા ઓગણીસ વિરાજે, અતિશય ચોત્રીસ ધારરે.
અનુભવ. ૨

દોષ અઢાર રહીત પ્રભુ દરસન, કરતા દરસન પામેરે. જિ૦
ભૂલ અનાદીની દૂર નિવારી, જ્ઞાન સુધારસ જામેરે. અનુ૦ ૩

અકલ અસંગ અનંત અરુપી, અવિનાશી પદ ભોગીરે; જિ૦
વિશ્વસેન અચિરાજીકો નંદન, પરમ નિરંજન જોગીરે;
અનુભવ. ૪

વરણ ન ગંધ ન રસ નહિ ફરસન, નહિ તન ધન મન
સંગેરે; જિ૦
અશન વસન નહિ હસનને સોગ, નહિ જડ ભાવસું રંગેરે;
અનુભવ. ૫

આપ સરુપની અનુપમ લીલા, ભોગવે શિવપુર ગામરે; જિ૦
ચંદ્ર લંછન લંછન પ્રભુ ચરણે, પણ નીર લંછન સ્વામીરે.
અનુભવ. ૬

પ્રભુગુણ પદ્મ અમંદદશ ભમરી, જોઈ જોઈ આણંદ પામેરે; જિ૦
રૂપવિજય કહે ધન નરનારી, જે જિન દરસણ કામેરે. અનુ૦ ૭

૧૩ શ્રી નેમિ જિન સ્તવન.

(હારે મ્હારે ઠામ ધરમના સાડા પચવીશ દેશ જો—એ દેશી.)

હારે મ્હારે નડુલાઇમેં નિરૂપમ નેમિ જિણંદજો,
જનતારે જગ ભાષે જિનવર યાદવોરે; લોલ
હા૦ સુંદર મૂરત શ્યામ વરણ સુખકારજો,
ભગતે ને જુગતેરે ગુણ તેહના સ્તવોરે. લોલ ૧
હા૦ સોરીપુરમાં સમુદ્ર વિજય નૃપ નંદજો,
માતારે શિવાદેવી સુત સોહામણોરે; લોલ
હા૦ દશ ધનુ ઉંચી કાયા લંછન શંખજો,
જોતાં રે સુખ વાધ્યો હિયડે અતિ ઘણોરે. લોલ ૨
હા૦ દિક્ષા કેવલ મોક્ષ કલ્યાણક તીનજો,
ગિરનારે જાણીને કરજો યાતરારે; લોલ
હા૦ શંકા કંખા છાંડી કરજો સેવજો,
જિનવરને જિન પ્રતિમામાં નહિ આંતરો રે. લોલ ૩
હા૦ પૂજો પ્રેમે જિનજીના નવ અંગજો,
આંગીઓ રચાવો અંગે નવલખી રે; લોલ
હા૦ મધુરે સ્વરથી ગાઓ જિનના ગીતજો,
ભાવના ભાવોરે મલી ટોળે સખી રે. લોલ ૪
હા૦ થય થુઇ મંગલ કરતાં પામે મોક્ષજો,
થાયે રે વૈમાનિક સુર નિયમાપણેરે; લોલ

હાઠ જિનવરને જિન પ્રતિમામાં નહિ ફેરજો,
ભાખ્યો છે અધિકાર એ સૂત્રમાંહે ઘણે રે. લોલ ૫

હાઠ શ્રદ્ધા ભાસન રમણુપણે તિણે નિત્ય જો,
જિન ઉત્તમ પદ પદ્મની કરજો ચાકરીરે; લોલ
હાઠ જિનપદ સેવે જિનપદ પામે જીવજો,
રુપવિજય કહે ભગતિ ધરો મન આકરી રે.લોલ ૬

---

૧૪ શ્રી શંખેશ્વર જિન સ્તવન.

સુંદર પાસ જિણંદ છબી રાજે છે,
પ્રભુ મેરૂ મહીધર ધીર ભાવતી લાજે છે;
અશ્વસેન કુલ અંબરે રવિ સોહે છે,
જસ નીલ કમલ દલ કાય ભવિમન મોહે છે. ૧

નિજ ગુણ શુદ્ધ સ્વરુપમાં રતિ કીધી છે,
અલબેલી શિવવધૂસાર નિજ વશ કીધી છે;
જ્ઞાન અનંત પ્રકાશથી જે દીપે છે,
ભામંડલ તેજે સૂર શશીને જીપે છે. ૨

શલેશી ગુણ દહનમાં તે બાલ્યા છે,
જે ભવોપગ્રાહિક કર્મ મૂલથી ટાલ્યા છે;
સાદિ અનંતે ભાંગે સદા સુખ વરીયા છે,
પ્રભુ નિરૂપમ અવ્યાબાધ ગુણના દરીયા છે. ૩

આઠ કરમના નાશથી ગુણ પાયા છે,
એકત્રીસ મનોહર નાથ શિવપુરે ઠાયા છે;
ધ્યાતા ધ્યેયના ધ્યાનથી ધ્યેય પામે છે,
પ્રભુ તિણે તુજ સેવા નિત્ય મુજ મન કામે છે. ૪

મહિમા મહીમાંહે ઘણો નિત છાજે છે,
પ્રભુ સૂરય કોડિ પ્રતાપ અધિકો રાજે છે;
શંખેશ્વરપુર મંડણો મન મોહે છે,
કહે રુપ શંખેસરો પાસ અતિ ઘણું સોહે છે. ૫

---

૧૫ શ્રી સંખેશ્વર પાર્શ્વ જિન સ્તવન.

(ટુંક અને ટોડા વિગેરે મેં દીના દોય રૂખ મેંદી રંગ લાગો એ દેશી.)

પરમ પુરૂષ પરમાતમારે, ચિદાનંદ ભગવાન જિન શ્યું રંગ લાગો;
અકલ અરૂપા સરૂપી છે રે, નહિ સંહનન સંઠાણ. જિ૦ ૧

બંધ ઉદય ઉદીરણારે, સત્તા કરમનો નાસ. જિસ
ઘાતી અઘાતી ધ્રુવોદયીરે, પાપ પુણ્ય નહિ જાસ. જિ૦ ૨

સ્વ અનુદય બંધી નહીરે, પયડી એકાદશ જાસ. જિ૦
સગવીસ સ્વોદય બંધીનીરે, નાશે શિવપુર ખાસ. જિ૦ ૩

ઉભય બંધી બ્યાસી તણા રે, તે પ્રભુ કીધો અંત જિ૦
તદનંતવર્ગ વર્ગીત કર્યુ રે, અનુત્તર સુખ પણિ જેહ જિ૦ ૪
તુજ સુખ એક પ્રદેશની રે. હોડે નાવે તેહ. જિ૦ ૫
આત્મિક ભોગ સુખભોગી તુમરે. શ્રી શંખેશ્વર પાસ. જિ૦
રૂપ કહે કવિ પદ્મનો રે, દ્યો મુજ શિવ સુખ ખાસ.. જિ૦ ૬

૧૬ લોઢણા પાર્શ્વનાથ સ્તવન.

અવિનાશીની સેજડીએ રંગ લાગો. એ દેશી.

સિદ્ધ નિરંજન સમરો સજની, અવિકારી અવિનાશીજી,
સહજાનંદ વિલાસી ચિદ્‌ઘન, આતમ તત્ત્વ પ્રકાશી,
એહને ધ્યાવોજી અરિહા લોઢણ પાસ એહને ગાવોજી. ૧

કેવલજ્ઞાન ને કેવલ દરસી, અવ્યાબાધ સુખ ભોગીજી:
આપક સમકીતને અક્ષય થિતી પરમ નિરંજન જોગી. એ. ૨

અગુરૂ લઘુ અવગાહન વશીયા, વીર્ય અનંત ઉલસીયાજી;
ખટકર અવગાહનના રસીયા, જિન સંપદામાં ધસીયા એ.૩

અનંતવર્ગ વર્ગીત સુખ વિલસે, કરમ ઉપાધિ નિવારીજી;
લોકાલોક પ્રકાશક જિનજીની, હું જાઉં બલિહારી. એ. ૪

અશ્વસેન નૃપ વામાનંદન, ફણીપતિ સેવે પાયાજી;
નીલવર્ણ દુઃખ હરણ નમતાં, નિરમલ થાયે કાયા. એ. ૫

નયન ઋષિ ગજ ચંદ સંવચ્છર મગસિર વદી મનોહારીજી;
પાંચિમે પંચ ગતી દાયકની, ભેટ થઈ સુખકારી એ. ૬
વીરખેત્ર વાસી ગુણરાશિ, ઝવેરી શ્રી સોમચંદેજી;
રૂપવિજય કહે જાત્રા કીધી, સંઘ સહિત આણંદે. એ. ૭

---

૧૭ શ્રી શંખેશ્વર જિન સ્તવન.

પ્રભુ શાંતિ સુધારસ ખાણીરે, દેખી સુરવધૂ દૃગ લોભાણીરે;
અનિમિષ તેણે દૃષ્ટી કહાણી, સખી શંખેસરો જયકારી રે,
પ્રભુ પાસજી જગ ઉપગારી. સખી૦૧

પ્રભુ પુરિસાદાની કહાય રે, જોગીસર જેહને ધ્યાયરે;
શુચિ અનભુવ રુચિ ચિત્તલાય. પ્રભુ. ૨

સુર દાનવ માનવ કોડી રે, સેવે ઉભા કર જોડી રે;
મિથ્યા મત સાંકલ તોડી. સ૦ ૩

અડ પ્રાતિહારજ છાજે રે, અતિસય ચઉતીસ વિરાજે રે;
પ્રભુ મેઘ ધ્વનિ એ ગાજે. સ૦ ૪

કલિ કાલમાં મહિમા જાસ રે, પરગટ પ્રભુ પૂરે આશરે;
ચિર સંચિત અઘ કરે નાશ. સ૦ ૫

પદ્માવતી પરચો પુરે રે, ધરણેંદ્ર વિઘન સવિ ચૂરે રે;
સેવકના દુઃખ કરે દૂરે. સ૦ ૬

સંઘવી પ્રેમચંદ પીરચંદ રે, રાજનગર વાણી ગુણ કંદ રે;
તસ સંઘમે અધિક આણંદ. સ૦ ૭

અઢાર અઠયોતરે ખ્યાતરે, ફાગુણ વદિ તેરસે જાતરે;
કરી પામ્યા સુજસ વિખ્યાત. સ૦ ૮

શેઠ મોતીભાઇ ચંગ રે, હેમાભાઇ અધિક ઉમંગ રે;
કરે સંઘ ભક્તિ મન રંગ. સ૦ ૯

સમકિત ધારી નરનારી રે, પ્રભૂ પૂજે દૂષણ ટાળીરે;
વરે અક્ષય લીલા ભારી. સ૦ ૧૦

દામોદર જિનવર પાસેરે, આસાઢિ શ્રાવક સુણી ખાસ રે;
પ્રભૂ પડીમા ભરાવી ઉલ્લાસે. સ૦ ૧૧

મઘવા હરિચંદ નાગિંદ રે, પ્રભૂ પૂજ્યા અધિક આણંદ રે;
પછી લાવ્યા જાદવ ઈંદ. સ૦ ૧૨

જરાસિંધુ જરા દુખ કાઠોરે, જસ નમણ જલે સવિ નાઠોરે;
કોઈ અંગે ન રહ્યો ચાઠો. સ૦ ૧૩

સંખ ઇશ્વર લાવ્યા જે સંખેશ્વર નામ છે તેણ રે;
મહિમા ગવરાયે કેણ. સ૦ ૧૪

એ પ્રભુ પદ્મને ધ્યાવેરે, તેહને નવનિધિ ઘર આવે રે;
વલી રુપવિજય પદ પાવે. સ૦ ૧૫

૧૮ વરકાણા પાર્શ્વનાથ સ્તવન.

હોરી લિખ્યતે.

મન સ્મરણુ કરી જિનપાસ તણો મ૦ સમરણુથી સબ
મંગલ માલા; વિમલા પામે સુજસ ઘણો; મ૦
ઋદ્ધિ વૃદ્ધિ સુખ સંપત્તિ લીલા, વધે મહિમા ભુમિ તેહ
તણો. મ૦

કેસર ચંદન શુચિ ઘનસારે, પૂજો પારંગત ચરણો. મ૦
જે જગદીસર કુસુમે પૂજે, બિગડે નહિ તસ એક ચણો. મ૦
ધૂપ દીપ અક્ષત નૈવેદ્યે, પૂજે તે સુર પૂજ સણો, . મ૦
ફ્લ પૂજા જે કરે જિનવરકી, તે નરપતી હોય દેવ
તણો. મ૦ ૩

સુત બંધવ કણુ કંચન પાવે, જે પ્રભુ ધ્યાવે એક મનો. મ૦
હયગય રહ પાયક ઠકુરાઈ, પામે સેવે બહોત જણો. મ૦ ૪
શ્રી વરકાણા પાસજી પૂજી, એક મને તસ નામ ગણો; મ૦
તદગત ચિત્ત કરી એકતાને, કરમ રિપુના મૂલખણો; મ૦ ૫
ધ્યાતા ધ્યેયે ધ્યાન એકતાને, ન રહે પાપનો એક કણો; મ૦
નરપતિ સુરપતિ સંપત્તિ પામી, પામે નિજ ગુણ રિદ્ધિ
ઘણો. મ૦ ૬

પ્રભુ પદ પદ્મવિજય પદ આપે, થાયે ત્રિભુવન નાથપણો; મ૦
રુપવિજય નિજ રુપ સમારી, શાશ્વત શિવ વધ કરિ
વરણો. મ૦ ૭

---

૧૯ મહાવીર જિન સ્વતન.

(જાઓ જાઓરે રૂઠડા નાહ તુંમસ્યું નહિ બોલું.)

સિદ્ધારથ સુત વંદન કીજે, સિદ્ધારથ ભગવાનરે;
સિદ્ધારથ સુત જેહના જગમાં, એકાદશ ગુણવાન.
એહને સેવોને, પ્રભુ અરિહા વીર જિણંદ, એહને સેવાને. ૧

કૌશિક આનંદકારી મૂરતિ, સિવને તિલક સમાન રે;
સચ્ચકોરને પ્રીતિનું ભાજન, ગુણોદધિ વૃદ્ધિ નિદાન. એહ૦ ૨

નિજ ગોભર વિસ્તારે જગનો, તિમિર હરે સૌ દૂરરે;
કુવલય ઉલ્લાસક શશિની પરે, દીઠો આણંદ પૂર. એહ૦ ૩

સાત હાથ સોવન મય કાયા, મૃગપતી સેવે પાયા રે;
સિદ્ધારથ નૃપ તિસલા જાયા, અમરવધૂ હુલરાયા. એહ૦ ૪

પાવાપુરીએ સંઘ થપાયા, દ્વાદશ અંગ રચાયા રે;
કાતી અમાસે જોગ નિરોધી, શિવ વધૂ સંગે સોહાયા. એહ૦ ૫

જીવન મૂર્તિ તે પ્રભૂજીની, ગંધારબિંદર દીસેરે;
પંચમ આરે પણ નિસ્તારે, જોઈ જોઇ હિયડું હીસે. એહ૦ ૬

અંબક સાગર ગજ શશિ વરસે મહા વદી આઠમ દિન્નરે;
જિન ઉત્તમ પદ પદ્મને નમતા રૂપવિજય સુપ્રસન્ન. એહ૦ ૭

૨૦ શ્રી શ્રીમંધર જિન સ્તવન.

કાનજી મેલોને કામલીરે, એ દેશી.

સ્વામી સોભાગી શિરોમણીરે, સીમંધર જિનરાજ,
કેવલજ્ઞાન દિવાકરૂરે, સમર્થા સર્થા સવિકાજ;
પ્યારો મને લાગે છે પ્રાણથીરે. ૧
અતિશય ચોત્રીસ જેહનેરે, વાણી ગુણ પાંત્રીસ;
પ્રાતિહારજ અડે રાજતારે, જગ તારક જગદીસ. પ્યારો. ૨
સમવસરણ સુરવરે કર્યું રે, તિહાં બેઠા જિનરાજ;
દીએ મધુર ધ્વનિ દેશના રે, શુદ્ધ સ્વરૂપ સમાજ; પ્યારો. ૩
ધન્ય દિવસ ગણું આજનો રે, આજ ફલ્યાં સવિ કાજ;
ભાગી ભીડ મિથ્યાતની રે, વંદ્યા શ્રીજિનરાજ; પ્યારો. ૪
પુખ્ખલવઈ વિજયે ભલીરે, નયરી પુંડરિગિણી નામ;
તિહાં વિચરે પ્રભુજી સદારે, કેવલ કમલા ધામ; પ્યારો. ૫
કંચનવરણ કાયા ભલીરે, પાંચસેં ધનુષ પ્રમાણ;
સત્યકી નંદન સમરતાં રે, લહીએ શાશ્વત ઠાણ; પ્યારો. ૬
જગ તારક જગ દીશ છો રે, મુજ તારો મહારાજ;
રૂપ કહે કવિ પદ્મનો રે, જેમ હોએ શિવપુર રાજ; પ્યારો. ૭

૨૧ સમેતશિખર ગિરિ સ્તવન.

રાગ સોરઠ.

જિઉ કરરે જાત શિખર ગિરકી, મન કરરે જાત;
દેખ્યો રે સિખર ગિરી જબ નયણે, તવ સવિ આસ ફલી
મનકી. જિ૦
વિસ કોસ સેં સિખર નિહારી, બહુત ઠરી પરણુતિ
દિલકી. જિ૦ ૧
મધુવનમેં આયે મન રંગે, મૂરતિ દેખી શ્રી જીનકી; જિ૦
પ્રતિમા પાદુકા પૂજી પ્રેમે, શુદ્ધભઇ પરણુતિ દીલકી. જિ૦ ૨
દેખ્યો ગંદ્રફનાલોસિતા, નાલે શુદ્ધિ કરી તનકી; જિ૦
શુચિ જલ કુંભ ભરી ગિરિ શિખરે, પ્રથમ ટુંક કુંથું
જિનકી. જિ૦ ૩
વીસેં ટુંકે વીસ તીર્થંકર, શિવ લહ્યા કરી સેવા ઉનકી; જિ૦
ઋષભ વાસુપૂજ્ય નેમિ વીર જિન, મુગતિ ભૂમિ અપરા
ઉનકી. જિ૦ ૪
મૂલ નાયક જિહાં સામલ પાસજી, પૂજી શૂચિતા કર
દીલકી; જિ૦
ગીત ગાન નાટક કરી આગે, પ્રગટ કરો આતમ ચિલકી. જિ૦૫
પ્રભુ પદ પદ્મ દેખત સુખ પાયો, ભઇ પૂરણુ આશા
મનકી; જિ૦
રૂપવિજય કહે તીરથ સેવા, કરી કીજે સુચિતા તનકી. જિ૦ ૬

૨૨ અરનાથનું સ્તવન.

ફતલમના ગીતની દેશી.

જગપતિ શ્રી અરજિન જગદીશ, હસ્તિનાપુર રાજીયો;
જગપતિ રાય સુદર્શન નંદ, મહિમા મહિમાંહે ગાજીયો. ૧
જગપતિ કંચનવરણુ શરીર, કામિત પૂરણુ સુરતરૂ;
જગપતિ લછન નંદાવર્ત, ત્રણુ ભુવન મંગલકરૂ. ૨
જગપતિ ષટ્ ખંડ ભરત અખંડ, ચક્રવર્ત્તિની સંપદા;
જગપતિ સહસ્સ બત્રીશ ભુપાલ, સેવિત ચરણુ કમલ સદા. ૩
જગપતિ સોહે સુંદર વાન, ચઉસઠી સહસ્સ અંતેઉરી;
જગપતિ ભોગવી ભોગ રસાલ, જોગદશા ચિત્તમાં ધરી. ૪
જગપતિ સહસ પુરૂષ સંઘાત, મૃગશિર શુદિ એકાદશી;
જગપતિ સંયમ લીયે પ્રભુ ધીર, ત્રિકરણુ યોગે ઉલ્લસી. ૫
જગપતિ ચોસઠ સુરપતિ તામ, ભક્તિ કરે ચિત્ત ગહગહી;
જગપતિ નાચે સુરવધૂ કોડી, અંગ મોડી આગલ રહી. ૬
જગપતિ વાજે નવ નવ છંદ, દેવ વાજીંત્ર સોહામણાં;
સુરપતિ દેવદુષ્ય ઠવે ખંધ, પુષ્પવૃષ્ટિ કરે સુર ઘણા. ૭
જગપતિ ધન્ય વેળા ઘડી તેહ, ધન્ય તે સુરનર ખેચરા;
જગપતિ જેણે કલ્યાણુક દીઠ, ધન્ય જનમ તે ભવ તર્યા. ૮
જગપતિ પ્રભુ પદ પદ્મની સેવ, ત્રિકરણુ શુદ્ધે જે કરે;
જગપતિ કરીય કરમનો અંત, શુદ્ધ રૂપ નિજ તે વરે. ૯

॥ ઇતિ શ્રી અરજીન સ્તવનમ્ ॥

૨૩ મલ્લીનાથનું સ્તવન.

મારો પિયુડો પરઘર જાય, સખી શું કહીયે રે;
કિમ એકલડાં રહેવાય, વિયોગે મરિયે રે—એ દેશી.

મિથિલા તે નયરી દીપતિ રે, કુંભ નૃપતિ કુલહંસ;
મલ્લિ જીણંદ સોહામણો રે, સયલ દેવ અવતંસ. ૧
સખિ સુણુ કહિયે રે, મહારો જીનજી મોહનવેલી;
હયડે વહિયે રે, એ આંકણી;

છપ્પન દિશિકુમરી મલીરે, કરતી જન્મનાં કાજ;
હેજાલી હરખે કરી રે, હુલરાવે જીનરાજ. સખી. ૨ મહારો.
વીણા વજાવે વાલહી રે, લલી લલી જીન :ગુણ ગાય;
ચિરંજીવો એ બાલુડોરે, જીમ કંચનગિરિરાય. સખી. ૩
કેઇ કરમાં વીંજણ ગ્રહી રે, વીંજે હરખે વાય;
ચતુરા ચામર ઢાલતી રે, સુરવધૂ મન મલકાય. સખી. ૪
નાચે સાચે પ્રેમથી રે, રાચે માચે ચિત;
જાચે સમકિત શુદ્ધતા રે, ભવજલ તરણ નિમિત્ત. સખી. ૫
ઉર શિરસ્કંધ ઉપર ધરેરે, સુરવધૂ હોડાહોડ;
જગત તિલક ભાલે ધરી રે, કરતી મોડા મોડ. સખી. ૬
તવ સુરપતિ સુર ગિરિ શિરે રે, નમન કરે કર જોડી;
તીર્થોદક કુંભા ભરી રે, સાઠ લાખ એક કોડી. સખી. ૭

જીન જનની પાસે ઠવી રે, ધરસી રયણની રાશિ;
સુરપતિ નંદીશ્વર ગયા રે, ધરતાં મન ઉલ્લાસ. સખી. ૮
સુરપતિ નરપતિએ કર્યો રે, જન્મઉત્સવ અતિ ચંગ;
મલ્લિ જીણુંદ પદ પદ્મશું રે, રૂપવિજય ધરે રંગ. સખી. ૯
મ્હારો જીનજી મોહનવેલી.

૨૪ મલ્લીનાથનું સ્તવન.

સખી આવી દેવ દીવાલી રે—એ દેશી.

પંચમ સુરલોકના વાસી રે,
નવ લોકાંતિક સુવિલાસી રે;
કરે વિનતી ગુણની રાશી. ૧

મલ્લિજીન નાથજી વ્રત લીજે રે,
ભવિ જીવને શિવસુખ દીજે;
મલ્લિજીન. એ આંકણી.
તુમે કરૂણારસ ભંડાર રે,
પામ્યા છો ભવજલ પારરે;
સેવકનો કરો ઉદ્ધાર. મલ્લિ. ૨ ભવિ.

પ્રભુ દાન સંવત્સરી આપેરે,
જગનાં દારિદ્ર દુખ કાપે રે;
ભવ્યત્વપણે તસ છાપે. મલ્લિ. ૩ ભવિ.

સુરપતિ સઘલા મલી આવે રે,
મણિરયણ સોવન વરસાવે રે;
પ્રભુ ચરણે શીશ નમાવે રે, મલ્લિ. ૪ ભવિ.

તીર્થોદક કુંભા લાવે રે,
પ્રભુને સિંહાસન ઠાવે રે;
સુરપતિ ભક્તેં નવરાવે. મલ્લિ. ૫ ભવિ.

વસ્રાભરણે શણગારે રે,
ફૂલમાલા હૃદયપર ધારે રે;
દુઃખડાં ઇંદ્રાણી ઉવારે. મલ્લિ. ૬ ભવિ.

મલ્યા સુરનર કોડા કોડી રે,
પ્રભુ આગે રહ્યા કર જોડી રે;
કરે ભક્તિ યુક્તિ મદ મોડી. મલ્લિ. ૭ ભવિ.

મૃગશિર શુદની અજુઆલી રે,
એકાદશી ગુણની આલી રે;
વર્યા સંયમવધુ લટકાલી. મલ્લિ. ૮ ભવિ.

દિક્ષા કલ્યાણક એહ રે,
ગાતાં દુઃખ ન રહે રેહ રે;
લહે રુપવિજય જસ નેહ. મલ્લિ. ૯ ભવિ.

ઇતિ શ્રી મલ્લિજીન સ્તવનમ્,

૨૫ મલ્લીનાથનું સ્તવન.

સાંભલરે તું સજની મારી, રજની કિહાં રમી
આવીજીરે—એદેશી.

મલ્લિ જીનેશ્વર અરચિત કેશર, અલવેસર અવિનાશીજી;
પરમેશ્વર પૂરણ પદભોક્તા, ગુણરાશી શિવ વાસી;
જીનજી ધ્યાવોજી. ૧

મલ્લિજીણંદ મુણિંદ ગુણ ગણ ગાવોજી ॥ એ આંકણી.

મૃગશિર શુદિ એકાદશી દિવસે, ઉપન્યું કેવલનાણજી;
લોકાલોક પ્રકાશક ભાસક, પ્રગટયો અભિનવ ભાણ;
જીનજી. ૨ મલ્લિ.

મત્યાદિક ચઉનાણનું ભાસન, એહમાં સકલ સમાયજી;
ગ્રહ ઉડુ તારા ચંદ પ્રભા જીમ, તરણી તેજમાં જાય.
જીનજી. ૩ મ.

જ્ઞેય ભાવ સવિ જ્ઞાને જાણે, જે સામાન્ય વિશેષજી;
આપ સ્વભાવે રમણ કરે પ્રભુ, તજી પુદ્દલ સંકલેશ;
જીનજી. ૪ મ.

ચાલીશ સહસ મહા મુનિ જેહના, રત્નત્રયી આધારજી;
સહસ પંચાવન સાહુણી જાણો, ગુણ મણિ રયણ ભંડાર;
જીન. ૫ મ.

શત સમ ન્યૂન સહસ પંચાવન, વરસ કેવલ ગુણ ધરતાજી;

વિચરે વસુધા ઉપર જીનજી, બહુ ઉપગારને કરતા.

જીન. ૬ મ.

કેવલનાણ કલ્યાણક જીનનું, જે ભવિયણ નિત્ય ગાવેજી;
જીન ઉત્તમ પદ પદ્મ પ્રભાવે, શુદ્ધ રુપ તે પાવે

જીન. ૭ મલ્લિ૦

---

૨૧ નમિનાથનું સ્તવન.

(ઇણ સખરીયારી પાલ ઉભી દોય નાગરી લલના એ દેશી.)

પરમ રૂપ નિરંજન, જનમન રંજણો, લલના.
ભક્તિવચ્છલ ભગવંત, તું ભવ ભય ભંજણો લ૦
જગત જંતુ હિતકારક, તારક જગધણી લ૦
તુજ પદ પંકજ સેવ. હેવ મુજને ઘણી લ૦ ૧

આવ્યો છુ મહારાજ! પૂરણ ભગતિ ભરી લ૦
આપો સેવના આપ, પાપ જિમ સવિ ટલે લ૦
તુમ સરિખા મહારાજ, મહેર જો નવિ કરે લ૦
તો અમ સરિખા જીવનાં, કારજ કિમ સરે લ૦ ૨

જગતારક જિનરાજ, બિરુદ છે તુમતણો લ૦
આપો સમકિત દાન, પરાયા મત ગણો લ૦
સમરથ જાણી દેવ, સેવના મેં કરી લ૦
તુંહિજ છે. સમરથ, તરણ તારણ તરી લ૦ ૩

મૃગશિર સિત એકાદશી, ધ્યાન શુકલ ધરી લ૦
ઘાતિકરમ કરી અંતકે, કેવલશ્રી વરી લ૦
જગ નિસ્તારણ કારણ, તીરથ થાપીયો લ૦
આતમ સત્તા ધર્મ, ભવ્યને આપીયો લ૦ ૪
અમ વેલા કિમ આજ, વિલંબ કરી રહ્યા લ૦
જાણો છો મહારાજ, સેવકે ચરણાં ગ્રહ્યા લ૦
મન માન્યા વિના માહરૂં, નવિ છોડું કદા લ૦
સાચો સેવક તેહ જે, સેવ કરે સદા લ૦ ૫
વપ્રા માત સુજાત, કહાવો શ્યું ઘણું લ૦
આપો ચિદાનંદ દાન, જન્મ સફલો ગણું લ૦
જિન ઉત્તમ પદ પદ્મ, વિજયપદ દીજીએ લ૦
રુપવિજય કહે સાહેબ, મુજરો લીજીએ લ૦ ૬

ઇતિ શ્રી નમીનાથજિન સ્તવનં.

---

૨૭ શ્રી સમેતસીખરનું સ્તવન.

જઇ પુજો લાલ સમેત શીખર ગીરી ઉપર પાસજી શામળા;
જીન ભગતે લાલ કરતા જીનપદ પાવે ટળે ભવ આમળા,
છહરી પાળી દરસન કરીએ, ભવ ભવ સંચીત પાતીક હરીએ.
નીજ આતમ પુન્ય રસે ભરીએ. જઈ પુજો લાલ૦ ૧
એ ગીરીવર નીત્ય સેવા કીજે, જીમ શીવ સુખડાં કરમાં લીજે;
ચીદાનંદ સુધારસ નીત્ય પીજે. જઈ પુજો લાલ૦ ૨

જીહાં શીવ રમણી વરવા આવ્યા, અજીતાદીક વીશે જીનરાયા;
બહુ મુનીવર ચુત શીવવધુ પાયા. જઇ પુજો લાલ૦ ૩

તેણુ એ ઉત્તમ ગીરી જાણો, કરો સેવા આતમ કરી શ્યાણો;
એ ફરી ફરી નહીં આવે ટાણો: જઈ પુજો લાલ૦ ૪

તુમે ધન કણ કંચનની માયા, કરતાં અસુચી કીધી કાયા;
કેમ તરશો વીણુ એ ગીરીરાયા. જઇ પુજો લાલ૦ ૫

ઈમ શુભ મતી વચન સુણી તાજા, એ ભયે જગગુરુ આતમરાજા;
ગીરી ફરસે ધરી મન સુચી માજા. જઈ પુજો લાલ૦ ૬

સંવતસર રીખી ગજચંદ સમે, ફાગણ સુદી તીજ બુધવાર ગમે;
ગીરી દરસણ કરતાં ચીત્ત રમે, જઇ પુજો લાલ૦ ૭

પ્રભુપદ પદ્મ તણી સેવા, કરતાં નીત્ય લહીએ શીવ મેવા;
કહે રૂપવિજય મુજ તે હેવા. જઇ પુજો લાલ૦ ૮

---

૨૮ શ્રી સંખેસર પાર્શ્વનાથનું સ્તવન.

(ગરબાની દેશી.)

શ્રી સંખેસર પાસ દિલડે વસીયારે,
પ્રભુ અશ્વસેન કૂલચંદ શીવપુર રસીયારે.
મરકત મણી છવિ જાસ, નવ કર કાયારે,
લેઇ સંજમ શ્રી જિનરાજ, છંડી માયારે. ૧

સંયમ કંડકેં નાથ, વધતેં ચઢીયારે,
પ્રભુ ક્ષપક શ્રેણી લહી નાંમ, કરમથી લડીયારે;
કરી સપ્તકનો નાશ, આયૂ ત્રિક ટાલેરે,
ઈગ વીગલેંદ્રી કર્મ, સત્તાથી ગાલેરે. ૨

થિણુદ્ધી ત્રીક ઉદ્યોત, ક્ષપકની ઝાલેરે,
તિરિ નિરય થાવર દુગ તામ, સાધરણુ બાલેરે,
આતમ આઠ કષાય, નપુંસ્ત્રી નાઠીરે,
તિમ હાસ્ય અરતિ રતિ શોક, દુગંછા ઝાઠીરે. ૩

ભય મોહની પુંવેદ, સંજવલના ચારેરે,
વળી નીદ્રાદુગ અંતરાય, પંચક તે ટાલેરે;
નાણા વરણી પચ, દંશણુ ચઉ ટાલીરે,
ક્ષીણુ મોહી ભગવંત, થયો ગુલ આલીરે. ૪

તવ લહ્યું કેવલજ્ઞાન, ક્ષાયક ભાવેરે,
જ્ઞાયક લોકાલોક, સ્વરૂપ સ્વભાવેરે;
વળી વસુધા પાવન કીધ, ક્રમકજ ફરસીરે,
તિમ દીધું સમકીત દાન, દેશના વરસીરે. ૫

જોગ નિરોધી જેહ, શીવપુર પાયારે,
પ્રભુ સાદિ અનંત સુખવંત, આતમ રાયારે;
ઉત્તમ નિજપદ પદ્મ, સેવા દીજેરે,
કહે રૂપવિજય ભગવંત, મુજરો લીજેરે. ૬

૨૯ સિદ્ધાચળજીનું સ્તવન.

(સખી પડવા તે પહિલી જાણોરે એ દેશી.)

સિદ્ધાચલ સીદ્ધનું ઠામરે, પ્રણમો ભગતે ગુણ ધામરે;
કરી નિર્મળ આતમ રામ, વિમળ ગિરિ ભેટિએ ભલે ભાવેરે;
જીમ જન્મજરા દુઃખ નાવે. વિમલ ગિરિ૦ ૧

નિરમળ કરી મન વચ કાયારે, છંડી સવિ મમતા માયારે;
નમો રિષભ જિણંદના પાય. વિમલ ગિરિ૦ ૨

ગિરિ સન્મુખ પગલા ભરીયેરે, નિરમળ શ્રદ્ધા મન ધરીયેરે;
ભવ સાયર હેલા તરિએ. વિમલ ગિરિ૦ ૩

સાસ્વતો તીરથ જેહરે. તિણુ લોકમાંહે ગુણ ગેહરે;
તેહથી અધીકો ગિરિ એહ. વિમલ૦ ૪

મલ તૃષ્ણા તાપ નિવારેરે, ત્રણ અરથે તિરથ તારેરે;
આણે ભવ વારીધિઆરે. વિમલ૦ ૫

એ તિરથ સાધુ અનંતરે, લહ્યા કેવળજ્ઞાન મહંતરે;
થયા મુગતિ રમણિના કંત. વિમલ૦ ૬

કરે જાત્રા છહરી પાળીરે, મિથ્યા અઘદૂરે ટાળીરે;
તે શીવવધુ વરે લટકાળી. વિમલ૦ ૭

શેઠ હેમાભાઈ સુજાણરે, લેઇ ચઉવીહ સંઘ મંડાણરે;
છહરી પાળે.ગુણ ખાણી. વિમલ૦ ૮

પૂજ્યા શ્રી આદિ જિણુંદરે, મન પામી અધિક આણુંદરે;
લહે લીલા લચ્છિ અમંદ. વિમલ૦ ૯

ઇણુ વિધિ જે જાત્રા કરસેરે, તે ભવ સાયરને તરસેરે;
ભલિ મુગતિ રમણીને વરસે. વિમલ૦ ૧૦

કહે રૂપવિજય સુર સાલરે, શેઠ હેમાભાઇ વિસાલરે;
નીત પામો મંગલ માલ. વિમલ૦ ૧૧

---

૩૦ મહાવીર સ્વામીજીનું પારણું.

માતા ત્રિસલાએ પુત્ર રત્ન જાઇઓ,
ચોસઠ ઇંદ્રનાં આસન કંપે સાર;
અવધિજ્ઞાને જોઇ ધ્યાયો શ્રી જિનવીરને,
આવે ક્ષત્રિય કુંડ નયર મઝાર. માતા૦ ૧

વીર પ્રતિબિંબ મૂકી માતા કને,
અવસર પિણી નિદ્રાદીએ સાર;
એમ મેરૂ શિખરે જિનને લાવે ભક્તિશું,
હરિ પંચ રૂપ કરી મનોહાર. માતા૦ ૨

એમ અસંખ્ય કોટાકોટી મળી દેવતા,
પ્રભુને ઓછવ મંડાણે લઇ જાય;
પાંડુકવન શિલાયે જિનને લાવે ભગતિશું,
હરિ અંગે ધાયે ઇંદ્ર ઘણું ઉછ્છાય. માતા૦ ૪

એક કોડી આઠ લાખ કળશે ભરી,
વીરનો સર્વત્ર મહોચ્છવ કરે સાર;
અનુક્રમે વીર કુમરને લાવે જનની મંદિરે,
દાસી પ્રિયંવદા જાએ તેણી વાર. માતા૦ ૪

રાજા સિદ્ધારથને દીધી વધામણી,
દાસીને દાનને માનદીએ મનોહાર;
ક્ષત્રીકુંડ માંહે ઓચ્છવ મંડાવીઓ,
પ્રજા લોકને હરખ અપાર. માતા૦ ૫

ઘરઘર શ્રીફળ તોરણ ત્રાજટ બાંધીઆં,
ગોરી ગાવે મંગળ ગીત રસાળ;
રાજા સિદ્ધારથે જન્મ મહોચ્છવ કર્યો,
માતા ત્રિસલા થઈ ઉજમાળ. માતા૦ ૬

માતા ત્રિસલા ઝુલાવે પુત્ર પારણે.
ઝુલે લાડકડા પ્રભુજી આનંદ ભેર;
હરખીને નીરખીને ઇંદ્રાણીઓ જાએ વારણે,
આજે આનંદ શ્રી વીર કુમરને ઘેર. માતા૦ ૭

વીરના મુખડા ઉપરૂ વારૂ કોટી ચંદ્રમા,
પંકજ લોચન્ સુંદર વિશાળ કપોળ;
શુક ચંચુ સરખી દીસે નિર્મળ નાસિક.
કોમળ અધર અરૂણુ રંગરોળ. માતા૦ ૮

ઓષધિ સોવન મઢીરે શોભે હાલરે,
નાજુક આભરણ સઘળાં કંચન મોતીહાર;
કર અંગુઠો ધાવે વીર કુમર હરખે કરી,
કાંઈ બોલાવતાં કરે કીલકાર.. માતા૦ ૯

વીરને નિલાંડે કીધો છે કુમકુમ ચાંડલો,
શોભે જડિત મરકત દીસે મણીમાલ;
ત્રિસલાએ જુગતે આંજી અણીયાલી બેઉ આંખડી,
સુંદર કસ્તુરીનું ટપકું કીધું ગાલ. માતા૦ ૧૦

કંચન શોળે જાતનાં રત્ને જડીયું પારણું,
ઝુલાવતી વેળા થાયે ઘુઘરીનો ચમકાર;
ત્રિસલા વિવિધ વચને હરખે ગાય હાલરૂં,
ખેંચે કુમતિ આલી કંચન દોરી સાર. માતા૦ ૧૧

મારો લાકડો સરખા સંગે રમવા જશે,
મનોહર સુખડલી હું આપીશ એહને હાથ;
ભોજનવેળા રમઝમ રમઝમ કરતો આવશે,
હુંતો ધાઈને ભીડાવીશ હૃદયા સાથ. માતા૦ ૧૨

હંસ કારંડવ કોકિલ પોપટ પારેવડાં,
માંહિ બપયાને સારસ ચકોર;
મેનાં મોર મેલ્યાં રમકડાં રમવા તણાં,
ઘમઘમ ઘુઘરા બજાવે ત્રિસલા કીશોર. માતા૦ ૧૩

મારો વીર કુમાર નિશાળે ભણુવા જશે,
સાથે સજ્જન કુટુંબ પરીવાર;
હાથી રથ ઘોડા પાલાયે ભલુ શોભતું,
કરી નિશાળ ગરણું અતી મનોહાર. માત૦ ૧૪
મારા વીર સમાણી કન્યા સારી લાવશું,
મારા કુંવરને પરણાવીશ મોટે ઘેર;
મારો લાડકડો વરરાજા ઘોડે બેસશે,
મારો વીર કરશે સદાગ્ર લીલા લહેર, માતા૦ ૧૫
માતા ત્રીસલા ગાવે વીરકુંવરનું હાલરૂં,
મારો નંદન જીવજો કોડી વરસ હજાર;
એતો રાજ રાજેસર થાશે ભલો દીપતો,
મારા મનના મનોરથ પુરશે જગીશ. માતા૦ ૧૬
ધનધન ક્ષત્રીયકુંડ ગામ મનોહરૂં,
જિહાં વીર કુમરનો જનમ ગવાય;
રાજા સિદ્ધારથના કુલ માંહે દીનમણી,
ધન ધન ત્રીસલા રાણી જેહની માત. માતા૦ ૧૭
એમ સહીયર ટોળી ભોળી ગાવે હાલરૂ,
થાશે મનના મનોરથ તેને ઘેર;
અનુક્રમે મહોદય પદવી રૂપ વિજય પદ પામશે,
ગાયે અમિઅ વિજય કહે થાશે લીલા લહેર.:માતા૦ ૧૮

શાન્તિનાથજીનું સ્તવન.

(પ્રથમ ગોવાલીયા તણે ભવેજી–એ દેશી.)

ગજપુર નયરે અવતર્યોજી, વિશ્વસેન કુલ ભાણ;
રાણી અચિરા ઉર ધર્યોજી, ચાલીશ ધનુષ્ય પ્રમાણ;
ભવિક જન વંદો શાન્તિજિણંદ, જિમ હોય પરમાનંદ.
ભવિક૦ ૧

લંછન હરણ સોહામણુંજી, કંચન વરણ શરીર;
સુરલોકાંતિક વિનવેજી, તીર્થ પ્રવર્ત્તય ધીર. ભવિક૦ ૨
સંયમગ્રહી એક સહસ શું જી, કરે ભવ ભ્રમણની હાણ
પોસ સુદી નવમી દીનેજી, ઉપન્યું કેવલ નાણ, ભવિક૦ ૩
જ્ઞેય ભાવ જાણે સદાજી, જે સામાન્ય વિશેષ,
આત્મ સ્વભાવે રમણતાજી, નહિ પુદ્ગલ સંકલેશ.ભવિક૦૪
લાખ વરસ પરિમાણનુંજી, પાલી પૂરણ આય;
સમેત.શિખર મોક્ષે ગયાજી, સુરકિન્નર ગુણ ગાય. ભવિક૦ ૫
સહસઇગસઠ્ઠી છસે સાહુણીજી, મુનિ બીસઠ્ઠિ હજાર;
નિર્વાણી સેવા કરેજી યક્ષ ગરૂડ ઉદાર. ભવિક૦ ૬
મૂરતિ સયલ ગુણે ભરીજી, કામિત સુર તરૂ વેલ;
કહે **માન** મુજ દીજીયેજી, સાસ્વત સુખ રંગરેલ, ભવિક૦ ૭

પંન્યાસજી શ્રી જિનવિજયજી ગણી કૃત.
ચોવિશી.

શ્રી રૂષભદેવજિન સ્તવન.

(હારરો હીરો—એ દેશી.)

પ્રથમજિણેસર પૂજવા સહિયર મ્હારી, અંગ ઉલટ ધરી આવી હો.
કેસર ચંદન [1]મૃગમદે સ૦સુંદર આંગી બનાવી હો. ૧
સહજ સલુણો મ્હારો, શમસુખલીનો મ્હારો, જ્ઞાનમાં ભીનો મ્હારો સાહિબો, સહિયરમ્હારી જયો જયો પ્રથમજિણંદહો.
ધન્ય મરૂદેવી કુખને સ૦ વારીજાઉં વાર હજારહો;
સર્ગશિરોમણીને તજી, સ૦જિહાં પ્રભુ લીએ અવતારહો. સહ૦ ૨
દાયક નાયક જન્મ, થીસ૦ લાજયો [3]સુરતરૂ વૃંદહો,
યુગલા ધરમ નિવારણો, સ૦ જે થયો પ્રથમ નરિંદહો.સહ૦ ૩
લોકનીતિ સહુ શીખવી, સ૦ દાખવા મુક્તિનો [2]રાહહો;
રાજ્ય ભળાવી પુત્રને, સ૦ થાપ્યો ધર્મપ્રવાહહો. સહ૦ ૪
સંયમ લેઈ સંચરયો, સ૦ વરસ લગે વિણઅંહારહો;

---

૧ કસ્તૂરી. ૨ માર્ગ, ૩ કલ્પવૃક્ષ,

શેલડી રસ [1]સાટે દિઓ; સ૦ શ્રેયાંસને સુખ સારહો. સહુ૦ ૫
મોટા મહંતની ચાકરી, સ૦ નિષ્ફળ કદિય ન થાયહો;
મુનિપણે નમિ વિનમી કર્યા, સ૦ ખિણમાં ખેચરરાયહો
સહુ૦ ૬
જનનીને કીઓ ભેટણો, સ૦ કેવળ રત્ન અનૂપહો;
પહિલી માતા મોકલી, સ૦ જોવા શિવવહુ રૂપહો. સહુ૦ ૭
પુત્ર નવાણું પરિવર્યો,સ૦ ભરતના [2]નંદન આઠહો;
આઠકરમ [3]અષ્ટાપદે, સ૦ યોગનિરોધે નાઠહો. સહુ૦ ૮
તેહનો બિંબ શિદ્ધાચલે, સ૦ પૂજો પાવન અંગહો;
ક્ષમાવિજય જિન નિરખતાં, સ૦ ઉછળે હરખ તરંગહો.
સહુ૦ ૯

શ્રી અજિતજિન સ્તવન.

(પ્રિયડા જિન ચરણારી સેવારી પ્યારી મુને લાગે—એ દેશી.)

જીવડા વિષમ વિષયની હેવા તુજ કાંઇ જાગે હજી કાંઈ જાગે;
જીવડા અકળ સરૂપ અજિત જિન નિરખ્યો પરખ્યો પૂરણ
ભાગે જી૦ ૧
સરસ સકોમળ સુરતરૂ પામી, કંટક બાઉળ માગે;
એરાવત સાટે કુણ મૂરખ, [4]રાસભ પુંઠે લાગે. જી૦ ૨
[5]ઘોર પહાડ ઉજાડ ઉલંઘી, આવ્યો સમકિત માગે;
તૃશ્નાએ સમતારસ વિગડે, કુંભ [6]ઉદક જિમ કાગે. જી૦ ૩
જિમ કોઇક નર જાન લેઇને આવ્યો કન્યા રાગે;

---

૧ બદલે, ૨ પુત્ર, ૩ અષ્ટાપદ તીર્થ ઉપર, ૪ ગધેડું, ૫ ભયંકર પર્વત-જંગલ, ૬ પાણી.

સરસે અહાર નિંદ્રાભર પોડચો, કરડચો વિષયા [1]નાગે જી૦ ૪
વિજયાનંદન વયણ [2]સુધારસ, પીતાં શુભમતી જાગે;
પાંચે ઇંદ્રિય ચપલ તુરંગમ, વશ કરી જ્ઞાન [3]સુ વાગે. જી૦ ૫
ક્ષમાવિય જિન ગુણ કુસુમાવલી, શોભિત ભક્તિ પરાગે;
કંઠ આરોપિ વિરતી વનિતા, વદી કેસરીએ પાગે. જી૦ ૬

શ્રી સંભવજિન સ્તવન.

(દેશી—હંસલાની)

સુખકારકહો શ્રીસંભવનાથકે, સાથ ગ્રહ્યો મેં તાહરો,
[4]સિદ્ધપુરનો હો પ્રભુ સારથવાહકે, ભવઅટવિનો ભયહરો. ૧
હું ભમિયો હો મોહવશ મહારાજકે, ગહન અનાદિ નિગોદમાં;
કીધાં પુદગલહો પરાવર્ત્ત અનંતકે, મહા મૂઢતા નિંદમાં ૨
[5]તિરિ ગઇમાંહો, [6]અસન્નિ એગિંદિકે, વેદનપુસક નેંવનાં
આવળીનેહો અસંખ્યમેં ભાગકે, સમ પુગ્ગલ પરાવર્ત્તના. ૩
સૂક્ષમમાંહો સામાન્યે સ્વામીકે, [8]ભુ જલ જલણ પવન વને;
ઉત્સર્પિણીહો અસંખ્યાતા લોગકે, નભ પદદેશ સમાભિણે. ૪
ઓઘે બાદરહો બાદર વનમાંહિકે, અંગુલ અસંખ્ય ભાગે મિતાં;
અવસર્પિણીહો સુહુમેતર અનંતકે, અઢીપુગ્ગલ
પરિઅત્તતા. ૫
હવે બાદરહો પુઢવી નેં નીરકે, [9]અનલ અનિલ [10]પત્તેયતરૂ;

---

૧ સાપે, ૨ અમૃત, ૩ સારી લગામથી, ૪ મોક્ષ, ૫ તીર્યંચ-ગતિમાં, ૬ સંજ્ઞારહિત જીવો, ૭ એક ઇંદ્રિયવાળા જીવો, ૮ પૃથિવી પાણી વાયુ અગ્નિ વનસ્પતિ, ૯ અગ્નિ, પવન, ૧૦ પ્રત્યેક વનસ્પતિ.

નિગોદમાંહો સુણી તારક દેવકે, સિત્તેરકોડાકોડિ સાગરૂ. ૬
વિગલેંદિહો માંહિ સંખ્યાતકે, સહસ વરસ જીવન રૂળ્યો;
પચેંદ્રિહો તિરી નર ભવ આઠકે, આઠ કરમ કચરે કળ્યો.૭
નારક સુરહો એક ભવ અરિહંતકે, વિણ અંતર સાંભરપણે;
કહુ કેતીહો જાણો જગદિશકે, કર્મ્મકદર્થન જીવને. ૮
ચઉદ ભેદહો ચઉદરાજ મઝારકે, ચોરાશી લખ જોનીમાં;
ભ્રમ રસીઓહો વસીઓ બહુ વેશકે, ભવપરિણતિ
તતિગહનમાં. ૯
અશુદ્ધતાહો થઈ અશુદ્ધ નિમિતકે, શુદ્ધનિમિત્તે તેટલે;
તે મોટેહો સર્વજ્ઞ અમોહકે, તુમ્હ સંગે ચેતન હિલે. ૧૦
નિજ સત્તાહો ભાસન રુચિ રંગકે, ક્ષમાવિજય ગુરૂથી લહી;
જિનવિજયેહો પારગ તુમ્હ સેવકે, સાધન ભાવે સંગ્રહિ. ૧૧

શ્રી અભિનંદનજિન સ્તવન.

(મહાવિદેહ ખેત્ર સોહામણો એ—દેશી.)

અભિનંદન આનંદમાં, અતિશય લીલ અનંત લાલરે;
સંવરરાયનો બેટડો, સંવર સુખ વિલંસત લાલરે.
અભિનંદન આનંદમાં.
સિદ્ધારથનો લાડકો, સિદ્ધારથ ભગવાન લાલરે;
એ જુગતું જગતીતળે, વિચરે અહિમ નિદાનં લાલરે. અ૦ ૨
ચાલે ગજગતિ ગેલસ્યું; કામ કેશરી કરે નાશ લાલરે;
દીપે [1]દિનકર તેજથી, શીતલ સહજ વિલાસ લાલરે. અ૦ ૩

વરસે વાણી મેહજ્યું, [2]તૃશ્નાતટિનિ શોષ લાલરે;
આતમ સંપદ વેલડી, ક્ષાયિક ભાવે પોષ લાલરે. અ૦ ૪
બાંધ્યું ભાવના સાંકળે,મુજથી ચંચળ ચિત્ત લાલરે;
લાંછન મિશ ચરણે રહ્યો, વાનર કરે વિનીત લાલરે. અ૦ ૫
તિરિગઇ ચપલાઈ પણું, વારો આપ વિવેક લાલરે.
ક્ષમાવિજય જિન ચાકરી, ન તજું ત્રિવિધે ટેક લાલરે. અ૦ ૬

શ્રી સુમતિજિન સ્તવન.

(રાગ રામકલી તથા સારંગ મલ્હાર—અંબર દેહુ મોરારિ—એ દેશી.)
તુમ્હહો પરઉપગારી, સુમતિજિન તુમ્હહો જગ ઉપગારી;
પંચમ જિન [3]પંચમગતિ દાયક, પંચમહાવ્રત ધારી.
પંચ પ્રમાદ [4]મતંગજ ભેદન [5]પંચાનન અનુકારી
સુમતિજિન તુમહહો જગ ઉપગારી. ૧
પંચવિષય [6]વિષધર તતિ [7]ખગપતિ પંચશર મદન વિડારી,
આશ્રવ પંચ તિમિર ભર દિનકર, કિરિયા પંચ નિવારી.
સુમ૦ ૨
પંચાચાર સુકાનન જલધર, પંચમાંહી અધિકારી;
આગમપંચ અમૃતરસ વરસી,દુરિત દાવાનલ ઠારી. સુમ૦ ૩
મેતારજ અપરાધિ વિહંગમ, ચરણે રાખ્યો શિરધારી;
પરખદમાંહે આપ વખાણ્યો, ક્રૌંચસ્વરા સુરનારી. સુમ૦ ૪

---

૧ સૂર્ય, ૨ તૃષ્ણારૂપ, નદી, ૩ મોક્ષ, ૪ હાથી, ૫ સિંહ, ૬ સાપ, ૭ ગરૂડ.

મેઘનૃપતિ કુલમુકુટ નગીનો, મંગલા ઉર અવતારી;
ક્ષમાવિજય બુધ શિષ્ય કહે જિન, ગરભથી સુમતિ વધારી.
સુમ૦ ૫

શ્રી પદ્મપ્રભુજિન સ્તવન.

(આછેલાલની દેશી.)

[1]પદ્મ ચરણ જિનરાય, બાલ [2]અરૂણ સમ કાય;
જિવન લાલ ઉદયો ધર નૃપ કુળ તિલોજી. ૧
મોહાદિક અંતરંગ, અરીયણ આઠ અભંગ;
જિ૦ મારવા માનુ રાતો થયોજી. ૨
ચઢી સંયમ ગજરાય, ઉપશમ ઝૂલ બનાય;
જિ૦ તપસીંદુરે અલંકર્યોજી. ૩
પાખર ભાવના ચ્યાર,સુમતિ ગુપતિ શિણગાર;
જિ૦ અધ્યાતમ અંબાડીયેજી. ૪
પંડિત વિર્ય કબાન, ધર્મ ધ્યાન શુભ બાણ;
જિ૦ ક્ષપકસેન સેના વળીજી. ૫
શુકલધ્યાન સમશેર, કર્મ કટક કીયો જેર;
જિ૦ ક્ષમાવિજય જિનરાજવીજી. ૬

—:*:—

૧ કમળ, ૨ ઉગતા, સૂર્ય જેવી રાતી.

શ્રી સુપાસજિન સ્તવન.

(ઝુમખડાની દેશી.)

દેહ ગેહ સોહાવિએ, મનદેહરાસર ખાસ. સોભાગી સાજના.
નજ ગુણ રૂચિ સિંહાસને, થાપો દેવ સુપાસ. સો૦ ૧
સમકિત બારણે બાંધીએ, તોરણ મૈત્રીભાવ; સો૦
ગુણીજન ગુણ અનુમોદના, સરસ સુવાસ બનાય. સો૦ ૨
કરૂણા શીતળ જળ ભરે, સંવર ભુમિ સમાર; સો૦
મધ્યસ્થ ભાવના મંડપે, રચના ભાવના બાર. સો૦ ૩
ચંદ્રોદય ધર્મ ધ્યાનનો, પંચાચાર ચિત્રામ; સો૦
ઉત્તરગુણ આરાધના, ઝલકે મોતી દામ. સો૦ ૪
ઓરસીઓ અપ્રમત્તતા, અનુભવ કેસર ઘોળ; સો૦
ક્ષપકશ્રેણી આરોહણા, પૂજના ભક્તિની ચોળ. સો૦ ૫
શુકલધ્યાનાનલ ધૂપીએ, ચારિત્રમોહની ચુરી; સો૦
પ્રગટ અનંતચતુષ્ટયી, ખિમાવિજય જિન ચુરી. સો૦ ૬

---o---

શ્રી ચંદ્રપ્રભજિન સ્તવન.

(રાગ રામગિરિ-તુંગીયાગિરિ શિખર સોહે—એ દેશી.)

શ્રીચંદ્રપ્રભ જગદિશ દીપે, વિશ્વપાવન નાથરે;
નામ ઠવણા દ્રવ્ય ભાવે, કરત લોક સનાથરે.
શ્રીચંદ્રપ્રભ જગદીશ દીપે.
નયરી ચંદ્રાનના નામે, મહસેન [1]મહીકંતરે;
રાણી લખમણા માત જાયો, નામ ચંદ્રપ્રભ ખ્યાતરે. શ્રી૦૨

---

૧ રાજા.

નામ જાંગુલી મંત્ર જાપે, પાપવિષધર નાશરે;
થાપના ત્રિહુ લોકમાંહિ, પૂજતાં સુખવાસરે. શ્રી૦ ૩
પાછલે ભવે પદ્મરાજા, યુગંધર મુનિ પાસરે;
ગ્રહી સંયમ યોગ સાધી, વૈજયંત નિવાસરે. શ્રી૦ ૪
તીન અધિકા તીસ સાગર, પાલી પૂરણ આયરે;
પોસ માસે કૃષ્ન બારસ, જનમીયા જિનરાયરે. શ્રી૦ ૫
[1]ગેહવાસી પણ ઉદાસી, ભોગવી વર રાજરે;
દાન વરસી દેઇ છઠ તપ, લહે [2]વ્રતસામ્રાજ્યરે. શ્રી૦ ૬
ઘાતીયાં હણી ચ્યાર ચુરી, ચ્યાર મહાવ્રત સૈન્યરે;
સમોસરણે ભાવ જિનવર, થયા સિદ્ધવરેણ્યરે. શ્રી૦ ૭
સર્વ ક્ષેત્રે સર્વ કાળે, જગતવત્સલ રૂપરે;
ક્ષમાવિજય જિનરાજ મહિમા, પ્રગટ પુણ્ય સરૂપરે. શ્રી૦ ૮

શ્રી સુવિધિજિન સ્તવન.

(વીરે વખાણી રાણી ચેલણાજી—એ દેશી.)

સુવિધિજિન વળી વળી વીનતિજી, મીનતી કેતી કરાય;
જગગુરૂ મોટીમમાં રહોજી, આતુર જન અકળાય. સુ૦ ૧
નાયક નજર માંડે નહિજી, [3]પાયક કરે અરદાસ;
જેહની પુંઠે જે સરજીયાજી, તેહને તેહની આસ. સુ૦ ૨
આપ અનંત સુખ ભોગવોજી, તેહનો અંસ દ્યો મુજ;
મિઠડું શાહુ જણે દિઠડુંજી, અવર શું ભાખીએ તુજ. સુ૦ ૩

---

૧ ઘરમાં વસનારા ગૃહસ્થી છતાં, ૨ વ્રતરાજ્યમાં સાર્વભૌમપણું, ૩ દાસ.

રયણ એક દેત રયણાયરેજી, [1]ઉણિમ કાંઈ ન થાય;
હાથીના મુખથી દાણો પડેજી, કીડીનું કુટુંબ વરતાય. સુ૦ ૪
ચંદ્રની ચંદ્રિકા વિસ્તરેજી, અમૃતમાં નહિ [2]હાણ;
ક્ષમાવિજય જિન લહરથીજી, જગ જીવ લહત કલ્યાણ. સુ૦ ૫

શ્રી શીતલજિન સ્તવન.

(હીરજી ગુરૂ વંદો—એ દેશી.)

શીતલજિન સહજાનંદિ, થયો મોહની કર્મ નિકંદી;
પરજાયિ બુદ્ધિ નિવારી, પરણામિક ભાવ સમારી. ૧
મનોહર મિત્ર એ પ્રભુ સેવો, દુનિઆમાંહિ દેવ ન એવો.
વર કેવલનાંણ વિભાસી, અજ્ઞાન તિમિર ભર નાસી;
જયો લોકાલોક પ્રકાશી, ગુણપજજવ વસ્તુ વિલાસી. મ૦ ૨
અક્ષયથિતિ અવ્યાબાધ, દાનાદિક લબ્ધિ અગાધ;
જેહ સાશ્વત સુખનો સ્વામી, જડ ઇંદ્રિય ભોગ વિરામી. મ૦ ૩
જેહ દેવનો દેવ કહાવે, યોગીશ્વર જેહને ધ્યાવે;
જસુ આણા સુરતરૂ વેલી, મુનિહૃદયઆરામે ફેલી. મ૦ ૪
જેહની શીતલતા સંગે, સુખ પ્રગટે અંગોઅંગે;
ક્રોધાદિક તાપ સમાવે, જિનવિજયાણંદ સભાવે. મ૦ ૫

શ્રી શ્રેયાંસજિન સ્તવન.

(નાન્હો નાહલોરે—એ દેશી.)

શ્રી શ્રેયાંસ જિણંદનીરે, સૂરતિ સુંદર દેખી; લાગી મોહનીરે.

---

૧ ઓછાશ, ૨ નુકશાન,

[1]મધુકર માચ્યો માલતીરે, બીજાં [2]રૂખ ઉવેખી. લા૦ ૧
આવળ ફુલ જયું ફુટડાંરે. નાહી ગુરૂ [3]પરિમળ લેશ; લા૦
વેશ બનાવે દેવનેરે, તિહાં રચ્યો પ્રેમનિવેશ. લા૦ ૨
બેપરવાહિ પદ્મમાસનેરે, મુખશશિ સહજ પ્રસન્ન. લા૦
નયન [4]પીયુખ કચોલડાંરે, વિષય વિકાર પ્રસન્ન. લા૦ ૩
રાગદ્વેષ વિણુ એકલોરે, ખડગી શૃંગ ઉપમાન; લા૦
વિશ્નુ પિતા વિશ્નુ માવડીરે, વિશ્નુમાં વ્યાપી ગ્યાન. લા૦ ૪
સૂતાં જાગતાં ઉઠતાંરે, ચાલતાં કરતાં કામ; લા૦
બોલતા બેસતા સાંભરેરે, ક્ષમાવિજય જિન નામ. લા૦ ૫

———:o:———

શ્રી વાસુપૂજ્યજિન સ્તવન.

(શ્રી રૂષભાનન ગુણનિલો—એ દેશી.)

આવો આવો મુજ મનમંદિરે, સમરાવું સમકિત વાસહો:
મુણિંદ, પંચાચાર બિછાવણાં પચરંગી રચના તાસહો
મુ૦ આ૦ ૧
સિજ્જા મૈત્રીભાવના, ગુણમુદિતા તળાઇ ખાસહો. મુ૦
ઉપશમ [5]ઉત્તરછદ બન્યો, તિહાં કરૂણા [6]કુસુમ સુવાસહો.
મુ૦ આ૦ ૩
થિરતા આસન આપરયું, તપ ટકિયા નિજ ગુણ ભોગહો;મુ૦
શુચિતા કેસર છાંટણાં, અનુભવ તંબોળ સુરંગહો.
મુ૦ આ૦ ૩

૧ ભમરો, ૨ ઝાડ, ૩ વાસના, ૪ અમૃત, ૫ ઓછાડ.
૬ ફુલ.

ખાંતિ ચમર વિંજશે, વળી મૃદુતા ઢાળે વાયહો. મુ૦
છત્ર ધરે રૂજુતા સખિ, નિર્લોભ ઓળાંસે પાયહો.મુ૦ આ૦ ૪
સત્ય [1]સચિવને સોંપશ્યું, સેવા વિવેક સંયુતહો; મુ૦
આતમ સત્તા શુદ્ધ ચેતના, પરણાવું આજ મુહૂર્ત્તહો.
મુ૦ આ૦ ૫
અરજ સુણિને આવિયા, જયાનંદ નિરૂપમ દેહહો; મુ૦
ઓચ્છવ રંગ વધામણાં, થયાં ક્ષમાવિજય જિન ગેહહો.
મુ૦ આ૦ ૬

———:o:———

શ્રી વિમલજિન સ્તવન.

(ગુહલી કરો ગુરૂ આગળે—એ દેશી)

વિમલવિમલ ગુણ તાહરા, કહવાયે હો કિમ એકણ [2]જીહ;
જગજંતુ સન્નિપણે, તસુ જીવિતહો અસંખ્યાતા [3]દીહ.વિ૦૧
સાયર શ્યાહિ સંભવે, સવિ વસુધાહો કાગદ ઉપમાન;
તરૂગણ લેખણ કીજીયે, ન લિખાયહો તુજ ભાસન માન.વિ૦૨
લિખન કથન અભિલાપ્યછે, અનંતગુણહો નભિલાપ્ય પયથ્થ;
કેવલનાણ અનંતગુણો, કહવાનેહો કુણ હોય સમથ્થ.વિ૦૩
રૂપી અરૂપી દ્રવ્યનાં, ત્રિહુકાલનાહો પજજવ સમુદાય;
પરણામીકતાએ પરિણમે, તુઝ જ્ઞાનમાંહો સમકાળ
સમાય. વિ૦ ૪
કેવળ દંસણ તિમ વળી, ગુણ બીજોહો ગ્રાહક સામાન્ય;
કરતા એકપણાથકી, ઉપયોગેહો સમયાંતર માન્ય. વિ૦ ૫

૧ પ્રધાન, ૨ જીભ, ૩ દિવ.

સુરગુણ સુખ પિંડિત કરી, કોઇ વર્ગિતહો કરે વાર અનંત;
તુમ્હ ગુણ અવ્યા બાધને, અનંતમેહો નવિ ભાગ
આવંત. વિ૦ ૬
દ્રવ્ય સાધર્મે બાહુરિ, સહુ સત્તાએ ભાસન પરતીત;
ફટક સંયોગે શામળો, નિજ રૂપેહો ઉજવળ સુપવિત્ત વિ૦ ૭
ક્ષમાવિજય જિન સેવના, નિતુ કીજેહો જિમ પ્રગટે તેહ;
સહજાનંદી ચેતના, ગુણી ગુણમાંહો રમે સાદી અછેહ.વિ૦ ૮

શ્રી અનંતજિન સ્તવન.

ત્રિભુવન તારણ તીરથ ગામ ચિંતામણી—એ દેશી.

અનંત જિણંદ મુણિંદ ઘનાઘન ઉન્હોરે; ઘનાઘન ઉ૦
સકળ અશોકનિ છાંહિ સભર છાહિ રહ્યોરે; સ૦
છત્રત્રયી ચઉ પાસ ચલંતા વાદળારે, ચ૦
ચંચળ ચોવીસ ચામર બગપરે ઉજળારે. બ૦ ૧
ભામંડલની જ્યોતિ ઝબુકે વિજળીરે, ઝ૦
રત્નસિંહાસન ઇંદ્રધનુષ શોભા મિલીરે; ધ૦
ગુહીરો દુંદુહિ નાદ આકાશે પુરતોરે, આ૦
ચોવીહ દેવનિકાય [1]મયુર નચાવતોરે. મ૦ ૨
બહુ વિધિ ફૂલ અમૂલ સુગંધિ વિસ્તરેરે, સુ૦
બાર પરખદા નયન સરસીયા કરેરે; સ૦
સુજયાનંદન વયણ [2]સુધારસ વરસતોરે, સુ૦

---

૧ મોર, ૨ અમૃત,

ભવિકહૃદય ભૂ પીઠ રોમાંચ અંકુરતોરે. રો૦ ૩
ગણધર [1]ગિરીવર શૃંગથી પસરિ [2]સુરસરિરે, પ૦
નયગમ ભંગ પ્રમાણ તરંગે પરવરિરે; ત૦
ક્રોધદાવાનલ શાંતિથી, શીતલ ગુણ વહેરે, શી૦
અશુભ કરમ ઘન [3]ધામ સમાધિ સુખ લહેરે. સ૦ ૪
વિકસિત સંયમ શ્રેણી વિચિત્ર વનાવળી, વિ૦
આશ્રવ પંચ જવાસકે મૂલ સંતતી બળીરે; મૂ૦
પસર્યો સુદ્ધ સુગાલ દુકાલ ગયો ટલીરે, દુ૦
ક્ષમાવિજય જિન સંપદ વરષા રૂતુ ફલીરે. વ૦ ૫

શ્રીધર્મનાથજિન સ્તવન.

(થાંપર વારી મ્હારા સાહિબા કબીલ મત જાજો—એ દેશી.)

[4]સૂરતી ધર્મજિણંદની, સમતારસ પૂરી;
અંતર દોષ અભાવથી, બની કાંતિ સુનૂરી. ૧
હું વારિ ધર્મજિણંદની મૂરતિને મટકે,
હાસ્ય અરતિ રતિ અજ્ઞાતા, ભય શોક દુગંછા;
રાગ દ્વેષ અવિરતી નહિ, કામ નિદ્રા મિછા. હું૦ ૨
દાનાદિક ગુણ અનુભવે, અંતરાય અભાવે;
વસ્તુ સ્વભાવિક ધર્મને, કુણ ઉપમ આવે. હું૦ ૩
પૂરણ પરમાનંથી, પદમાસન વાળી;
સાધ્ય સંપૂરણ નીપને, ન ધરે જપમાળી. હું૦ ૪
અંગના ઉછંગે નહિ, હાથે હથિયાર;
ક્ષમાવિજય જિનરાજની, [5]મુદ્રા અવિકાર. હું૦ ૫

---

૧ પર્વતના શિખરથી, ૨ ગંગાનદી, ૩ પરસેવો, ૪ દેદાર, ૫ છબી–આકૃતિ,

શ્રી શાંતિજિન સ્તવન.

(તાહરી આંખડીયે ઘર ઘાલ્યું ગહના ગિરિધારી—એ દેશી.)

તું પારંગત તું પરમેસર, વાલા મારા તું પરમારથ વેદી;
તું પરમાતમ તું પુરૂષોતમ, તું અછેદી અવેદીરે.
મનના મોહનીયા, તાહરી કીકી કામણગારીરે; જગના
સોહનીયા.
યોગી અયોગી ભોગી અભોગી, વા૦ તુંહિજ કામી અકામી;
તુંહી અનાથ નાથ સહુ જગનો, આતમ સંપદ રામીરે. મ૦ ૨
એક અસંખ્ય અનંત અનૂચર, વા૦ અકળ સકળ અવિનાશી;
અરસ અવર્ણ અગંધ અફાસી, તુંહિ અપાસી
અનાશીરે. મ૦ ૩
મુખ પંકજ ભમરી પરે ¹અમરી, વા૦ તુંહિ સદા બ્રહ્મચારી;
સમોસરણ લીલા અધિકારી, તુંહીજ સંયમ ધારીરે. મ૦ ૪
અચિરાનંદન અચરિજ એહિ, વા૦ કહુણીમાંહિ ન આવે;
ક્ષમાવિજય જિન વયણ સુધારસ, પીવે તેહિજ પાવેરે. મ૦ ૫

શ્રી કુંથુનાથજિન સ્તવન.

(દેશી લલનાની.)

કરૂણા કુંથુજિણંદની, ત્રિભુવન મંડળમાંહિ; લલના.
પરમેસર પંચ કલ્યાણકે, પ્રગટ ઉદ્યોત ઉછાહ. લલના૦ ક૦ ૧
સુરસુત તન ખટકાયને, રાખે અચરિજ રૂપ; લ૦
ભાવ અહિંસક ગુણ તણો, એ વ્યવહાર અનૂપ. લ૦ ક૦ ૨

---

૧ દેવાંગનાઓ—ઇંદ્રાણીએ.

દાધો દુષ્ટ વ્યંતરથકી, [1]છાગ રહ્યો પગ આય; લ૦
પરમ કૃપાળ પ્રભુ મિળે, કહો કિમ [2]અળગો થાય. લ૦ ક૦ ૩
શાંત અનુમત વચતણો, લોકોત્તર આચાર; લ૦
ઉદયિક પણ અરિહંતનો, ન ધરે વિષય વિકાર. લ૦ ક૦ ૪
અસંખ્ય પ્રદેશે પરિણમે, અવ્યાબાધ અનંત; લ૦
વાનગી અવની મંડલે, વિહારે [3]ઇતિ સમતંત. લ૦ ક૦ ૫
જગજંતુ જિનવરતણો, શરણે સિદ્ધિ લહંત; લ૦
ક્ષમાવિજય જિનદેશના, જલધર પરે વસંત. લ૦ ક૦ ૬

શ્રી અરનાથજિન સ્તવન.

(થારે માથે પચરંગી પાઘ સોનારો છોગલો મારૂજી—એ દેશી.)

અરજિનવર નમીએ નિજ ઘર રમીએ જીવના સાહીબજી;
પર પરણતી દમીએ નવી ભમીએ [4]ભવગહનમાં
સાહીબજી૦ ૧
ગયો કાલ અનંતો પ્રભુ અણ લહતો નિંદમાં; સા૦
મિથ્યામતિ નીરો કીનો વિષયાલીંદમાં. સા૦ ૨
[5]વર રમણિ રૂપે લીનો દિનો મૈથુને; સા૦
આશ્રવ ભર ભારી પાપ અંધારિ પૈશુને. સા૦ ૩
થયો લાખ ચોરાશી યોની વાસી મોહ વસે; સા૦
વર્યો તૃશ્ના દાસી, પુદ્ગલ આસી બહુ ધસે. સા૦ ૪

---

૧ બકરો, ૨ દૂર ૩ મરકી વગેરે રોગ ઉત્પાત, ૪ ભવરૂપી જંગલ, ૫ શ્રેષ્ઠ-ઉત્તમ,

વિશ્વાનર રાતો માને માતો કુકરો; સા૦
માયા વિષવેલી કરતો કેલી વાનરો. સા૦ ૫
લોભાનલ દાઘો ખાધો મમતા સાપિણી; સા૦
ડાકિણ પરે વળગી ન રહે અળગી પાપીણી. સા૦ ૬
લોકોદરદ્રેગે અરિયણ સંગે હેળવ્યો; સા૦
ભવિતવ્યતા અમરિ સમરી નરભવ મેળવ્યો. સા૦ ૭
નવિ કિજે ખામી અવસર પામી પુણ્યથી; સા૦
જ્ઞાનાવરણાદિ કર્મ્મ મર્મ્મ થિતિનું નથી. સા૦ ૮
સમ્યકત્વ સદાગણ ગુણગણ આગમ પામીને; સા૦
કહે ચેતના નારી પ્યારી આતમ રામને. સા૦ ૯
કિમ તજીએ ભજીએ ક્ષમાવિજય જિન નામને; સા૦
જો વાંછો અનોપમ અક્ષય લીલાધામને. સા૦ ૧૦

શ્રી મલ્લિજિન સ્તવન.

(સુણ બેહેની પિયુડો પરદેશી—એ દેશી.)

મલ્લિજિણેસર ધર્મ તુમ્હારો, સાદિ અનંત સ્વભાવજી;
લોકાલોક વિશેષાભાષણ, જ્ઞાનાવરણી અભાવજી. મ૦ ૧
એક નિત્યને સઘળે વ્યાપી, અવયવ વિણ સામાન્યજી;
બીયાવરણ અભાવે દેખે, ઉપયોગાંતર માન્યજી. મ૦ ૨
આતમ એક અસંખ પ્રદેશી, અવ્યાબાધ અનંતજી;
વેદની વિનાશે માચે, લોકે દ્રવ્ય મહંતજી. મ૦ ૩
મોહનીય ક્ષયથી ક્ષાયિકસમકિત, યથાખ્યાત ચારિત્રજી.
વીતરાગતા રમણો આયુ, ક્ષય અક્ષય થિતિ નિત્યજી. મ૦ ૪

પંચ દેહ અવગાહના આકૃતિ, નામ વિભાવ અનૂપજી;
વર્ણ ગંધ રસ ફાસે વર્જિત, અતીંદ્રિય સરૂપજી. મ૦ ૫
અગુરૂ લઘુ ગુણ ગોત્ર અભાવે, નહી હલુવા નહિ ભારજી;
અંતરાય વિજયથી દાનાદિક–લબ્ધિ ભંડારજી. મ૦ ૬
ચેતન સમતાયેં મુજસત્તા, પરખી પ્રભુપદ પામીજી;
આરીસો કાટે અવરાણો, મળ નાસે નિજ ધામજી. મ૦ ૭
સંગ્રહનય જે આતમસત્તા, કરવા એવંભૂતજી;
ક્ષમાવિજય જિનપદ અવલંબી, સુરનર મુનિ પુહુતજી.મ૦ ૮

શ્રી મુનિસુવ્રતજિન સ્તવન.

જય જય મુનિસુવ્રત જગદિશ, વરસે વાણિ ગુણ પાંત્રીશ;
વારે ઘાતી સુડતાલીશ, જેહથી પ્રગટેરે જેહથી પ્રગટેગુણ
અકત્રીશરે. ૧
મુણિંદા તુજ દેશના સુખખાણિ,સુખ ખાણિરે મેં જાણિરે મુણિંદા;
જેહથી લાજે સાકર–પાણિરે. મુ૦એતો ધર્મરાય
પટરાણીરે. મુ૦ ૨
એહનાં અંગ ઉપાંગ અનૂપ, એહનું મુખડું મંગળરૂપ;
એતો નવરસ રંગ સરૂપ, એહનાં પગલાંરે એહનાં પગલાં
પ્રણામે ભૂપરે. મુ૦ ૩
એતો એક અનેક સ્વભાવ, એતો ભાસે ભાવ વિભાવ;
એતો બોલે બહુ પ્રસ્તાવ, એ તો ભંગીરે એતો ભંગી
સમે બનાયરે. મુ૦ ૪
એ તો નયગર્ભિત અવદાત, એહનો તીર્થંકર પદ તાત;
એ ચઉ પુરૂષારથની માત, એહનાં સકલાંરે એહનાં સકલાં
અર્થ છે જાતરે. મુ૦ ૫

એહનો ત્રિહુ જગમાં ઉદ્યોત, જિપે રવિ શશિ દીપક જ્યોત;
[1]બીજા વાદિ શ્રુત [2]ખદ્યોત, એતો તારેરે એતો તારે જિમ
[3]જલપોતરે. મુ૦ ૬
એહને ગણધર કરે શિણગાર, એહને સેવે સહુ અણગાર;
એહતો ધુરથી સદા બ્રહ્મચાર, એ તો ત્રિપદીરે એતો
ત્રિપદિનો વિસ્તારરે. મુ૦ ૭
એહથી જાતીનાં વયર સમાય, બેસે વાઘણ ભેળી ગાય;
આવે સુરદેવી સમુદાય, અહને ગાવેરે એહને ગાવે પાપ
પલાયરે. મુ૦ ૮
એહને વાંછે નર ને નાર, એહથી નાસે કામ વિકાર;
એહથી ઘર ઘર મંગળ ચ્યાર, એ તો મુનિજિનરે એતો
મુનિજિન પ્રાણ આધારરે. મુ૦ ૮

શ્રી નમિનાથ સ્તવન.

(ઉભી ભાવલ દેરાણી અરજ કરે છે.—એ દેશી.)

ખિજમતિ ગારો ખાસો મૂકું ન પાસો, મુજને સમકિત વાસો
હો વપ્રા રાણીના જાયા; સુરનર નાગિંદ ગાયા, મોહન
મહિર કરીજે; આશ ધરીને આયા અહોનિશ સેવે, તેહને
દીજે દિલાસાહો, વપ્રા રાણીના જાયા. મુ૦
ઘરઘર ભટકી લાજ ગમાવે, તે સેવક કુંણ લેખેહો; વ૦
પતિત પાવન જગજીવન ઓષધી, સરિસ દરિસણ ઉવેખેહો.
વ૦ મુ૦ મો૦ ૨

---

[1]પરમતના ચગી ચર્ચા કરનારા, [2] આગીયા, [3] વહાણ,

ક્ષમ સનેહ દૃષ્ટીરાગને છાડી, ગુણરાગે રસમંડીહો; વ૦
પ્રાણ તજે પણ પ્રીત ન છંડે, તેહની કીર્તિ અખંડીહો.
વ૦ સુ૦ મો૦ ૩
ક્ષેત્ર કાળાદિક કારણ દાખી, મુજને શું ભોળાવોહો;
પ્રણત મ્હારી સાહ્ય તુમ્હારી, અવસર એહ બનાવોહો.
વ૦ સુ૦ મો૦ ૪
ભૂ જળ યોગે અંકુર શક્તિ, પ્રગટ એહ નહિ છાનોહો. વ૦
ક્ષમાવિજય જિન કરૂણા લહરી, અક્ષયલીલ ખજાનોહો.
વ૦ સુ૦ મો૦ ૫

શ્રી નેમિનાથજિન સ્તવન.

(અંતરથી અમ્હને આજ ગરવે ગીરધારી—એ દેશી.)

તોરણ આવિ [1]કંત, પાછા વળીયારે;
મુજ ફુરકે [2]દાહિણ અંગ, તિણે અટકળીયારે. ૧
કુણ જોશી જોયા જોશ, [3]ચુગલ કોણ મળીયારે;
કુણ અવગુણ દીઠા આજ, જિણથી ટળીયારે. ૨
જાઓ જાઓરે સહિયરો દૂર, સ્યાને છાડોરે;
પાતળીયો શામળવાન, વાલિમ તેડોરે. ૩
યાદવકુળ તિલક સમાન, એમ ન કીજેરે;
એક હાંસુ બીજી હાણિ, કેમ ખમીજેરે. ૪
ઇહાં વાયે ઝંઝ [4]સમીર, વીજળી ઝબકેરે;
બાપીઓ પીઉ પોકારે, હિયડું ચમકેરે. ૫

---

૧ ધણી, ૨ જમણું, ૩ ચાડિયા, ૪ પવન,

ડરપાવે [1]દાદુર મોર, નદીઓ માતીરે,
ઘન ગર્જારવને જોર, ફાટે છાતિરે. ૬
[2]હરિતાંશુક પહિર્યાં ભૂમિ નવ રસ રંગરે;
બાવલીયા નવસર હાર, પ્રીતમ સંગરે. ૭
મેં પૂરવ કીધાં પાપ, તાપે દાધિરે;
પડે આંસુ ધાર સંવિખાધ, વેલડી વાધીરે. ૮
મુને ચઢાવી મેરૂ શિશ, પાડી હેઠેરે;
કિમ સહુવાયે મહારાય, વિરહ અંગીઠીરે. ૯
મુને પરણી પ્રાણ આધાર, સંયમ લેજ્યોરે;
હું પતિવ્રતા છું સ્વામી, સાથી વહેજ્યોરે. ૧૦
એમ આઠ ભવાંરી પ્રીત, પિઉડા પળશેરે;
મુજ મનહ મનોરથ નાથ, પૂરણ ફળશેરે. ૧૧
હવે ચાર મહાવ્રત સાર, ચૂંદડી દીધિરે.
રંગીલી રાજુલ નારી, પ્રેમે લીધીરે;
મૈત્રાદિક ભાવના ચ્યાર, ચોરી બાંધીરે.
[3]દહી ધ્યાનાનળ સળગાયા, કર્મ ઉપાધીરે. ૧૩
થયો રત્નત્રયી કંસાર, એકીભાવેરે;
આરોગે વર ને નારી, શુદ્ધ સ્વભાવેરે. ૧૪
તજી ચંચળતાત્રિયોગ, દંપતિ મળિયારે;
શ્રીક્ષમાવિજય જિન નેમ, અનુભવ કળિયારે. ૧૫

—:*:—

---

૧ દેડકે, ૨ લીલાંહરીયાં, ૩ બાળી,

શ્રી પાર્શ્વનાથજિન સ્તવન.

(ઘોડી આઇ થારા દેશમાં મારૂજી—એ દેશી)

પરમ પુરૂષ પરમાતમા સાહિબજી, પુરીસાદાણિ પાસહો;
શિવસુખરા ભમર, થાંસે વિનતી સાહીબજી.
અવસર પામી ઓળગું, સા૦ સફળ કરો અરદાસહો. શિ૦૧

[1]હાયનંદન મોહભૂપરા, સા૦ તિણે કર્યો જગત્રંધોળ; શિ૦
દ્વેષ [2]કરિ રાગ [3]કેહરી, સા૦ તેહના રાણા સોળહો. શિ૦ ૨

મિથ્યા મેહતો આગળો, સા૦ કામ કટક [4]સિરદારહો; શિ૦
ત્રણ રૂપ ધરી તેહ રમે, સા૦ હાસ્યાદિક પરિવારહો; શિ૦૩

મોહમહીપરા જોરથી, સા૦ જગ સઘળો થયો [5]જેરહો;શિ૦
હરિ હર સુર નર સહુ નમ્યા, સા૦ જકડી કર્મની ઘેરહો. શિ૦૪

ભવથિતિ ચોગતિ ચોકમાં, સા૦ લોક કરે પોકારહો; શિ૦
આપ ઉદાસી થઇ રહ્યા, સા૦ ઇમ કીમ રહશ્યે કારહો. શિ૦૫

ક્ષપકશ્રેણિરી ગજઘટા, સા૦ હુલકાશે અરિહંતહો; શિ૦
નાણખડગ મુજ કર દીયો, સા૦ ક્ષણમાં કરૂ [7]અરી [8]હંત. શિ૦૬

કરૂણા નયન કટાક્ષથી, સા૦ રિપુદળ હોએ વિસરાળહો;શિ૦
ક્ષમાવિજય જિન સંપદા, સા૦ પ્રગટે ઝાકઝમાળહો શિ૦ ૬

—o—

૧ બે મોહ રાજાના પુત્ર રાગ દ્વેષ, ૨ હાથી, ૩ સિંહ, ૪ સેનાપતી, ૫ મોહરાજાના ૬ નરમ-તાબે, ૭ શત્રુ ૮ મારીનાંખીશ,

શ્રી મહાવીરજિન સ્તવન.

(ઇમ ધન્નો ધણુને પરચાવે—એ દેશી)

વીરજિણંદ જગત ઉપગારી, [1]મિથ્યાધામ નિવારીજી;
દેશના અમૃત ધારા વરસી, પર પરણુતિ સવી વારીજી. વિ.૧
પંચમ આરે જેહનો શાસન, દોય હજાર ને ચ્યારજી;
યુગ પ્રધાન સૂરીસર વહશે,સુવિહિત મુનિ આધારજી. વી૦૨
ઉત્તમ આચારજ મુનિ [2]અજજા, શ્રાવક શ્રાવિકા અચ્છજી;
લવણુજલધિમાંહિ મીઠો જલ, પીવે સીંગીમચ્છજી. વી૦ ૩
દશ અછેરે દુખિત ભરતે, બહુ મત ભેદ કરાળજી;
જિનકેવળ પૂરવધર વિરહે, [3]ફણિસમ પંચમકાળજી. વી૦ ૪
તેહનો [4]ઝહર નિવારણ મણિ સમ, તુમ્હ આગમ તુજ બીંબજી
નિશિ દીપક [5]પ્રવહણ જિમ દરીએ, [6]મરૂમાં સુતરૂ લુંબજી. વી૦ ૫
જૈનાગમ [7]વક્તા ને [8]શ્રોતા, સ્યાદ્વાદ શુચિ બોધજી;
કળી કાળે પણ પ્રભુ તુમ્હ શાસન,વરતે છે અવિરોધજી. વી૦૬
મ્હારે તો સુખમાથી દુખમા, અવસર પુણ્યનિધાનજી;
ક્ષમાવિજય જિન વીર સદાગમ, પામ્યો સિદ્ધિ નિદાનજી.વિ૦ ૭

ઇતિ શ્રી જિનવિજય કૃત ચોવિશી સમાપ્ત.

---

૧ મિથ્યારૂપ પરસંવો બંધ પાડીને, ૨ આર્યા–સાધ્વીયો, ૩ સાપ સરખો, ૪ સાપનું ઝેર ઉતારનાર મણિ સમાન, ૫ જહાજ, ૬ મારવાડમાં આંબાની કેરીઓની લુંબ, ૭ કહેનાર, ૮ સાંભળનાર,

પંડિત શ્રીરૂપવિજયજીગણિ રચિત ગહુંલીઓ.

૧ મહાવીર સ્વામીની ગહુંલી,

જિણંદા તારી વાણીએ મન મોહ્યું. એ દેશી.

શાસન નાયક વીર જિણંદ, મુખડું સરદ પુનમનો ચંદ,
દેખત મોહ્યો સુરનર ઇંદ, વાણી સુણતાં રે વાણી સુણતાં
આધિક આણંદ, હે સાહેલી જિનવાણીએ મન મોહ્યું;
મન મોહ્યું રે દુઃખ ખોયું, હે સાહેલી જિનવાણી૦ ૧ એ ટેક.
ચઉ અનુજોગ નિખેપે સાર, સગ નય સગ ભંગી વિસ્તાર;
મધુ સાકર અમૃતથી સાર, મીઠી વાણીરે મીઠી વાણી કરે
વિસ્તાર, હે સાહેલી જિનવાણી૦ ૨
રચીયું સમવસરણ શ્રીકાર, જોયણ માને જશ વિસ્તાર;
રજત કનક મણિમય પ્રાકાર, આવે ભાવે રે આવે ભાવે
સુર નર નારી હે, સાહેલી૦ ૩
પરખદ બારે બેઠી જેહ, નિજ નિજ થાનિક સોહે તેહ;
વાણી સુણતાં વાધ્યો નેહ, કહેતાં નાવેરે કહેતાં નાવે કહે-
ણીએ રેહરે; હે સાહેલી જી૦ ૪
આવ્યા વ્યંતર જોઇસ ઇંદ, ભુવનપતિ વૈમાનિક વૃંદ;
મલીયા વિદ્યાધર ગુણ કંદ, પૂજી પ્રેમે રે પૂજી પ્રેમે દહે દુખ
દંદ, હે સાહેલી જી૦ ૫

સાંભળી હરખી કુણિક નાર; સજીયા સુંદર સોળ સિંગાર;
ચંદા વયણી પહેરી હાર; રુપે જીપે રે રુપે જીપે સુર વહુવાર.
હે સાહેલી જી૦ ૬
આવે વંદે જિન પાય, પૂરે સ્વસ્તિક શુચિ મન લાય;
મુક્તાફલ પ્રભુ પાય વધાય, જોતી જિન મુખરે જોતી જિન
મુખ હરખ ભરાયરે. હે સાહેલી૦ ૭
ગુરૂ પદપદ્મ વધાવે જેહ, તસ મિથ્યાતમ ન રહે રેહ;
રુપવિજય કહે નિશ્ચે તેહ, સુર સુખ વિલસીરે સુર સુખ
વિલસી લહે શિવ ગેહ, હે સાહેલી જી૦ ૮

---

૨ મહાવીર સ્વામીની ગહુલી.

સખી વીર જિણંદ આમલકલપાં ઉદ્યાનમાં આવી સામોસર્યા.
એ ટેક૦
દેવ દુંદુભી ગગને ગાજે છે, વલી વૃક્ષ અશોક તે છાજે છે;
ચૈત્ય તરૂ સિરપર રાજે છે. સખી વીર૦ ૧
પંચ વરણી કુસુમ વરસાવે છે, જલથલના ઉપના લાવે છે;
જાનુ પરમાણુ બિછાવે છે. સખી વીર૦ ૨
મણી રયણ સિંહાસન સોહે છે, દિવ્ય વાણીએ મન
મોહે છે;
ભવિ જીવને પ્રભુ પડી બોહે છે. સખી વીર૦ ૩
તનુ કાંતિ ભામંડલ દીપે છે, રવિ દ્વાદસ તેજે જીપે છે;
સુર કોટી જાસ સમીપે છે. સખી વીર૦ ૪

જસ શિરે ત્રિક છત્ર ધરાએ છે, ચંચલ ચામર વિંજાએ છે;
સુર કિંનર જસ ગુણ ગાએ છે. સખી વીર૦ ૫
તિહાં પરષદ બાર ભરાણી છે, જિન વાણી સુણી હરખાણી છે;
નિજ આતમ સુચિ રૂચી જાણી છે. સખી વીર૦ ૬
હરખી સખી વયણ સુણી કાને, જઇ વંધ્યા જિન ઘણું બહુ માને;
રાણી ધારણી જનમ સફલ માને. સખી વીર૦ ૭
મુક્તાફલ સાથીઓ પૂરે છે, દુર્ગતિનાં દુઃખડાં ચુરે છે;
પ્રભુ ભગતી રસથી સનુરે છે. સખી વીર૦ ૮
પ્રભુના પદ પદ્મ વધાવે છે. સુરવધૂ નરવધૂ ગુણ ગાવે છે;
કવિ રૂપને ચિત્ત સુહાવે છે. સખી વીર૦ ૯

૩ મહાવીર સ્વામીની ગહુલી.

આવો મુજ મન મંદિરે એ. દેશી.

એક દિન આવી સમોસર્યા, વિચરંતા વીર જિણંદ હો મુણિંદ;
નયરી અપાપા ઉદ્યાનમાં, સાથે દેવ દેવીના વૃંદ હો મુણિંદ,
જયો જયો જગગુરૂ જગ ધણી. ૧ એ ટેક૦
સમવસરણ મધ્ય આસને, બેસી પ્રભુ ધર્મ કહંત હો મુણિંદ
ઇંદ્રભૂતિ પમુહા તિહાં, ગણધર થાપે ગુણવંત હો મુણિંદ.
જયો જયો૦ ૨
માધવ સુદિ એકાદશી, પહેલે જામે જગદીશ હો મુણિંદ;
ત્રિપદી અરથ પ્રકાસીયો, જગ ભાવ દયા કરી ઇશ હો
મુણિંદ. જયો૦ ૩

તેહ અરથ ગણધર ગ્રહી, અંગ બારની રચના કીધ હો મુણિંદ
સામાયિક ધુર સંગ્રહી, બિંદુસાર તે અંતે દીધ હો મુણિંદ.
જયો૦ ૪
ભાવ મંગલ પંચ નાણની, રચના ને ગણધરવાદ હો મુણિંદ;
સગ નયવાદ સોહામણો, નિહ્નવ ચરચા અભિવાદ હો મુણિંદ.
જયો૦ ૫
ધ્યાન શતક જોગ સંગ્રહી ષટ આવશ્યકના ભાવ હો મુણિંદ;
ચાર નિખેપે ચુંપરયું, સ્યાદ્વાદ પણે શુભવાદ હો મુણિંદ.
જયો૦ ૬
ગુણ પર્યાયને દ્રવ્યથી, કરી તીર્થ અનુજ્ઞા નાથ હો મુણિંદ;
વાસ ઠવે શિર ઉપરે, ભરી મુઠી જમણે હાથ હો મુણિંદ;
જયો૦ ૭
પ્રથમ વાયણ સમે ગુંહલી કરે, ઇંદ્રાણી ધરી રંગ હો મુણિંદ;
નરપતિ ગૃહપતિ ગેહિની, મન ધરતી અધિક ઉમંગ હો મુણિંદ.
જયો૦ ૮
પ્રભુપદ પદ્મ વધાવતી, લેઇ કનક રજતના ફુલ હો મુણિંદ;
શુદ્ધ સ્વરૂપને ધ્યાવતી, ગાએ મંગલ ગીત અમૂલ હો
મુણિંદ. જયો૦ ૯

---

૪ મહાવીર સ્વામીની ગહુલી.

નવ કનક કમલ પગલા ધરતા, વલી ચોત્રીસ અતિશય
અનુસરતા;

સવિ જીવ ઉપર કરૂણા કરતા. સખી વીર જિણંદ પાવાપુરી
ઉદ્યાનમાં આવી સમોસર્યા. ૧
મણી કનક રજત વપ્રે ભારી, કરી સમવસરણ શોભા સારી;
મલ્યા સુર નરપતી સેવા કારી. સખી વીર૦ ૨
દેવ વાજિંત્ર ગગને ગાજે છે, સુણી કુમતી કદાગ્રહી લાજે છે;
પ્રભુની ઠકુરાઇ છાજે છે. સખી વીર૦ ૩
ઇંદ્રભુતિ પમુહા આવે છે; સર્વજ્ઞનું બિરૂદ ધરાવે છે;
જિન વીરસું વાદ મચાવે છે. સખ વીર૦ ૪
સુણી વેદ અરથ મદ ગલીયા છે, જીવાદિક શંસય ટલીયા છે;
જિન ચરણે મનમાં મલીયા છે. સખી વીર૦ ૫
દીક્ષા પ્રભુ હાથે લીધી છે, ત્રિપદી જિનરાજે દીધી છે;
અંગ બારની રચના કીધી છે. સખી વીર૦ ૬
હરી ચુરણ વાસ કરી રંગે, ભરી થાલ રહ્યો જિનને સંગે;
પ્રભુ ગણધર શિર ઠવે ઉછરંગે. સખી વીર૦ ૭
સુર નરનારી મંગલ જાણી, કરે ગુંહલી ભાવ ભગતે આણી;
જિનરાજ વધાવે ગુણ ખાણી. સખી વીર૦ ૮
શ્રી પ્રભુપદ પદ્મ નમી ભાવે, દિલમેં આગમ વાણી ધ્યાવે:
નિત રૂપવિજય સંપત્તિ પાવે. સખી વીર૦ ૯

---

૫ મહાવીર સ્વામીની ગુંહલી,

ધન ધન જિન વાણી એ દેશી.

વીતભય પાતક વીર જિણંદા,
ભાવેજન કૈરવ ચંદારે; મ્હારી સઇરે સમાણી;

આયા મુનિવર વૃંદ સુહાયા,
નવ કનક કમલ ઠવે પાયારે. મ્હારી સ૦ ૧
ત્રણ ગઢ શોભિત ઝાક ઝમાલા,
દેવ દુંદુભી વાજે રસાલારે; મ્હારી સ૦
વૃક્ષ અશોક તિહાં સોહાવે,
સુર કુસુમ વૃષ્ટિ સોહાવેરે. મ્હારી સ૦ ૨
સિંહાસન બેઠા જિન ભાણુ,
સુર ચામર વીંઝે સુજાણુરે. મ્હારી સ૦
ત્રણ છત્ર શિર ઉપર રાજે,
પ્રભુ દીવ્ય ધ્વનિએ ગાજેરે. મ્હારી સ૦ ૩
પુંઠે દેશે ભામંડલ સોહે,
ખેચર ભૂચર મન મોહે રે. મ્હારી સ૦
આવે સુરાસુર કોડાકોડી,
ભગતી થકી કર જોડીરે. મ્હારી સ૦ ૪
ધન્ય દિવસ વેલા વડી આજ,
પાઉ ધાર્યાં શ્રી જિનરાજ રે. મ્હારી સ૦
કંચન ધારે વરસિલો મેહ,
સુર તરૂ ફલીયો અમ ગેહરે મ્હારી સ૦ ૫
કામગવી અમ આંગણે ઠાઇ,
પ્રભુ વીરની આઈ વધાઇ રે. મ્હારી સ૦
દેઇ વધામણી વંદન આવે,
ચતુરંગી સેના સોહાવે રે. મ્હારી સ૦ ૬
રાય ઉદાઇ જિન પ્રણમંતો,
સુણે દેશના હરખ ધરંતો રે. મ્હારી સ૦

સંવર જોગે શુક્લમતિ જાગી,
લીએ સંયમ નૃપવડ ભાગી રે. મ્હારી સ૦ ૭
પ્રભાવતી સાણી ગુણ ખાણી,
કરે ગુંહલી હરખ ભરાણી. મ્હારી સ૦
મુગતાફલે પ્રભુ પાય વધાવે,
સોહામણી મંગલ ગાવે રે. મ્હારી સ૧ ૮
રાય ઉદાચી શિવ સુખ પાયા,
સાદિ અનંત સ્થિતિ ઠાયા રે. મ્હારી સ૦
તસ પદ પદ્મવિજય સુખ દાઈ,
નિત નમતાં રૂપ સવાઇ રે. મ્હારી સ૦ ૯

૬ ગૌતમ સ્વામીની ગુહલી.

હો નેમ ધુત્રરી તારી ધમ ધમ વાગે એ દેશી
ચઉ નાણી ગુણ ખાણી ગોયમ,
ગણધર ગુણ ભંડાર સખીર આવીયા ગુરૂ
ગોયમ સામી.
ચઉદ સહસ મુનીવરના મોભી,
રિદ્ધિ સિદ્ધિ દાતાર. સખીરે આવીયા૦ ૧
લબ્ધિવંત મહંત સોભાગી,
શાસનના શિણગાર સખીરે આવીયા૦
દ્વાદશ અંગ રયણ રોહણ ગિરિ,
પંચસયાં પરિવાર. સખીરે આવીયા૦ ૨

ગામ નગર પુર પાવન કરતા,
ધરતા શુદ્ધ આચાર. સખીરે આવીયા૦
ષટ્વ્રત ધારી છ કાયના પીહર,
અપડિબદ્ધ વિહાર. સખીરે આવીયા૦ ૩
જ્ઞાન ધ્યાન તપ કિરિયા ધોરી,
તોડી મોહની જાલ. સખીરે આવીયા૦
અઢાર સહસ શીલાંગના ધોરી,
સંવર પંચ રસાલ. સખીરે આવીયા૦ ૪
ગુણશીલ વનમેં ગુણનિધિ આયા,
કનક કમલ પરે ઠાયા. સખીરે આવીયા૦
ગોયમ ગોભર સાંભલી ગોપતિ,
પરમાણંદ પદ પાયા. સખીરે આવીયા૦ ૫
આગમ ભાખી તત્ત્વ પ્રકાશી,
ગુણરાશી ગચ્છરાજ. સખીરે આવીયા૦
નમનાભિગમન વંદન કરતાં,
સીઝે સઘલાં કાજ. સખીરે આવીયા૦ ૬
ગુણ ગણ ખાણી શ્રેણિક રાણી,
ચેલણા હરખ ભરાણી. સખીરે આવીયા૦
ફાર શિંગાર રચી શચી સરખી,
સમકીત શીયલ સોહાણી. સખીરે આવીયા૦ ૭
ચઉગતિ ચુરક સાથીઓ પૂરી,
ગુરૂપદ પદ્મ વધાવે. સખીરે આવીયા૦
અનુત્તર રૂપવિજય ગુરૂ ગોયમ,
સહચર મલી ગુણ ગાવે. શખીરે આવીયા૦ ૮

૭ સુધર્મા સ્વામીની ગુહલી.

દેશી બિંદલીની.

સોહમ સ્વામી ગુણ ભરીયા, ચઉ નાણી ચારિત્ર દરિયા
હો ગણધર ગુણવંતા;
ખટ જીવની જયણા કરતા, સંગ સુમતા શું ધરતા હો. ગણ. ૧
અડપવયણ જનની પાલે, નિજસંગથી અડમદ ટાલે હો. ગણ.
દુહ સજ્જા ચારના ત્યાગી, શિવ રમણી સંગના રાગી હો. ગણ.૨
જે પંચ ક્રિયાને તજતા, સંવર સુમતિ વ્રત ભજતા હો. ગણ.
પટ્ ભાષા અશુદ્ધ ન ભાષે, જિન મારગ સુધો દાખે હો ગણ. ૩
અઠાવીસ લબ્ધિ ધારિ, પરિસહની ફોજ નિવારી હો ગણ.
જિનવરની આણા પાલી, જગ વિહરે નિજગુણ રામી હો ગણ. ૪
નરપતિ ગૃહપતિની નારી, નિજ આતમભાવ સમારી હો ગણ.
દ્રવ્યભાવથી ગુંહલી બનાવે, ગુરૂના પદ પદ્મ વધાવે હો ગણ. ૫
નિજ આતમ રાયને તારે, જડ પુદ્‌ગલ સંગતિ વારે હો ગણ.
ચિદાનંદ સ્વરૂપને ધ્યાવે, રુપવિજય મહાપદ પાવે હો ગણ. ૬

---

૮ સુધર્મ સ્વામીની ગુહલી.

આવો હરિ લાસરીયા વલા. એ દેશી.

મુનીસર સમતા રસ સંગી, વસે સુભ જોગે ગુણરંગી;
મતિ જસ વરતે સગ ભંગી, મુનીસર સમતા રસ સંગી. ૧
સદા જે શિવ રમણી રસીયા, અધ્યાતમ જોગ લહે ધસીયા;

ચિદાનંદ સુખ માંહી વસીયા. મુનીસર૦ ૨
તજે નિત પંચાશ્રવ દૂરે, પડે નહિ ઇંદ્રીરસ પૂરે;
મુનીવર કરમ રિપૂ ચુરે. મુનીસર૦ ૩
વહે શિર જિનવરની આણ, તજે નવ નીયાણા ઠાણ;
સદા જે સગ નયના જાણ. મુનીવર૦ ૪
ભલી અડવીસ લબ્ધિ ધારી, આયા પ્રભુવીરના પટધારી;
ગણાધીપ સોહમ સુખકારી. મુનીસર૦ ૫
સોહે મુની પંચ સયાં સંગે, કહે જિનવાણી ઉછરંગે;
લહે રસ પરખદ ઉમંગે. મુનીસર૦ ૬
નરાધીપ શ્રેણિકની નારી, સજી નવ સત શોભા સારી;
રહી ગુરૂ સનમુખ મનોહારી. મુનીસર૦ ૭
કરે તવ ગુંહલી મન રંગે, મલી સહુ સહીઅરને સંગે;
નમે ગુરૂપદ યુગ ઉછરંગે. મુનીસર૦ ૮
કરી શુચિ સમકીતની કરણી, મિથ્યાતમ દૂર કરણ તરણી;
વિધિએ રૂપવિજય વરણી. મુનીસર૦ ૯

---

૯ સુધર્મ સ્વામીની ગુહલી.

ઉભી આવલદે રાણી અરજ કરે છે, અબકો ચોમાસું ઘર રહીએ
હોવું દીગઠરા હો હાડા સાહિબા ચલણ ન દેસ્યાં—એ દેશી.

વીર પટાંબર દિનમણી સરીખા, ગણધર સોહમ નામે હો;
ગુણગણના હો દરિયા, ચારિત્ર રયણના ભરીયા,
સમતા રસને અનુસરીયા, સજની ગણધર વંદો. એ ટેક.

અતિશયવંત મહંત સોભાગી, જસ મતી ભૂલી ન ભામે
હો ગુણ૦ ૧
પ્રવચન દીપક સંવર ભાવે, ભાવના બાર તે ભાવે હો ગુણ.
કરૂણાવંત મહાવ્રત ધોરી, સુદ્ધ સ્વરૂપને ધ્યાવે હો ગુણ. ૨
પંચાચારના પાલક રૂડા, સુમતિ ગુપ્તિને ધરતા હો ગુણ.
કામક્રોધ મદ મચ્છર વર્જિત, પરીસહથી નવિ ડરતા હો ગુણ. ૩
તજી મમતા સમતાસુંરે મોહ્યા, ષટકાયના રખવાલા હો ગુણ.
જ્ઞાન ક્રિયા નયને નિત જોતા, શિવપુર ચલે ઉજમાલા હો ગુણ. ૪
પંચસયા મુનીવર પરિવારે, મનમોહન ગુરૂ આયા હો ગુણ.
ગુહલી કરે રાણી ચેલાણુ રંગે, સહીઅર મલી ગુણ ગાયા
હો ગુણ. ૫
શ્રી ગુરૂના પદ પદ્મ વધાવે, શુચિ મુગતાફલ સંગે હો ગુણ.
રૂપવિજય કહે સમકિતવંતી, ઇમ ગુહલી કરે રંગે હો ગુણ. ૬

૧૦ સુધર્મ સ્વામીની ગુહલી.

શાસનપતિ પ્રભુ વીરના, સુખકારક સોહમ નામરે, સઇયરો;
ચઉનાણી ચારિત્રીયા, પાઉ ધાર્યાં ગુણ ગણ ધામરે.
સઇયરો; ચાલો ને ગણધર વાંદવા૦ ૧
બાર વ્રત ધારી છ કાયની, કરે જયણા ત્રિવિધ પ્રકારરે; સઇયરો;
દશવિધ ધરમ ધુરાધરા, ભલા મુનિવરા જસ પરિવારરે
સઇયરો ચાલો૦ ૨
નામ ગોત્ર સવણ સુણ્યા, જાએ જમન જનમના પાપરે સઇયરો;
નમનાભિગમન વંદના, કરતાં મીટે ભવ સંતાપરે સઇયરો ચાલો.૩

ભુજલ જલણુ અનિલ તરૂ, સાધારણુ પંચ વિચારરે સઈ૦
સૂક્ષ્મ બાદર ભેદથી, પત્તેય વણસ્સઇ સાદરે સઇયરો ચાલો૦ ૪
વિગલીદી સન્નિઅસન્નિઆ, અપજત્ત પજ્જત્ત વિચારરે સ૦
જીવ ભેદ બતરીસની, દયા પાલે શ્રી અણગારરે સ. ચા૦ ૫
ગુણશીલ વનમેં સમોસર્યા, દેશના જલધર વરસાવેરે સ૦
પાપ સંતાપ અનાદિના, ભવી જીવના દૂર ગમાવેરે સ૦ ચા૦ ૬
કોણીક નરપતિ ગેહિની, કરી સુંદર સોલે ઠાઠરે સઇ૦
ગણધર પગલા આગલે, રચે રંગે મંગલ આઠરે સ૦ ચા૦ ૭
ગુરૂ પદ પદ્મ વધાવતી, ગાએ સોહવ ગીત રસાલરે સઇ૦
રૂપવિજય પદ સંપદા, નિત પામે મંગલ માલરે સ૦ ચા૦ ૮

---

૧૧ સુધર્મ સ્વામીની ગુહલી.

ગણધારીરે સુગુરૂજી, સોહમ સુખકર નામ, વાણી ઘણી
પ્યારીરે સુગુરૂજી;
આત્મ સ્વરૂપે રમે સદા ગણ૦ સમતા રસનો ધામ વાણી૦ ૧
તપ દ્વાદશ ભેદે તપે ગણ૦ ભાવના ભાવે બાર વાણી૦
પડિમા બારમેં ઉદ્યમી ગણ૦ વહે પણ મહાવ્રત ભાર વાણી૦ ૨
સોલ વયણને જાણતા ગણ૦ વરજે વિરાધના તીન વાણી૦
સત્તરભેદ સંયમ ધરે ગણ૦ ધ્યાનરસે લયલીન વાણી૦ ૩
ઇંદ્રિય વિષય પ્રમાદને ગણ૦ આશ્રવ નિદ્રા પંચ વાણી૦
પંચ કુભાવના છાંડતા ગણ૦ ષટવિધ યતના સંચ વાણી૦ ૪
ગુણશીલ વનમેં સમોસર્યા ગણ૦ પંચસયા પરિવાર વાણી૦

પટોધર વીર જિણંદના ગણ૦ કરતા ઉગ્ર વિહાર. વાણી૦ ૫
શ્રેણિક પ્રમુખ વંદન કરી ગણ૦ સુણે દેશના એક ચિત્ત વાણી૦
ગુંહલી કરે રાણી ચેલણા ગણ૦ મંગલ ભાવ નિમિત્ત વાણી૦ ૬
પંચમ ગતિ પ્રાપક તણી ગણ૦ ઠવણા માનું એહ વાણી૦
ગુરૂ પદ પદ્મ વધાવતી ગણ૦ શુદ્ધ રૂપ ધરી નેહ વાણી૦ ૭

---

૧૨ કલ્પસૂત્રની ગહુંલી.

આગમ રસનારે દરીયા, વંદો સદ્ગુરૂ ગુણ ગણ ભરિયા,
આગમ. એ ટેક.
જોગ ક્રિયા કરી રંગે, સીખ્યા શ્રુત ગુરૂ પાસે ઉમંગે;
તે સદ્ગુરૂનેરે પાસે, સુણિએ આગમ અધિક ઉલ્લાસે,
આગમ૦ ૧
ત્રિકરણ જોગને સમારી, પૂજો કલ્પસૂત્ર નરનારી;
નિંદ્રા વિકથારે છંડી, એકવિસ વાર કલ્પસુણે મંડી.
આગમ૦ ૨
તે ભવ સાયર તરસે, નવ યોવન શિવ સુંદરિ વરસે,
ગુરૂ મુખે તત્ત્વ મુણીજે, નવે વખાણ અખંડ સુણીજે,
આગમ૦ ૩
નવસે ત્રાણુઆ વરસે, કાલિક સૂરે અધિકે હરસ્યે,
ધ્રુવસેન રાયને રાણિ, હરખહેતુ કહી કલ્પની વાણી.
આગમ૦ ૪
એ શ્રુત પૂજોરે રાગે, જિમ ઘટમાહી સમકિત જાગે;

ગુરૂપદ પદ્મ જે વધાવે, શુદ્ધ ચિદાનંદ રૂપ તે પાવે.
આતમ૦ ૫

ઇતિ પંડિત, રૂપવિજયજી ગણિકૃત ગહુંલીઓ સમાપ્ત.

પંડિત શ્રીવીરવિજયજી ગણિ કૃત ગહુંલીઓ.

૧ સિદ્ધચક્રની ગુહલી.

(આવો હરિ લાસરિયા વ્હાલા. એ દેશી.)

આવો સખી સંજમીયા ગાવા, ગોયમ ગુરૂ ભવજલમાં ન્હાવા;
વીરની શીખ લહી ચલીયા, રાજગૃહી નયરે પય ધરીયા આ. ૧
ચઉ નાણી શ્રુત જલ દરીયા, મુનિ મંડલ સાથે વરિયા;
કેવલ નાણ રહે હાથે, ઇંદ્રિ ઋષભને જે નાથે. આ. ૨
લબ્ધિ ભંડાર ગુણે તાજા, ગોયમ ગુરૂ મુનિવરના રાજા;
ભવ્ય કમલ ઉપકાર કરે, આતમ રામ રમાને વરે. આ. ૩
દ્વાદશ વિધ તપમાં રાતા, પાલે અડ પવયણ માતા;
ક્રોધાદિક ચઉ જય કરતા, પગ પગ જય કમલા વરતા આ. ૪
પંચ મહાવ્રત સુવિસાલા, પંચ સુમતિ જેહની બાલા;
દેવ રચિત આસન બેસે, અમૃતસમ દેશના દેશે આ. ૫
શ્રેણિકરાયને ચિત્ત ગમે, વીર પટોધર પાય નમે;
કહે ગુરૂ ગૌતમ જિનવાણી, શ્રી સિદ્ધચક્ર ભજો પ્રાણી આ. ૬

અરિહંત સિદ્ધ સૂરિ સુણી, પાઠક મુનિપદ પંચગુણી;
દંસણ નાણ ચરિત્ત પાઈ, ચાર ગુણે નિર્ગુણ ખપાઇ આ. ૭
એ નવપદ તણી સેવ કરે, ધ્યેયને ધ્યાતા ધ્યાન વરે;
ઇહભવ પરભવ તે સાજા, શ્રી શ્રીપાલ સુખી રાજા. આ. ૮
એણે અવસર ચેલણા રાણી, ગુહલી કરે શિવદા જાણિ;
શીયલ શંગાર ધરી અંગે, આતમ પીઠ ઉપર રંગે. આ. ૯
સાથ સોહેલી મલી ટોલી, કેસર ચંદન કુંકુમ ઘોલી;
તિલક શિરે હાથે ચુડી, ઈંદ્રિવધુ સમસા રૂડી. આ. ૧૦
પગ નેઉર નાકે મોતિ, લળી લળી ગુરૂ સન્મુખ જોતી;
મુક્તાફલ સ્વસ્તિક કરતી, કેવલ વરવા શ્રીફળ ધરતી. આ. ૧૧
એણિ પરે જે ગુંહલી ગાવે, તે જસ જય કમલા પાવે;
વલી શુભવિજય સદા વરસે, વીર કહે ભવજલ તરશે. આ. ૧૨

---

૨ મહાવીર સ્વામીની ગુહલી.

કેશરીયા ચઢો વરઘોડે એ દેશી.

રાજગૃહી વનખંડ વિચાલ, આવ્યા વીર જિણંદ દયાલ,
વંદે શ્રેણિક ભૂપાલ તો;
વીર જગગુરૂ વંદના કરીએ, વંદના કરીએ ને ભવજલ
તરીએ તો વીર જગ૦ ૧
કુષ્ઠિકરૂપ એક દેવ તે વાર, મરણ જીવન જણ ચાર વિચાર;
શ્રેણિકરાયને ખેદ અપાર તો. વીર૦ ૨

કોસંબી નગરીનો વાસી, શેડુક બ્રાહ્મણ ધનનો આસી;
પુત્ર કુટુંબને રોગે વાશિતો. વીર૦ ૩
આવે રાજગૃહી, દુવાર, મરણ લહી જલ તરસ અપાર;
જલમાં ડેડકનો અવતાર તો. વીર૦ ૫
વારી હારી નારી વચનથી, પૂરવભવ લહી ચાલ્યો વનથી;
મુજ વદન હરખ્યો તનમનથી તો. વીર૦ ૫
તુજ ઘોટક પદ હણિયો જામ, લહી સુરભવ આયો એણે ઠામ;
શ્રેણિક દેખે તુજ પરિણામ તો. વીર૦ ૬
મોક્ષ ગમન કહે મુજને સાર, દર દુરંક તણો અધિકાર;
ઉપદેશ માલા ગ્રંથ મોઝાર તો. વીર૦ ૭
રાણી ચેલણા હરખ ન માવે. મુક્તાફલ શું ગુહલી બનાવે;
શ્રી શુભવીર જિણંદ વધાવે તો. વીર૦ ૮

---

૩ વયર સ્વામીની ગહુલી.

સખી રે મેં કૌતક દીઠું, સાધુ સરોવર ઝિલતારે.
સ૦ નાકે રૂપ નિહાલતારે. સ૦ લોચન થિર સજાણતાં રે.
સ૦ મુનિવર નારીસું રમેરે. સ૦ ૧
સ૦ નારી હિંચોલે કંતનેરે સ૦ કંત ઘણા એક નારીનેરે
સ૦ સદા યૌવન નારી તે રહેરે સ૦ વેશ્યા વિલુદ્ધા કેવલીરે ૨
સ૦ આંખ વિના દેખે ઘણુંરે સ૦ રથ બેઠા મુનિવર ચલેરે
સ૦ હાથ જલે હાથી ડુબીયોરે સ૦ કુતરીએ. કેસરી હણ્યોરે ૩
સ૦ તરસ્યો પાણી નવી પીએરે સ૦ પગ વિહુણો મારગ ચલેરે
સ૦ નારી નપુંસક ભોગવેરે સ૦ અંબાડી ખર ઉપરેરે ૪

સ૦ નર એક નિત્ય ઉભા રહે સ૦ બેઠા નથી નવિ બેસશેરે
સ૦ અંબર ગગન વચે તે રહેરે સ૦ માંકડ મહાજન ઘેરિઆરે ૫
સ૦ ઉંદરે મેરૂ હલાવીયો રે સ૦ સુરજ અજવાલુ નવિ કરેરે
સ૦ લઘુ બાંધવ બત્રીશ ગયારે સ૦ શોકે ઘટી નહિ બેનડીરે ૬
સ૦ શાંમલો હંસ મેં દેખીયોરે સ૦ કાટ વાલ્યો કંચન ગિરિરે
સ૦ અંજન ગિરિ ઉજલ થયોરે સ૦ તો હે પ્રભુ ન સંભારીયારે ૭
સ૦ વયર સ્વામી પાલણે સુતાં સ૦ શ્રાવિકા ગાવે હાલડાંરે
સ૦ થઇ મોટા અરથ તે કેજો સ૦ શ્રી શુભવીરને વાલડાંરે ૮

અઠાવીસ લબ્ધિની ગુહલી.

ગણધર શ્રી ગૌતમ પ્રભુરે, વીર વજીર સધારકે ગુહલીરે
રંગ રાતી.
આમોસહી ૧ વિપ્પોસહિરે ૨, ખેલોસહી ૩ સુશરિર કે ગુ૦ ૧
જલ્લોસહી ૪ સર્વોસહીરે ૫,સંભિન્ન શ્રોતા ૬ કહાયકે ગુ૦
ઓહી ૭ રિજુ ૮ ને વિપુલમતીરે ૯, ચારણતા મુનિરાય
૧૦ કે ગુ૦ ૨
આસિવીસ ૧૧ કેવલી તણીરે ૧૨,ગણધર લબ્ધિ ૧૩ સુણેવકે ગુ.
પુરવધર ૧૪ અરિહંતનીરે ૧૫,ચક્રી ૧૬ બલ વસુદેવ ૧૮ કેગુ. ૩
ખીરમહુ સપ્પિરાશ્રવારે ૧૯, કુઠગ ૨૦ પદ અનુસારી કે ૨૧ ગુ૦
બીજ બુદ્ધિ તેજુ ૨૩ આહારગારે ૨૪, લેશ્યા શીતળ
પ્યારી કે ૨૫. ગુ૦ ૪
વૈક્રિય ૨૬ અક્ષીણ મહાણસી રે ૨૭, અઠાવીસમી પુલાગ
કે ૨૮. ગુ૦

વર લબ્ધિ ગુણે રાજતા રે, ચઉ નાણી મહા ભાગ કે ગુ૦ ૫.
પ્રભુ આદેશે આવિયા રે, રમતા આતમરામ કે ગુ૦
રાજગૃહી પુરી પરીસરે રે, વંદે શ્રેણિક તામ કે ગુ૦ ૬
વસ્તુ ધરમની દેશના રે, નવ પદ મહી વિચાર કે ગુ૦
અરિહા પદ ધુર પામશો રે, ભાવી ચોરાસી મોઝાર કે ગુ૦ ૭
નવપદ આતમ સંપદા રે, પદ અરિહંત ને ધ્યાન કે ગુ૦
આતિમ ધ્યેય પણું લહે રે, કહે ગૌતમ ગણરાય કે ગુ૦ ૮
એણે અવસર રાણી ચેલણા રે, ભરિ અક્ષત વરથાલ કે ગુ૦
કરી સ્વસ્તિકને વધાવતી રે, શ્રી શુભવીર દયાલ કે ગુ૦ ૯

---

૪ ભગવતી સૂત્ર ગુંહલી.

વીરજી આયા રે ગુણશીલ ચૈત્ય મોઝાર, સુર બહુ
કોડી રે સંઘ સકલ પરિવાર.
તીન જગતના નાથ કહાય, કનક કમલ પ્રભુ ઠવતા પાય;
સમવસરણ અમરે વિરચાય, અનુચર મુખે રે સમવસર્યા
જિનરાય;
જાણી આવે રે શ્રેણિક લેઇ સમુદાય, પ્રભુને વંદેરે અભિગમ
નિજ સચવાય. વી૦ ૧
બેઠી સુરનર પરષદ બાર, તે આગલ પ્રભુ ધર્મ રસાલ;
બેસી પદ્માસન નિરધાર, દેશના દેવેરે જિમ પુષ્કળ જલધાર;
ષટ દ્રવ્ય ભાષેરે નિશ્ચયનય વ્યવહાર, જીવ એક રૂપીરે
નિત્ય ખિત પડિ. પખધાર. વી૦ ૨

એણે અવસર ચેલણા પટનારી, નવ શત અંગ ધરી શણગાર;
હાથે રજત રકેબી સાર, કુંકમ ઘોલીરે સાથીઓ મોહન વેલ;
પ્રભુને વધાવેરે મોતી અનુભવ ખેલ, રંભા ગાવેરે જિન
ગુણ ગીત રસે. વી૦ ૩

એહવે શ્રી ગૌતમ પ્રધાન, ચઉ નાણી તનુ ઉજવલ વાન;
પૂછ્યા પ્રશ્ન કહ્યા ભગવાન, સોહમ સ્વામીરે તે કીધો ઉપગાર.
ભગવતી સૂત્રેરે વરણવીયો અધિકાર, અમીરસ મીઠારે પ્રશ્ન
છત્રીસ હજાર. વી૦ ૪

પુરણ પુણ્યે પામી યોગ, નરભવ સુખ શ્રુત ગુરૂ સંયોગ;
સુણજો શ્રોતા દેઇ ઉપયોગ, પણ વિધિ યોગેરે ગીતારથ ગુરૂ પાસ;
સુવિહિત પાસેરે પામ્યા તત્વવિલાસ, યોગ વહેલારે તપ
સાધિક ષટ માસ. વી૦ ૫

દો લખ પદ અઠયાસી હજાર, એકતાલીશ શતકે સુવિચાર;
પૂજ્યા છત્રીસ દીનાર, જનની જાયારે ધન્ય સોની સંગરામ
શ્રીફળ પુંગીરે નિજ નિજ શક્તિ બદામ, લલિત પ્રણામેરે
પૂજો ગૌતમ નામ. વી૦ ૬

જ્ઞાન ભગતિ પરભાવન સાર, ગુરૂ પૂજા ગુંહલી શુભનાર;
કરશે શ્રદ્ધાથી મનોહાર, મધુરે રાગેરે ગુંહલી ગાશે ઉદાર;
તસ ઘર લીલારે જશ શુભવિજય વિશાલ, કંઠે રોપેરે
વીર વિજય ગુણમાલ. વી૦ ૭

૫ પર્યુષણ ગુંહલી.

દેશના સુણી ૨૮ લાગશે એ દેશી.

જીરે લલિત વચનની ચાતુરી, જીરે ચતુર કહે ગુરૂરાજ;
જીરે સગુણ સનેહી સાંભળો, જીરે પર્વ પજુષણ આજ.
જીરે લલિ૦ ૧
જીરે આશ્રવ ભાવ નિવારીને, જીરે સ્વજન સહિત બહુમાન;
જીરે કલ્પસૂત્ર ઘર લાવીએ, જીરે અઠાઇ ઘર ધરી ધ્યાન.
જીરે લલિ૦ ૨
જીરે દીપક અગર ઉખેવીએ જીરે રાત્રી જાગરણ નિત્ય;
જીરે પૂજા વિવિધ રચાવીએ, જીરે ત્રણ દિવસ એણી રીત્ય.
જીરે લલિ૦ ૩
જીરે સુણ સજની રજની ગઇ, જીરે કલ્પધુરા પરભાત;
જીરે સહીયર મલી મંગલ ભણો, જીરે હય ગય રથ મેલાત.
જીરે લલિ૦ ૪
જીરે વરઘોડ ભલી ભાંતિ શું, જીરે શુચિ તનું પુસ્તક હાથ;
જીરે ઇમ મંડાણે આવિયા, જીરે જિહાં શ્રુતનિધિ ગુરૂ નાથ.
જીરે લલિ૦ ૫
જીરે ગુરૂ સન્મુખ લહી વાચતા, જીરે પ્રમુદિત પરષદ માંહિ;
જીરે ઇણ અવસર ગજગતી સતી, જીરે મુનિ પદ નમત ઉછાહિ
જીરે લલિ૦ ૬
જીરે સમક્તિવંતી શ્રાવિકા, જીરે સહીઅર મલી સમ દીઠ;
જીરે અનુભવ ઉજ્જવલ મોતીએ, જીરે આસ્તિક લક્ષણ પીઠ.
જીરે લલિ૦ ૭

જીરે સ્વસ્તિક પૂરી વધાવતી, જીરે બેસતી બેસણ ઠાય;
જીરે પંચ કલ્યાણક દેશના, જીરે નવ વાખ્યાં ન સુણાય.
જીરે લલિ૦ ૮
જીરે છઠ અઠમ તપ જિન નમી, જીરે સાંભલશે નરનાર;
જીરે શ્રી શુભવારને શાસને, જીરે કરશે એક અવતાર.
જીરે લલિ૦ ૯

---

૬. ગીતાર્થ મુનિની ગહુલી.

આવો હરિ લાસરીયા વાહાલા   એ દેશી.

મુનિવર મારગમેં વસીયા, વસી ઉન્મારગથી ખસીયાં;
શિવ વહુ ખેલણ કે રસીયા.   મુનિ૦ ૧
વીત્યું ગુણઠાણું બાલ, ભગવઈ અંગે સુવિશાલ;
રહે પ્રમત્તે ઘણો કાલ.   મુનિ૦ ૨
અંતર મુહુરત થિતિ આવે, નિંદ્રામાં ગુણ પલટાવે;
પણ અપ્રમત્ત તણે ભાવે.   મુનિ૦ ૩
દ્રવ્ય ભાવ સંયમ ધરીયા, જંગમ તીરથ સંચરીયા;
પાખરિયા સિંહ કેસરીયા.   મુનિ૦ ૪
દુવિહા સીત સહે ન લેહે, ઉષ્ણ પરિસહ વીસ સહે;
મુનિવર આચારાંગ કહે.   મુનિ૦ ૫
ચક્રવાલ દશવિધ પાલે, ચરણ કરણ ગુણ સંભાલે;
શૂન્ય દહન અવિધિ ટાલે.   મુનિ૦ ૬

એહવા મુનિવરને આગે. ચતુરા અક્ષય ફલ માગે;
શ્રાવિકા મુનિ ગુણ રાગે. મુનિ૦ ૭
ગુંહલી કરી નિજ મલ ધોતી, વધાવતી ખલકે મોટી;
લળી લળી ગુરૂ સન્મુખ જોતી. મુનિ૦ ૮
આગમ રયણ ગુણે રમતી, ગુરૂ ગુણ ગાતી મન ગમતી;
શ્રી શુભ વીર ચરણ નમતી. મુનિ૦ ૯

---

૭ ગુહલી

મોતી વાલા ભમરજી. એ દેશી.

ચરણ કમળશું શોભતા. વ્રત ધારીરે સુગુરૂજી;
ભવિજન માનસ હંસરે. જગત ઉપગારીરે સુગુરૂજી,
જંગમ તીરથ સાધુજી, વ્ર૦ લોભ તણો નહિ અંશરે. જ૦૧
પડિરૂવાદિક ગુણ ભર્યા વ્ર૦, પટ કારણ લિએ આહારરે જ૦;
સામુદાણી ગોચરી વ્ર૦ જ્ઞાન રતન ભંડારરે. જ૦ ૨
ગીતારથ ગુરૂ આગલે વ્ર૦ વનિતા ધરીય વિવેક રે. જ૦
સરખી સાહેલીએ પરવરિ વ્ર૦ સમકિતની ઘણી ટેક રે. જ૦ ૩
આસ્તિક પીઠની ઉપરે વ્ર૦, અનુભવ મુગતાશ્વેતરે જ૦.
ચિહું ગતિ ચુરણ સાથીઓ વ્ર૦ વધાવતી ધરી હેતરે. જ૦ ૪
ગુણવંતી ગાવે ગુંહલી વ્ર૦, મુનિ ગુણમણી ધરી હાથરે જ૦,
શ્રી શુભ વીરની દેશના વ્ર૦, સુણત મોલે શિવ સાથરે. જ૦ ૫

---

૮ ગુંહલા.

રુડીને રઢીઆળી રે. એ દેશી.

સુકૃતતરૂની રે વેલી વધારવારે, સિંચતી ઉપશમ ઉદકની ધાર;
ગુરૂ ગુણ હૃદય ધરંતી પ્યાર, માનું રંભાનો અવતાર. સુકૃ૦ ૧
પુન્ય પનોતીરે સાથે સાહેલીયોરે, મલી ર સોલ સજી શણગાર;
કર ધરી રજત રકેબી. સાર, કુંકુમ ઘોલ કરી મનોહાર.
સુકૃ૦ ૨

અક્ષત સારારે ઉજ્વલતા ભર્યારે, પુરતી સ્વસ્તિક મંગલ સાર;
ચુરતી ચિહું ગતિ ક્રોધજ ચાર, ઠવતી શ્રીફલ હર્ષ અપાર.
સુકૃ૦ ૩

અનુભવ રંગેરે મોતી વધાવતીરે, લલિત પ્રણામે નમતી પાય;
ગુરૂ મુખ દેખી હર્ષ ન માય, સન્મુખ બેસતી બેસણ ઠાય.
સુકૃ૦ ૪

ભોજન પામેરે અમૃત ભુખમાંરે નાગર ગ્રીષ્મે પામ્યો ગંગ;
જિનવાણી સુણવાનો રંગ, અર્થ મનોહર નય ગમ ભંગ;
સુકૃ૦ ૫

શ્રી શુભવીરનું શાસન પામીને રે, ધરતી હૃદયરે સમકિત વાસ;
અનુક્રમે કેવલજ્ઞાન પ્રકાશ, મલતી મુગતી સહેલી પાસ.
સુ૦ ૬

——:*:——

ગહુંલી ૧૦.

ઝૂંબખડાની દેશી.

જ્ઞાન દિવાકર શોભતા, શ્રુત સાગર મુનિરાજ, સુહંકર સાધુજી.
ચુકયા કામ વિડંબના, ફુખી સંબલ સાજ. સુ૦ ૧
નહિ મમતા સમતા ધરા, શાંત સુદંત મહંત; સુ૦
ષટપદ વૃત્તિએ આહારતા, દેશ કાલ મતિવંત સુ૦ ૨
પંચ મહાવ્રત ભાવના, ભાવતા પચવીસ. સુ૦
પણ વીસ ચિત્તન ધારતા, અશુભ ભાવ ન નિશદિશ. સુ૦ ૩
શિવનારી રંજન ભણી, પહેર્યો સાધુનો વેશ, સુ૦
તે આગળ મૃગ લોચના; કરતી વિનય વિશેષ સુ૦ ૪
ક્રોધાદિક ચઉ જીતવા, વર્યા ચાર અનંત. સુ૦
સ્વસ્તિક પુરી વધાવતી, સદ્ગુરૂ ચરણ નમંત, સુ૦ ૫
ગાવે સોહાગણ ગહુંલી, ધરતી હર્ષ અમંદ; સુ૦
શ્રી શુભવીર વચન સુણી, પામે પદ મહાનંદ. સુ૦ ૬

---

૧૧ પં. સુભવિજયજીની ગહુંલી.

સમશાંતિ સુધારસ સરજલે, ખેલાવે આતમ હંસોરે;
જસ ચરણ શરણ ભવિ લોકને, ધન ધરણી ઉત્તમ વંશો રે.
ગુરૂ દરીયા જ્ઞાન ગુણે ભર્યા. ૧.
પુર પાટણ સુરત, શુભવિજય ગુરૂ શમતા સુરે;

વલી સંવત અઢાર અઠ્ઠાવને, રહ્યા રાજનગર ચોમાસું રે.
ગુરૂ૦ ૨.
ઉત્તમ શ્રાવક ભગતિ કરે,શ્રુત ધર્મ તણા જે રાગી રે!
દુર્જન મુખ હેલી સુવિધિ કરિ, સુણે ભગવતિ સૂત્ર સોભાગી રે
ગુરૂ૦ ૩
બહુપ્રેમ ચંદ દીઠ ચકોરને, તિમગુરૂ દર્શન મુજ પ્રેમ રે;
મુનિ મોહન વેલચંદ્ર મુખ્યા, જસવિજય પાટે જય હેમ રે.
ગુરૂ૦ ૪.
ધન જીવિત સંયમ જીવતા, તનુ લાલ ગુલાલ પ્રવાલ રે;
ગુરૂ મીઠા દીઠા પ્રેમથી; થયો હર્ષચંદ અધ ભાલ રે.
ગુરૂ૦ ૫.
ગુણ ગબડ ? નયન અમીય ભર્યા,નાનાવિધ ગુણ મણિ વૃંદા રે,
ગીતારથ ધર્મ ધુરંધરા, ચિરનંદો નભ જય ચંદા રે.
ગુ૦ ૬.
એહવા ગુરૂ આગલ ભાવશું, ભલી રાજનગરની નારી રે,
શણગાર ધરિ સહીયર મલી, કરે સાથીયો ચિહું ગતિ
હારી રે. ગુ૦ ૭.
ઠવી શ્રી ફલ શિવફલ સાગ્રહે, કરિ લુંછણા ગુરૂને વધાવે રે.
નય સમય અધીત ગુરૂ દેશના, સુણતાં શુભ ધ્યાન લગાવે રે.
ગુ૦ ૮.
એણિ પરે ગહુંલી રસ રંગ ભરી, ગાતાં ધ્યાતાં શિવરાણી રે;
સુખ અક્ષત લલિત લીલા કરે, ઇમ વીર વિજયની વાણી રે.
ગુ૦ ૯

૧૨ ગહુંલી.

સુણ ગોવાલણી એ દેશી.

સુણ સાહેલી જંગમ તીરથ જોવા ઉભી રહેને;
મુની મુખ જોતાં મન ઉલસે, આપણ બેને તન વિકસે. આંકણી
થાવર તીરથ દુર્ગતિ વારે, પણ ઘર મેલી જઇએ જ્યારે;
વિધિ યોગે ધ્યાન ધરે ત્યારે, સંસાર સમુદ્ર થકી તારે સુ૦
મુ૦ ૧
જંગમ મુનિ મારગમાં ફરતા, સંયમ આચરણા આચરતા;
જગ જીવ ઉપર કરૂણા ધરતા, પુણ્યશાલી ઘર પાવન કરતા;
સુ૦ મુ૦ ૨
અનાચિરણ બાવન પરીહરતા, બોલે દશ વૈકાલિક કરતા;
ગણિ પેટી બહુ શ્રુતની ધરતા, મુખ ચંદ્ર થકી અમૃત ઝરતા.
સુ૦ મુ૦ ૩
વર જ્ઞાન ધ્યાન હય ગય વરીયા, તપ જપ ચરણાદિક પરિકરીયા;
વિરતી પટરાણીશું ઠરીયા. મુનિરાજ સવાઇ કેસરીયા.
સુ૦ મુ૦ ૪
સુવિહિત ગીતારથ ગુરૂ આગે, ત્રિવિ યોગે વંદે ગુણ રાગે;
કર કંકણ પગ ઝાંઝર વાગે, ગહુંલી કરતાં અનુભવ જાગે.
સુ૦ મુ૦ ૫
કંકાવટીએ કેસર લેતી, કરી સ્વસ્તિક પાતકડાં ધોતી,
વધાવતી ઉજ્વલ ફળ મોતી, વમતી લળતી ગુરૂ મુખ જોતી.
સુ૦ મુ૦ ૬
કુલ કુંવતી મધુરા રાવે, ગુણવંતી તિહાં ગહુંલી ગાવે;

આ ભવ સૌભાગ્યપણું પાવે, શુભવીર વચન હઇડે ભાવે.
સુ૦ મુ૦ ૭

છપ્પન દિગકુમારી રાસક્રીડા.

(શુલભદ્ર કહે સુણુ બાળારે એ. દેશી.)

માતાજી તુમે ધન ધન્યરે, તેં જાયો પુત્ર રતન્ન રે;
તુજ મુખ દેખી પરસન્નરે, અમે દિગકુમારી છપ્પન્નરે.
માતા૦ ૧.

દેવ ચાકર બહોત સહેલી રે, આવી અમે હર્ષ ભરેલી રે;
એક યોજન ભૂતલ સુદ્ધાં રે, તિહાં કેલ તણુ ઘર કીધાં રે.
માત૦ ૨.

જિન જનનીને તિહાં લાવ્યાં રે, જલ કલસ ભરી નવરાવ્યાં રે;
ચૂયા ચંદન ફુલ ચઢાવ્યાં રે, આભૂષણ વસ્ત્ર સોહાવ્યાં રે.
માતા૦ ૩

ધૂપ દીપને પંખા ધરીયાં રે, આચાર સવે આચરીયા રે;
રસ રંગ ભરે ઘેર આવ્યાં રે, દેવ શય્યાએ પધરાવ્યાં રે.
માતા૦ ૪.

નવિ ધરશો બીક લગારરે, તુજ સેવક નયન હજાર રે;
માતા૦ ૫.

જન્મે સુત સહસ તે નારીરે, પણ તુંહી રતન કુખ ધારિરે.
દશો દશ નખેતર તારારે, પૂરવ દિશ કિરણ હજારા રે;
આ તે સુત જનમ્યો રૂડો રે, કરૂ ભેટ અમૂલક ચૂડો રે.
માતા૦ ૬.

પ્રભુ જાયા અનોપમ વરણા રે, દેવ કંચૂયા ચીરને ચરણાં રે;
પુત્ર જાયો જગત આધાર રે, કટી મેખલ કુંડલ હાર રે.
માતા૦ ૭.

ઝલકે તેજે તુજ કીકો રે, શિર ધરજો માયા ટીકો રે;
આજથી આણા શિર રોપી રે, પ્રભુ પહેરણ આંગલાં ટોપી રે.
માતા૦ ૮

હરિ કરશે પ્રભુ નજરાણાં રે, તે આગે અમે શરમાણાં રે;
તમે ઉત્તમ ક્ષત્રી જાનો રે, આજ રમવા સરખી રાતો રે.
માતા૦ ૯

અમે રાસ ક્રીડાએ રમીએ રે, પગલે પગલે વલી નમીએ રે;
ત્રિભુવનમાં અપૂરવ દીવો રે, જગજીવન એ ચિરંજીવો રે.
માતા૦ ૧૦.

તુજ પુત્રે કામણ કીધું રે, ચિતડું મુંજ ચોરી લીધું રે;
શુભવીર રસીલા ધ્યાન રે, પણ ભક્તિ વસ્યે ભગવાન રે;
માતા૦ ૧૧.

ઢાળ બીજી.

અનિહાંરે વાહલોજી વાય છે વાંસલી રે;

અનિહાંરે શ્રેણી ભલી ગુણઠાણની રે. એ દેશી.

અનિહાંરે પૂર્ણ મનોરથ પુત્રના રે, તેજ કાંતિ કહિ નવી જાય.
જ્યોતિ ઝગે જિનચંદ્રમાં રે,
અનિહારેભુતલ રત્ન રવિ આથમે રે, ચિંતામણી સ્વરગ સધાય
જ્યો૦ ૧

અનિહાંરે જનમની વેલાએ વેગલો રે, તેજે તરણિ હાર્યો જાય;
અ૦ રાતે જનમ ઝરે અમૃત ચંદ્રમારે,
    પ્રભુ શીતલ દર્શન થાય   જયો૦ ૨
અ૦ માજી તુમારો સુત લાડકો રે.
    મુખ દેખી મોહ્યું મન;   જયો૦
અ૦ મોહન પુત્ર મલ્હાવતીરે,
    જગ માત તુમે ધન ધન્ન.   જયો૦ ૩.
અ૦ લોચન અમૃત કચોલડાં રે,
    કજ કેતકી જયું મુખવાસ;   જયો૦
અ૦ કહી ન શકે ગુણ કેવલી રે
    રાતી થોડી ઘણેરી આસ.   જયો૦ ૪.
અ૦ જઈસ્યું અમે હરી આવશે રે,
    સ્હેજયો માજી સુખવાસ   જયો૦
અ૦ વાતે વિલાસે વાલ્હેસરી રે,
    મુજ રહેજો હઇડા પાસ;   જયો૦ ૫.
અ૦ ઇંદ્રાણી હુલરાવશે રે,
    તુજ બાલક બાલે વેસ;   જયો૦
અ૦ પાવન પુણ્ય પનોતી પરણસ્યે રે,
    ગીત ગાવા અમો આવેશ.   જયો૦ ૬,
અ૦ રાસ રમી રમણી ગઇરે,
    કરી પોત પોતાનાં કાજ;   જયો૦
અ૦ સુરગિરિ જનમ મલ્હાવસ્યે રે,
    શુભ વીરવિજય મહારાજ.   જયો૦ ૭

———:*:———

નવાંગ પૂજન દુહા.

અતિશયવંત અનંત, કંતન હિતદાઇ;
અંગુઠો અરિહંતનો,, પૂજો શુચિ ભાઈ. ૧

જાનુ પ્રમાણે જુગતીથી, નમિ વિનમિ ખગરાય;
કુસુમે પુજે પ્રથમ જિન, તિમ પૂજો જિનરાય; ૨

લેતાં દેતાં જસ કરે, ભવ્યપણું ઠહરાય,
તે પ્રભુના કર પૂજતાં, નિશ્ચય શિવપુર જાય. ૩

ખાયક ભાવે જેહને, પ્રગટ્યું વીર્ય અનંત;
સ્કંદ પૂજના તિણે કરી, કરો કરમનો અંત. ૪

ત્રણ લોક પતિ સૂચના, છત્ર ત્રયી શિર જાસ;
સિર પૂજા સોહામણી, કરી લહો શિવ આવાસ. ૫

સુરપતી નરપતીની તતી, જનમ રાજ્ય પદે જાસ;
પૂજો તિણે ભાલ સ્થલે, કરો પૂજા ઉલ્લાસ. ૬

સરસ સુધાથી મીઠડી, વાણીનો આવાસ;
કંઠ સ્થલ જિનરાજનો, પૂજ્યા શિવ સુખ ખાસ. ૭

કેવલજ્ઞાન પ્રકાશકર, શુકલધ્યાન હૃદિ જાસ;
હૃદય સ્થલ પૂજા કરી, પામો જ્ઞાન વિલાસ. ૮

જાણે પણ તાણે નહિ, નય નવ્ય બહુ રંગ;
નાભિ ગભીરાનંતગુણા, પૂજો પ્રભુ શુચિ અંગ. ૯

રંગે નવ અંગે રચે, પૂજા પ્રેમે જેહ;
પાદ પદ્મ તસ સુર નમે, રૂપ વિજય લહે તેહ. ૧૦

૧ પંચમીની સઝાય.

આલમ જોગીડારે એ દેશી.

શ્રી વાસુપુજ્ય જિનેશ્વર વયણથીરે, રૂપ કુંભ કંચન કુંભ
મુનિ હોય;
રોહિણી મંદિર સુંદર આવીઆરે; નમી ભવ પૂછે દંપતી સોય,
ચઉ નાણી વયણે દંપતી મોહીઆરે. ૧. એ આંકણી.
રાજા રાણી નિજ સુત આઠનોરે, તપ ફળ નિજ ભવ ધારી
સંબંધ;
વિનય કરી પૂછે મહુરાજનેરે, ચાર સુતાના ભવ પ્રબંધ.
ચ૦ ૨
રૂપવતી શીળવતી ને ગુણવતીરે, સરસ્વતિ જ્ઞાન કળા ભંડાર;
જન્મથી રોગ શોક દીઠા નથીરે, કુંણ પુણ્યે લીધો એહ અવતાર.
ચ૦ ૩.

ઢાળ ૧ લી.

(વાલાજી વાગે છે વાંસળીરે. એ દેશી.)

ગુરૂ કહે વૈતાઢય ગિરિવરૂરે, પુત્રી વિદ્યાધરી ચાર;
નિજ આયુ જ્ઞાનીને પૂછીઓરે, કરવા સફળ અવતાર;
અવધારો અમ વિનતિરે. ૧. એ આંકણી.
ગુરૂ કહે જ્ઞાન ઉપયોગથીરે, એક દિવસનું આય;
એવા વચન શ્રવણે સુણીરે, મનમાં વિમાસણ થાય. અ૦ ૨
ામાં કાર્ય ધર્મનારે, કીમ કરીએ મુનિરાજ.

ગુરૂ કહે જોગ અસંખ્ય છેરે, જ્ઞાન પંચમી તુજ કાજ અ૦ ૩
ક્ષણ આરાધે સવિ અઘ ટળેરે, શુભ પરિણામે સાધ્ય;
કલ્યાણક નેવું જિન તણાંરે, પંચમો દિવસે આરાધ. અ૦ ૪

ઢાળ ૨ જી.

(જઇને કહેજોજીરે એ દેશી.)

ચૈતર વદી પંચમિ દિને, સુણો પ્રાણીજીરે;
ચવીઆ ચંદ્રપ્રભ સ્વામી, લહે સુખ ઠામ, સુણ પ્રાણીજીરે.
એ આંકણી.
અજિત સંભવ અનંતજી, સુણો પ્રાણીજીરે;
પંચમી સુદિ શિવ ધામ, શુભ પરિણામ. સુણો૦ ૧
વેશાખ સુદી પંચમી દિને, સુ૦; સંજમ લીએ કુંથુનાથ,
બહુ નર સાથ, સુ૦
જેઠ સુદી પંચમી વાસરે, સુ૦; મુગતિ પામ્યા ધર્મનાથ,
શિવપુરી સાથ, સુ૦ ૨
શ્રાવણ સુદી પંચમી દિને, સુ૦, જનમ્યા નેમિ સુરંગ, અતિ
ઉછરંગ, સુ૦;
માગશર વદી પંચમી દિને, સુ૦, સુવિધ જન્મ શુભ સંગ,
પુણ્ય અભંગ, સુ૦ ૩
કાર્તિક વદી પંચમી તિથિ સુ૦, સંભવ કેવળજ્ઞાન, કરો
બહુ માન, સુ૦;
દશ ક્ષેત્રે નેવું જિન તણા, સુ૦, પંચમી દિનના કલ્યાણ,
સુખના નિધાન, સુ૦ ૪

ઢાળ ૩ જી.

(હાંરે મારે જોબનીયા સાથ. એ દેશી.)

હાંરે મારે જ્ઞાની ગુરૂના વયણ સુણી હીતકાર જો;
ચાર વિદ્યાધરી પંચમી વિધ શું આદરે રે લોલ. ૧ આંકણી.
હાંરે મારે શાશન દેવને પંચજ્ઞાન મનોહાર જો;
ટાળીરે આશાતના દેવવંદન સદારે લોલ. ૨
હાંરે મારે તપ પુરણથી ઉજમણાનો ભાવ જો;
એહવે વિદ્યુત યોગે સુર પદવી વર્યા રે લોલ. ૩
હાંરે મારે ધર્મ મનોરથ આળસ તજતાં હોય જો;
ધન્ય તે આતમ અવલંબી કારજ કર્યાં રે લોલ. ૪
હાંરે મારે દેવ થકી તુમ કુખે લીઓ અવતાર જો;
સાંભળ રોહિણી જ્ઞાન આરાધન ફળ ઘણાંરે લોલ. ૫
હાંરે મારે ચારે ચતુરા વિનય વિવેક વિચાર જો;
ગુણ કેતાં ઓળખીએ તુમ પુત્રી તણારે લોલ, ૬

ઢાળ ૪ થી.

જ્ઞાનીનાં વયણથી ચારે બેહની, જાતિ સમરણ પામી, રે
જ્ઞાની ગુણવંતા;
ત્રીજા ભવમાં ધારણા કીધી. સિધ્યાં મનમાં કામોરે, જ્ઞાની
ગુણવંતા ૧ એ આંકણી.
શ્રીજિન મંદિર પંચ મનોહર, પંચ વર્ણ જિન પડિમા રે
જ્ઞા૦;

જિનવર આગમને અનુસારે, કરીએ ઉજમણાનો મહીમારે,
જ્ઞા૦ ૨
પંચમી આરાધનથી પંચમ; કેવળનાણ તે થાય રે, જ્ઞા૦;
શ્રી વિજય લક્ષ્મી સૂરિ અનુભવ નાણે, સંઘ સકળ સુખદાયરે,
જ્ઞા૦ ૩

---

૨ અષ્ટમીની સજઝાય.

અષ્ટકર્મ ચૂરણ કરીરે લાલ આઠ ગુણે પ્રસિદ્ધ મેરે પ્યારે રે;
ક્ષાયિક સમકિતના ધણીરે લાલ, વંદુ વંદુ એવા સિદ્ધ મેરે૦
અષ્ટ૦ ૧
અનંતજ્ઞાન દર્શન ધરારે લાલ, ચોથું વીર્ય અનંત મેરે૦;
અગુરૂલઘુ સુખમય કહ્યા રે લાલ, અવ્યાબાધ મહંત મેરે૦
અષ્ટ૦ ૨
જેહની કાયા જેહવીરે લાલ, ઊણી ત્રીજે ભાગ મેરે૦
શિદ્ધ શિલાથી જોયણેરે લાલ, અવગાહના વીતરાગ મેરે૦
અષ્ટ૦ ૩
સાદિ અનંતાં તિહાં ઘણાંરે લાલ, સમય સમય તેહ જાય,
મેરે૦;
મંદીર માંહી દીપાલિકારે લાલ, સઘળા તેજ સમાય મેરે૦
અષ્ટ૦ ૪
માનવ ભવથી પામીએરે લાલ, સિદ્ધ તણા સુખ સંગ. મેરે૦;
એહનું ધ્યાન સદા ધરોરે લાલ, એમ બોલે ભગવતી અંગ
મેરે૦ ૫

શ્રી વિજય દેવ પટોધરૂરે લાલ, શ્રી વિજયસેન સૂરીશ મેરે૦
સિદ્ધતણા ગુણ એ કહ્યારે લાલ, દેવ દીએ આશિષ મેરે૦ ૬

૩ બીજની સજ્ઝાય

બીજ કહે ભવી જીવને રે લોલ, સાંભળો આણી રીજરે,
સુગુણ નર;
સુકૃત કરણી ખેતમાંરે લોલ, વાવો સમકીત બીજરે સુ૦ ૧
ધરજો ધર્મ શું પ્રીતડીરે લોલ, કરી નિશ્ચય વ્યવહાર રે, સુ૦;
ઇહભવ પરભવ ભવોભવે રે લોલ, હોવે જયજય કારરે સુ૦ ૨
ક્રિયા તે ખાતર નાંખીએરે લોલ, રમતા દીજે ખેડ રે, સુ૦;
ઉપસમ નીરે સીંચીએરે લોલ, ઉગે જો સમકીત છોડરે સુ૦ ૩
વાડ કરો સંતોષનીરે લોલ, તે પાખલ તસ ઠોરરે સુ૦;
વ્રત પચ્ચખ્ખાણ ચોકી ઠવોરે લોલ, વારજો કર્મ રૂપ ચોરરે
સુ૦ ૪
ઘર ઘર અનુભવ કેરી મંજરીરે લોલ, મોર સમકિત વૃક્ષ રેસુ૦;
શ્રુત ચારિત્ર ફળ ઉતરેરે લોલ, તે ફળ ચાખજો શિષ્યરે સુ૦ ૫
જ્ઞાનામૃત રસ પીજીયેરે લોલ, સ્વાદ લ્યો સમ તંબોળને સુ૦;
એણે રસે સંતોષ પામશોરે લોલ, લેશો ભવનિધિ કુલરે સુ૦ ૬
ઇણ વિધ બીજ તુમે સદહોરે લોલ, છોડી રાગને દ્વેષ રે, સુ૦;
કેવળ કમળા પામીએરે લોલ, વરીએ મુક્તિ સુવિવેકરે સુ૦ ૭
સમકિત બીજ જે સદહેરે લોલ, તે ટાળે નરકનિગોદરે સુ૦
વિજય લબ્ધિ સદા લહોરે લોલ, નિત્ય નિત્ય વિવિધ વિનોદરે.
સુ૦ ૮

૪ શ્રી વાસુપુજયની સજઝાય

(પ્રથમ ગોવાલીયાતણે ભવેજી, એ દેશી)

ઋતુ વસંત આવે થકેજીરે, વાસુપૂજ્ય ભગવંત;
ક્રિડંતા જન દેખીને જીરે, ચિંતે એમ ગુણવંતરે,
આતે કેવો મોહ વિકાર. ૧.
પણ મોહ અંધા પ્રાણિઆ જીરે, પાશ બંધનીરે માંહી;
શિલા સરખી સોભતી જીરે, માને નહી કહો કાંઇરે, આ૦ ૨
મોહે મુંઝયાં માનવી જીરે, હીંડોળે રહી નાર;
દેખી દેખી ચિંતવે જીરે, બેઠી વિમાને સાર રે. આ૦ ૩
નિજ હિંડોળે દેખીને જીરે, હરખે મૂઢ અપાર;
પુણ્ય પાપનું ત્રાજવું જીરે, માને નહિ લગારરે આ૦ ૪
પ્રમાદ અગ્નિથી બળેલી જીરે, પુણ્ય મહેલનીરે ઝાળ;
વિષય તસ શરીરમાં જીરે, કેમ નહિ માને ડાસ રે. આ૦ ૫
જળ કણ ક્રીડા જોઇને જીરે, મુક્તાફળ કહેનાર;
પણ તેને માને નહિ જીરે, શા થાશે મુજ હાલ રે આ૦ ૬
જળક્રીડા રમતાં થઇ જીરે, આંખ પ્રિયાનીરે લાલ;
રાગ સમુદ્ર તરંગના જીરે, માને મનમાં ફાલ રે. આ૦ ૭
અલ્પ બુદ્ધિ જન ગોતને જીરે, કામશાસ્ત્ર ટંકાર;
માને પણ દુર્ગતિ તણા જીરે, ઉઘડયાં એહ કમાડરે આ૦ ૮
ગીત ગાનના તાનથી જીરે, જડ કંપાવે શિર;
પણ તેહને મહા પ્રમાદના જીરે, નિષધ ન માને ધીરરે. આ૦૯
ત્રિભુવનની ઋદ્ધિ થકી જીરે, મનુષ્ય જન્મ નહીં પાય;
તે ચિંતામણિ સારીખો જીરે, ફોગટ એણી પરે.જાયરે આ૦ ૧૦

એમ ચીંતવી ઘેર આવીયા જીરે, દીધા વરસીતે દાન;
દીક્ષા દીધી રૂયડી જીરે, મનઃપર્યવ થયું નાણરે. આ૦ ૧૧
કર્મ ખપાવી કેવલી જીરે છસા મુનિવર સાથ;
ચંપા પુરી ચંપક તળે જીરે, શિવ સુખ પામ્યા નાથરે આ૦ ૧૨
વિજયાનંદ સૂરીશનો જીરે, સેવક કહે કર જોડ;
વાર્ પૂજય પ્રભુ બારમા જીરે, મુજ પ્રભુ મોહ વિછોડરે આ૦ ૧૩

—o—

૫. નવ પદની સજઝાય.

શ્રી મુનીચંદ્ર મુનિશ્વર વંદીએ, ગુણવંતા ગણધાર, સુજ્ઞાની;
દેશના સરસ સુધારસ વરસતા, જિમ પુષ્કર જળધાર,
સુ૦, શ્રી૦ ૧

અતિશય જ્ઞાની પર ઉપકારીઆ, સંયમ શુદ્ધ આચાર, સુ;
શ્રી શ્રીપાળ ભણી જાપ આપીઓ, કરી સિદ્ધ ચક્ર ઉદ્ધાર;
સુ૦, શ્રી૦ ૨

આંબિલ તપ વિધિ શીખી આરાધીયો, પડિક્રમણાં દોય વાર.
સુ૦;
અરિહંતાદિક પદ એક એકનો, ગણું દોય હજાર
સુ૦ શ્રી૦ ૩

પડિલેહણ દોય ટંકની આદરે, જિનપૂજા ત્રણ કાળ, સુ૦;
બ્રહ્મચારી વળી ભોંય સંથારે, વચન ન આળ પંપાળ.
સુ૦ શ્રી૦ ૪

મન એકાગ્ર કરી આંબિલ કરે, આસો ચૈતર માસ; સુ૦;

શુદી સાતમથી નવ દિન કીજીએ, પૂનમે ઓચ્છવ ખાસ,
સુ૦ શ્રી૦ ૫

એમ નવ ઓળી એકાશી આંબિલે, પૂરી પૂરણ હર્ષ, સુ૦;
ઉજમણું પણ ઉદ્યમથી કરે, સાડા ચારેરે વર્ષ, સુ૦ શ્રી૦ ૬
એ આરાધનથી સુખ સંપદા, જગમાં કીર્તિરે થાય, સુ૦;
રોગ ઉપદ્રવ નાસે એહુથી; આપદા દૂરે પલાય, સુ૦ શ્રી૦ ૭
સંપદા વાધે અતિ સોહામણી, આણા હોય અખંડ, સુ૦;
મંત્ર જંત્ર તંત્ર સોહતો, મહિમા જાસ પ્રચંડ, સુ૦ શ્રી૦ ૮
ચક્રેશ્વરી જેહની સેવા કરે, વિમલેશ્વર વળી દેવ; સુ૦;
મન અભિલાષ પૂરે સવિ તેહના, જે કરે નવપદ સેવ.
સુ૦ શ્રી૦ ૯

શ્રીપાળે તેણી પેરે આરાધીઓ, દૂર ગયો તસ રોગ; સુ૦;
રાજઋદ્ધિ દિનદિન પ્રત્યે વાધતો, મનવંછીત લહ્યો ભોગ,
સુ૦ શ્રી૦ ૧૦

અનુક્રમે નવમે ભવ સિદ્ધિવર્યા, સિદ્ધચક્ર સુપસાય, સુ૦
એણી પરે જે નિત્ય નિત્ય આરાધશે, તસ જસ વાદ
ગવાય. સુ૦ શ્રી૦ ૧૧
સંસારીક સુખ વિલસી અનુક્રમે, કરીએ કર્મનો અંત સુ૦;
ઘાતી અઘાતી ક્ષય કરિ ભોગવો. સાશ્વત સુખ અનંત,
સુ૦ શ્રી૦ ૧૨

એમ ઉત્તમ ગુરૂ વયણ સુણી કરી, પાવન હુઆ બહુ જીવ,
સુ૦
પદ્મ વિજય કહે એ સુરતરૂ સમો, આપે સુખ સદૈવ, સુ૦
શ્રી૦ ૧૩.

૬ મરૂદેવી માતાની

મરૂદેવી માતારે એમ ભણે, ઋષભજી આવોને ઘેર;
હવે મુજ ઘડપણ છે ઘણું, મલવા પુત્ર વિશેર મરૂદેવી૦ ૧
વત્સ તુમે વનમાં જઇ શું વસ્યા, તમારે ઓછું શું આજ;
ઇન્દ્રાદિક સર્વ શોભતા, સાધ્યા ષટ ખંડ રાજ, મ૦ ૨
ઋષભજી આવી સમોસર્યા, વિનીતા નગરા મોઝાર;
હરખે દેઉંરે વધામણાં, ઉઠી કરૂંરે ઉલ્લાસ, મ૦ ૩
આઇ બેઠા ગજ ઉપરે, ભરતજી વાંદવા જાય,
પર્ષદા દીઠીરે પુત્રની, ઉપન્યું કેવલજ્ઞાન, મ૦ ૪
ધન્ય માતા ધન્ય બેટડો, ધન્ય તેમનો પરિવાર;
વિનય વિજય ઉવજઝાયના, વર્ત્યો જયજયકાર મ૦ ૫

---

૭. સહજાનંદીની સજ્ઝાય.

સહજાનંદીરે આતમા સુતો કાંઇ નિશ્ચંતરે;
મોહતણા રણીયા ભમે, જાગ જાગ મતિવંતરે,
લુંટે જગ નાતજંન રે;
નાંખી વાંક અત્યંતરે, નરકાવાસ ઠવંતરે, કોઇ વીરલા ઉગરંતરે
સહ૦ ૧
રાગદ્વેષ પરણતિ ભજી, માયા કપટ કરાય રે;
કાસ કુસુમ પરે જીવડો, ફોગટ જનમ ગમાયરે, માથેભય જમરાયરે
સો મનગરવ ધરાયરે, સહુ એક મારગ જાયરે,
કોણ જગ અમર કહેવાય રે. શહ૦ ૨

રાવણ સરીખારે રાજવી, નાગા ચાલ્યા વિણ ધાગ રે,
દસ માથાં રણ રડવડયાં, ચાંચ દિએ શિર કાગરે,
 દેવ ગયા સવિ ભાગરે;
ન રહ્યો માનનો છાગરે, હરી હાથે હરિ નાગરે,
 જો જો ભાઇઓના રાગરે. સહુ૦ ૩

કેઇ ચાલ્યા કેઇ ચાલશે, કેતા ચાલણ હાર રે,
 મારગ વહેતો રે નીત પ્રત્યે.
જોતાં લગન હજારરે દેસ વિદેશી સધારરે,
 તે નર એણે સંસાર રે.
જાતાં જમ દરબારરે, ન જુએ વાર કુવારરે, સ૦ ૪

નારાયણ પુરી દ્વારિકા, બળતી મેલી નિરાશરે,
રોતાં રણમાં તે એકલા, નાઠા દેવ આકાશરે.
 કિહાં તરૂ છાયા આવાસરે,
જળ જળ કરી ગયો સાસરે, બળભદ્ર સરોવર પાસરે,
 સુણી પાંડવ શિવ વાસરે. સ૦ ૫

રાજી ગાજીને બોલતા, કરતા હુકમ હેરાનરે,
પોઢયા અગનીમાં એકલા, કાયા રાખ સમાનરે,
 બ્રહ્મદત્ત નરક પ્રયાણરે,
એ ઋદ્ધિ અથિર નિદાનરે, જેહવું પીપળ પાનરે,
 મ ધરો જુઠ ગુમાનરે. સ૦ ૬

વાલેસર વિના એક ઘડી, નવિ સોહાતું લગારરે,
તે વિના જનમારો વહી ગયો, નહી કાગલ સમાચારરે,
 નહિ કોઈ કોઇનો સંસારરે,

સ્વારથીયો પરિવારરે, માતા મરૂદેવી સારરે,
પોહોતાં મોક્ષ મોઝારરે, સ૦ ૭

માત પિતા સુત બાંધવા, અધિકો રાગ વિચારરે;
નારી અસારીરે ચિત્તમાં, વંછે વિષય ગમારરે,
જુઓ સુરીકાંતા જે નારરે,
વિષ દેતી ભરતારરે નૃપ જિન ધર્મ આધારરે,
સજજન નેહ નિવારરે. સ૦ ૮

હસી હસી દેતારે તાળીઓ, સય્યા કુસુમની સારરે;
તે નર અંતે માટી થયા, લોક ચણે ઘરબારરે,
ઘડતા પાત્ર કુંભારરે,
એહવું જાણી અસારરે, છોડો વિષય વિકારરે,
ધન તેહનો અવતારરે. સ૦ ૯

થાવચ્ચા સુત શિવ વર્યા. વળી એલાચી કુમારરે,
ધિગ ધિગ વિષયારે જીવને, લહી વૈરાગ્યર સાલરે,
મેલી મોહ જંજાળરે,
ઘર રમે કેવલ બાળરે, ધન કરકંડુ ભૂપાલરે, સ૦ ૦૧

શ્રી શુભવિજય સુગુરૂ લહી, ધરમ રયણ ધરો છેકરે,
વીર વચન રસ સેલડી, ચાખો ચતુર વિવેકરે,
ન ગમે તે નર ભેકરે,
ધરતા ધરમની ટેકરે, ભવ જળ તરીયા અનેકરે સ૦ ૧૧

૮. મન સ્થિર કરણની સજ્ઝાય.

મન થિર કરજોરે સમકિત વાસીને, ચપલ મ કરશોરે
  કુગુરૂ ઉપાસીને. એ આંકણી.
સમરણ કરીને ચિત્તમાં રાખો; સંકા કંખા વારી,
વિતિગિચ્છાને ફળનો સંશય, પર દરસણ સંગ છારી.
  દીપક સરખોરે જ્ઞાન અભ્યાસી ને   મ ૧

ધનુષ તીર ગદા ચક્ર ધરે જે, વયરી મારણ કાજ;
અરધંગે જે રમણી રાખે, તેહને નહિ કાંઇ લાજ;
દેવન કહીયેરે નારી ઉપાસીને, પગે નવી પડીએરે
  ક્રોધ નીવાસીને; તસ પય નમતાં રે
  પામસ્યો હાંસીને   મ૦ ૨

ધણ કણ કંચન કામની રાત્તા, પાપ તણા ભંડાર;
મારગ લોપી કોપીન પહેરી, કિમ લહશે ભવપાર;
પરિગ્રહ સંગીરે રહ્યા ઘર માંડીને, વિષય પ્રસંગીરે
  લજ્જા છાંડીને
  મત ગુરૂ કરજોરે ભોગ વિલાસી. નેમ૦ ૩

ગો મહી ખીઅજી અવી પય માંખણ ખરી કરભી સુની દુદ્ધ
રોઝીઅરક શુઅર સરસાંણી, પય માખણ નહિ શુદ્ધ;
દુરગતિ પડતાં રે રહે જે સાઇને, ધરમતે કહીએરે નિશ્ચય લાઇને;
  નામે ન ભુલોરે જુઓ તપાસીને મ૦ ૪

ચોરી જારી દુર નિવારો, મત કરો લોભ અપાર;
ક્ષમા દયા મનમાં નિત ધારો, જિમ નિસ્તરીયે સંસાર;

પાપ મ કરજોરે જીવ વિનાશીને
જુઠ ન કહેસ્યો રે છલ મન વાસીને;
સુખ જસ લહીએ ધરમ ઉપાસીને મ૦ ૫

પંચ સુમતિ ત્રણ ગુપતિના ધોરી, ધરમ ધ્યાન ધરનાર,
શુકલ ધ્યાનમાં જશ મન વરતે, તે ગુરૂ તારણહાર;
તસ પદ પૂજોરે શ્રદ્ધા ધારીને, સેવના કરજોરે કુમતિ નિવારીને;
સેવો ધ્યાવોરે પરમ નીરાગીને મ૦ ૬

જિન ઉત્તમ પદ પદ્મની સેવા, કરજે સાચે ચિત્ત;
રૂપવિજય કહે અનુભવ લીલા, ઘટમાં પ્રગટે નિત્ય;
તિમ નિત્ય કરજોરે જ્ઞાન અભ્યાસીને, સમદમ ધરજોરે ધ્યાન ઉપાસીને, શિવસુખ વરજોરે ચિદ્ઘન રાસીને મ૦ ૭

---

૯. કાયા માયા અસ્થિરની સજઝાય.

કાયા માયા દોનુંકારમી પરદેશીરે, કબહું ન અપની હોય મિત્ર પરદેશીરે,
ઈણકો ગરવ ન કીજીએ પ૦, છિનમે દેખાવે છેહ મિત્ર પરદેશીરે, ૧.

જેસા રંગ પતંગકો પ૦, છીનમે ફીકો હોય મિ૦;
મણિ માણિક મોતી હીરલા પ૦, ત્રાણ શરણ નહિ કોય મિ૦ ૨.

જીસ ઘર હય ગય ધુમતે પ૦, હોતે છત્તીસ રાગ મિ૦;
સો મંદિર સુના પડયા પ૦, બૈસણ લાગા કાગ મિ૦ ૩
મણિ માણિક મોતી પહેરતી પ૦, રાજા હરચંદ ઘરનાર મિ૦
એક દીન ઐસા હુય ગયા પ૦, પર ઘરકી પણિહાર મિ૦ ૪

હાથે પરવત તોલ તે પ૦, કરતે નરપતિ સેવ મિ૦;
સોબી નર સબ ચલ ગએ પ૦, તેરી કયા ગિણતિ અએવ.
મિ૦ ૫

છોડકે મંદિર માલીયા પ૦, કર લે જિનસું રાગ મિ૦;
વો દિનકી કર સોચના પ૦, લગસી ઇનતન આગ મિ૦ ૬

જુઠો સબ સંસાર હે પ૦, સુપનેકા સબ ખેલ; મિ૦
નગ કહે તાસ સમજકે પ૦, કરલે પ્રભુસું મેલ મિ૦ ૭

---

૧૦ વયરમુનીની સજ્ઝાય.

સાંભળજો તુમે અદ્‌ભૂત વાતો વયર કુંવર મુનીવરનીરે
એ આંકણી.

ખટ મહીનાના ગુરૂ ઝોલીમાં આંબે કેલ કરંતારે,
ત્રણ વરસના સાધ્વી મુખથી અંગ ઇગ્યાર ભણતારે સાં૦ ૧

રાજસભામાં નહિ ક્ષોભાણા,માત સુખલડી દેખીરે;
ગુંરૂએ દીધો ઓઘો મુહપતિ, લીધો સર્વ ઉવેખી રે. સાં ૨

ગુરૂ સંગાતે વિહાર કરે મુની, પાળે શુદ્ધ આચારરે;
બાળપણાથી મહા ઉપયોગી, સંવેગી સીરદારરે સાં૦ ૩

કોલાપાકને ઘેબર ભિક્ષા, દેવે હામે નવિ લીધીરે,
ગગનગામની વૈક્રિયલબ્ધિ, દેવે જેહને દીધીરે. સાં૦ ૪

દસ પૂરવ ભણીયા જે મુનિવર, ભદ્રગુપ્ત ગુરૂ પાસેરે;
ખીરાસવ પ્રમુખ જે લબ્ધિ,પ્રગટ જાસ પ્રકાસેરે. સા૦ ૫

કોડી સોનૈયા ધનને સંચે, કન્યા રૂખમણી નામેરે;
શેઠ ધનાવો દિએ પણ ન લીએ, વધતે શુભ પરિણામે રે.
સાં૦ ૬

દેઇ ઉપદેશને રૂખમણી નારી, તારી દીક્ષા આપીરે;

જુગ પ્રધાન જે વિચરે જગમાં, સુરજ તેજ પ્રતાપી રે.
સાં૦ ૭

સમકિત શીયલ તુંબ ધરિ કરમાં, મોહ સાયર કર્યો છોટોરે;
તે કિમ બુડે નારી નદીમાં, એતો મુનિવર મોટો રે. સા૦ ૮

જેણે દુર્ભિક્ષ સંઘ લેઇને,મુકયો નગર સુગાલરે;
શાસન શોભા ઉન્નતિ કારણ, પુષ્પપદ્મ વિસાલ રે. સાં૦ ૯

બોધ રાયને પણ પ્રતિ બોધ્યો, કીધો શાસન રાગીરે,
શાસન શોભા જય પતાકા, અંબર જઇને લાગીરે. સાં૦ ૧૦

વિસર્યો સુંઠ ગાંઠીયો કાને, આવશ્યક વેલા જાણ્યોરે;
વિસરે નહી પણ એ વિસરિઓ, આયુ અલ્પ પિછાન્યો રે.
સાં૦ ૧૧

લાખ સોનેએ હાંડિ ચડે જિમ, બીજે દિન સુગાલરે;
એમ સંભલાવી વીરસેનને, જાણી અણસણ કાલરે. સાં૦ ૧૨

રથાવર્ત ગિરિ જઇ અણસણ કીધો સોહમ હરી તિહાં આવેરે,
પરદખ્ખણા પરવતને દેઇને, મુનિવર વંદે ભાવેરે. સાં૦ ૧૩

ધનસિંહ ગિરિ સૂરી ઉત્તમ, જેહના એ પટધારીરે;
પદ્મવિજય કહે ગુરૂ પદપંકજ, નિત નમીયે નરનારી રે.
સાં૦ ૧૪

નંદીષેણની સજઝાય.

રાજગ્રહી નગરીનો વાસી. શ્રેણિકનો સુત સુવિલાસી હો
મુનિવર વૈરાગી,
નંદિષેણ દેશના સુણી ભીનો, નાના કરતાં વ્રત લીનો હો
મુ૦ ૧
ચારિત્ર નિત્ય ચોખું પાળે, સંજમ રમણી શું માહલે હો
મુ૦;
એક દિન જિન પાએ લાગી, ગોચરીની આજ્ઞા માગી હો
મુ૦; ૨
પાંગરીયો મુની વોરવા, ક્ષુધા વેદની કરમ હરેવા હો
મુ૦;
ઉંચનીચ મધ્યમ કુલ મોટા, અટતો સંજમ રસ લોટા હો
મુ૦ ૩
એક ઉંચો ધવલ ઘર દેખી, મુનિવર પેઠો શુદ્ધ ગવેખી હો
મુ૦;
તિહાં જઇ દીધો ધર્મલાભ, વેશ્યા કહે,ઇહાં અરથ લાભ હો
મુ૦ ૪
મુનિમન અભિમાનજ આણી, ખંડ કરી નાખ્યો તરણુ
તાણી હો. મુ૦;
સોવન વૃષ્ટિ હોઇ બાર કોડી, વેશ્યા વનિતા કહે કરજોડી હો
મુ૦ ૫

ઢાળ ૧૯ લી.

થારે માથે પચરંગી પાઘ સોનાનો છોગલો મારૂજી. એ દેશી.

થેંતો ઉભા રહીને અરજ અમારી સાંભળો સાધુજી;
થેંતો મોટા કુળના જાણ્યા, મુકી દ્યો આમળો સાધુજી.
થેંતો લેઈ જાઓ સોવન કોડ ગાડાં ઉંટે ભરી સા૦;
નહિ આવે અમારે કામ અહો પાછા ફરી સા૦ ૧
થારા ઉજવલ વસ્ત્ર દેખી મોહે મન માહરૂ, સા૦;
થારો સુરપતિથી પણ રૂપ અધિક છે વાહરૂ, સા૦;
થારા મૃગસમ સુંદર નેત્ર દેખી હર્ષ લાગણો, સા૦;
થારો નવલો જોબન વેશ વિરહ દુઃખ ભંજણો સા૦ ૨
એતો જંત્ર જડીત કપાટ કુચી મે કર ગ્રહી સા૦;
મુનિ વળવા લાગા જામ કે આડી ઉભી રહી સા૦;
મેતો ઓછી અસ્ત્રની જાત. મતિ કહી પાછલી સા૦;
થેંતો સુગુણ ચતુર સુજાણ વિચારો આગલે સા૦ ૩
થેંતો ભોગ પૂરંદર હું પણ સુંદરી સારીરે સા૦;
થેંતો પહેરો નવલા વેશ ઘરાણાં જરતારિ સા૦;
મણી મુગતાફળ મુગટ વિરાજે હેમના સા૦;
અમે સજીયે સોલ શણગાર કે પેઉરસ અંગના સા૦ ૪
જે હોય ચતુર સુજાણ કે કદીય ન ચૂકશે સા૦
એવો અવસર સાહિબ કદીય ન આવસે. સા૦
ઇમ ચિંતે ચિત્ત મઝાર નંદિષેણ. વાહલો૦ સા૦
રેહવા ગણિકાને ધામ કે થઇને નાહલો સા૦ સા૦ ૫

ઢાળ બીજી.

પુરવલી દેશી

ભોગ કરમ ઉતર તસ આવ્યો શાસન દેવીએ સંભળાવ્યો હો.
મુનિવર વૈરાગી;
રહ્યો બાર વરસ તસ આવાસે, વેષ મેલ્યો એકણુ પાસે હો
મુ૦ ૧૧
દસ નરદિન પ્રતિ બુઝે દિન એક મુરખ નવિ બુઝે હો;
બુઝવતાં હુઇ બહુ વેલા, ભોજનની થઇ અવેલાહો. મુ૦ ૧૨
કહે વેશ્યા ઉઠો સ્વામી એહુ દસમો ન બુઝે કાંમિ હો મુ૦
વેશ્યા વનીતા કહે હસસસતી આજે દસમા તુમેહિજ હુસતી
મુ૦ ૧૩
એહુ વયણુ સુણીને ચાલ્યો. ફરી સંજણ શું મન વાલ્યો હો
મુ૦,
ફરી સંજમ લીધો ઉલ્લાસે, વેષ લેઇ ગયો જિન પાસે હો
મુ૦ ૧૪
ચારિત્ર નિત ચોખુ પાલી, દેવલોક ગયો દેઇ તાલી મુ૦
તપ જપ સંજમ કિરિયા સાધી, ઘણા જીવને પ્રતિબોધી હો,
મુ૦ ૧૫
જય વિજય ગુરૂ સીસ તસ હુરખ નમે નિસદિસ હો. મુ૦
મેરૂવિજય ઇમ બોલે એહવા ગુરૂને કુણ તોલે હો મુ૦ ૧૬

દશારણ ભદ્રની સજ્ઝાય.

પંકજ ભૂત નયા નમી, શુભ ગુરૂ ચરણ પસાય,
વિશદ દશારણ ભદ્રજી, થુણસું મહા મુનિરાય. ૧

માને માનવ દુ:ખ લહે, ચરણ કરણ ગુણ રોક;
આઠ શિખર આડાં વલે નાવે વિમલાલોક. ૨

અહો માને મુનીવર હુઆ, છંડી રાજ્ય સમૃદ્ધ;
શક્રંદ ન વન્દન કરે, માન તજી સ્તવ કીધ. ૩

ઢાળ ૧.

શ્રી યુગ મંધર ને કહેજો એ દેશી.

મુદિતાલોક વસે ઝાઝા દશારણ નયર ઘણી માઝા;
દેશ દશારણનો રાજારે, રમણીક ઋધિપતિ રાજે;
ઉપમ લંકપતિ છાજેરે. સ૦ ૧. એ આંકણી

ભૂપ દસારણ ભદ્ર લહ્યો, અરિજનનો ભય દૂર રહ્યો;
ધર્મિ ધર્મ ભણે ઉમહ્યો રે. સ૦ ૨.

રાગને રોસ નહિ દીલમાં, રોગનો અંશ નહિ તનમાં
વીર સમો સરીયા વનમાં રે સ૦ ૩.

કોલાહલ સુરનો મચિઓ, પ્રભુ આગલ નાચિ સચિઓ;
દેવે સમવસરણ રચીઓ રે. સ૦ ૪

રુપાનન્ય અનુપવેશે શોભિત સિંહાસન બેશે;
જલ થલ કુસુમ વૃષ્ટિ વિકસેરે સ૦ ૫

દેત વધાઇ વનપાલે, લાખ વધાઈ ભુપાલે;
ઉઠી સભા સહુ તતકાલે રે ૨૦ ૬

ચલજો સર્વજંના સાજે, જિનવર વંદનને કાજે;
ઈમ નગરે પડહો વાજે રે. ૨૦ ૭

જિનવાણી સુણતાં રંજીયે, મિથ્યા મલ દૂરે તજીયે;
હય ગય રથ ભૂપણ સજીયે રે. ૨૦ ૮

વીર ચરણ કજ અનુસરીયે, દક્ષણ પરદક્ષણા ફરીયે;
નર નારો એમ ઉચ્ચરીયેરે. ૨૦ ૯

વંદુ ઋદ્ધિ લેઇ સરવે જિમ કો નવિ વંધા પૂરવે;
નૃપ ચિંતે ઇણી પરે ગરવે રે. ૨૦ ૧૦

વળી મનના શંસય વમસ્યું, અનુભવ રંગ રસે રમસ્યું;
શ્રીશુભવીર ચરણ નમસ્યું રે. ૨૦ ૧૧

ઢાળ ૨ વૈરાગી થયો, એ દેશી.

•રાજા મન મોદે કરીરે, સૈન્ય સજે તિણિવાર;
ભદ્રક જાતિ મદ ભર્યારે, કુંજર સહસ અઢારરે. ૧

માન ગજે ચઢયો દશારણ ભુપાલરે મા૦
ચોવીસ લાખ તુરંગમાં રે;
અશ્વ રતન અનુહાર, રવિ રથ પરિહરી જોતર્યારે રથ
એકવીસ હજારરે. • મા૦ ૨

યુધિષ્ઠિર ભટ પાયકારે, કોડી એકાણું સફાર •
એક હજાર અંતે ઉરીરે, બેઠી સુખાસન સારરે મા૦ ૩

મુગટબદ્ધ અવની પતિરે, પંચ સયો પરિવાર.
પંચ વરણુ ફુરકે તિહાંરે, ધ્વજવર સોલ હજારરે માo ૪
ચિંહુ દિસે ચામર ઢળેરે, ઉજ્વલ છત્ર ધરંત;
પટ્ટગજે પૃથ્વી પતીરે, બેઠો લીલ કરંતરે. માo ૫

નાટક નાદ રસે ચડયોરે, નિજ ઋદ્ધિ સઘળીરે જોય;
મન ચિંતે મહિલા નીલો રે; મુજ સમ અવર ન કોય રે.
માo ૬

સોહમપતિ અવધે કરી રે, ચિંતે અચરીજ દેખી;
ભૂપતિ જિન વંદન કરે રે; પણ અભિમાન વિશેષરે માo ૭
તીર્થંકર અરિહા પ્રભુરે, વંદિત અમરં નરેંદ;
કેવળનાણ દિવાકરૂ રે, જગત શરણ જિનચંદરે માo ૮
ભરત સગર કેશવ બલીરે, પૂરવે વંદ્યા જિણંદ;
તે આગલે એ નરપતિ રે, જિમ રવિ આગે ચંદ રે. માo ૯
સાહમીના સગપણ ભરીરે, સમજાવું એક તાન;
ટાળું જિન આશાતના રે, ગાળું એહનું માન રે. માo ૧૦
એ રાવણ સુર તેડીયોરે, પરિ પરિ તસ સમજાય;
ઋદ્ધિ વિકુર્વી અભિનવીરે. વીર નમન હરિ જાયરે માo ૧૧

ઢાળ ૩.

(વિમળ જીનની વિમળતા તાહરીજી. એ દેશી)

માન કરસ્યો નવિ માનવીજી, માનથી નીચ ગતી જોય;
ભૂપભર માન ભંજક ભણીજી, વિહિત વાસવ બલ સોય.
માo ૧

ચઉંસઠિ સહસ હસ્તી ભલાજી, ઉન્નત અંગ મનોહાર;
દંતિ દંતિ પ્રતે જૂજૂઆંજી, મસ્તક પાંચસેં બાર. મા૦ ૨

શિર પ્રતે આઠ દંતુશલાજી, દંત પ્રતે વાપિકા આઠ.
પુષ્યકરણી વાવિ પ્રત્યેકમાંજી કમલ કંચનમયી આઠ. મા૦ ૩

પાંખડી લાખ પંકજ પ્રત્યેજી શબ્દ નાટિક તણા થાય;
ગાયન ગીત સુર ગાવતાજી, દેવ દુંદુભી વજડાય. મા૦ ૪

કમળ વિચે ડોડક ઉપરેજી, ચિહું મુખો એક પ્રાસાદ;
આઠ ઈંદ્રાણીસું સુરપતિજી, તિહાં રહ્યા લહત આલ્હાદ. મા૦ ૫

ગણિત સંખ્યા સુણજો હવેજી, એક એક ગજ પ્રતે સાર,
સહસ ચઉ છન્નુ દંતુસલાજી, રતન રવિકંત ઝલકાર મા૦ ૬

પુષ્કરણી બત્રીસ સહસ છે જી, સાતસે અડસઠિ જોય.
કમલ લખ દો સહસ બાસઠિજી, એકસો ચિઉંઆલીસ હોય
મા૦ ૭

કમળ પરિ ધવલ પ્રાસાદ છેજી, વિસ લાખ સત્તાણું હજાર;
અકસો બાવન હરિ તણીજી, અપચ્છરાનો પરિવાર મા૦ ૭

દો સહસ છસય એકવિસ છેજી, જોઠજયો કોડી ત્રિક ઠાણ;
લાખ ચુઆલીસ સોહતિજી, પાંખડી કમળની જાણ. મા૦ ૯

બત્રીસ બદ્ધ નાટક હુએજી, પંકજ દળ તણે અંક;
તીન લખ છત્તીસ સહસ છેજી, આત્મરક્ષક ભટવંક મા૦ ૧૦

ચઉસઠિ સહસ ગુણી રિદ્ધિથીજી, પરિવર્યો દેવનો રાય;
જામ ભૂપાલ ઉપવેશીયોજી, પ્રણમી પરમેશ્વર પાય મા૦ ૧૧

ઉર્ધ્વ વદને કરી જોવતોજી, હૃદય ચિંતે ગઈ મામ;
શુભવિધિ વીરવંદન કરેજી, સોહમસ્વામી શિરનામી.
મા૦ ૧૨

ઢાળ ૪.

સીમંધર તુજ મિલને દીલમેં રઢી લગી તારૂજી, એ દેશી.

પ્રભુ આગળ નૃપ બેઠો, ચિંતા સાયરમાં પેઠો રે
મનડા અડે રહો અભિમાને, હરિજિન તણિ કાજે,
વલી જગમાં જસ. કીરતિ ઘણી વરવાનેરે.
માહરો ગર્વ ગવેષી, હરિજો મુજ રિદ્ધી ઉવેખીરે મ૦ ૧
તારકચંદ વિવેક, રાજહંસની આગે ભેકરે મ૦
અંધકાર ને ઉધોત, જિમ સૂર્યને ખદ્યોત, રે મ૦ ૨
નંદન વન કાંતાર, પીતલ મુગતા ફલ હારરે; મ૦
ગુરૂ ઉપમ હરિરાય, લઘુ ઉપમ મુજ કહેવાયરે. મ૦ ૩
હરીએ કીધી હાણ, મુજ જીવિતતો અપ્રમાણરે મ૦
હવે કરવો કુણ કાજ, સુરનરમાં રહે જિમ લાજરે મ૦ ૪
માન થકી જગ પ્રાણી, અપમાન લહે ગુણ હારીરે મ૦
માન તજી મુનિરાયા, સુખી શિવ સૌધ સુહાયરે મ૦ ૫
સંયમ લેઇ પ્રભુ હાથે, વિહરીસ્યું અરીહા સાથેરે મ૦
ચિંતી હૃદયારામે, ઉઠી પ્રભુ પય શિર નામે રે મ૦ ૬
સર્વ વિરતિ મુજ આજ, ઉચરાવો અવિચલ રાજરે; મ૦
જિનવાણી રસગીદ્ધીં, વૈરાગ્યે દીક્ષા લીધીરે. મ૦ ૭

ઈંદ્ર તદા માન મોડી, મુની ચરણ નમે કર જોડીરે, મ૦
માન સકલ મુનિ વીત્યો, હું હાર્યો ને તું જીત્યોરે મ૦ ૮
હું માને દુહવાણો, મુની માન કરી તમે જાણ્યો રે; મ૦
તુમ રિદ્ધી અખય ખજાનો, મુજ રિદ્ધી છાર સમાનો રે.
મ૦ ૯
જ્ઞાન ધ્યાન હય દંતી, શ્રુત તપ જપ બહુ પરીતંતીરે મ૦૧૦
કાર્ય સકલ મુજ વ્યક્તિ, વર ચરણ ગ્રહણ નહિ શક્તિરે મ૦
સમતા સાયર સાથ, મુજ કર્યો કૃત અપરાધરે. મ૦ ૧૧
એમ કહી ખીણ ખીણ વંદે, નિજ દુઃકૃત ખિણ ખિણ
નંદેરે; મ૦
વાર ચરણ કજ સેવા, તુમે માંડી શિવ ફલ લેવારે. મ૦૧૨

ઢાળ ૫.

હુઓ ચારિત્ર જુત્તો એ દેશી.

ઉપશમ સુખ કંદી જ્ઞાનાનંદી મોહના વારૂજી
સંસારે અલુદ્ધો દંસણ સુદ્ધો સંયમી તારૂજી
તમે નિજ ગુણ રસાયા, ગુરૂ કુલ વસીયા. મો૦
મન મોહન સ્વામી છો વિસરામી ભવ્યના તા૦ ૧
પર પુગ્ગલ સંગે માનને રંગે મો૦
એ ઋદ્ધી વિકુર્વિ ઉર્વિ ગુર્વિ લોકમાં તા૦
તુમે નિજ ઘર ઋદ્ધી પ્રગટજ કીધી મો૦
શુચિ સહજની શોભા રહે થીર થોભા ભૂખણે તા૦ ૨

સંવેગી ત્યાગી તું સોભાગી મો૦
    વારસો એક સાસે વંદના તો સેં માહરી   તા૦
અપરાધ ખમાવી શિશ નમાવી મો૦
    નિજ નાક સધાવે હરિ મુનિ ભાવે સંસ્તવી. તા૦ ૩

દમી શાંત પ્રશાંતો બાહ્ય નડંતો મો૦
    કૃતકર્મને ગાલે સંયમ પાલે સાધુજી   તા૦;
ક્રોધ કંડક ખંડે ઉપશમ દંડ મો૦,
    માન માયા ગાલી વન્હિ પ્રજાલી અજજવી તા૦ ૪

તૃષ્ણા જલ શોષે વૃષ તરૂ પોષે મો૦,
    ભવ શ્રોતા વર્તા મોહની ગરત્તા લંઘીયા   તા૦;
કામ ચિંતન ચુક્કા કલિમલ મુક્કા મો૦,
    કુખિ સંબલ પત્તા મુનિ અપમત્તા ભાવસ્યું તા૦ ૫

ઉદ્દેસિક આદ દુગવન્નભેદે મો૦,
    અનાચીર્ણ નિહાલે દશ વેકાલે તે કહ્યા   તા૦;
ઇચ્છાદિક પાલે દશ ચક્રવાલે મો૦,
    પરિસહ ન ઉભગ્ગા સુર ઉવસગ્ગા જીતીઆ   તા૦ ૬

ષટ્ કારણ આહારી ષટ્ અણહારી મો૦,
    સામુદાણી ભિક્ષા અલિ સુમ સિક્ષા આચરે તા૦;
ભાવંત મુનીસા જે પણવીસા મો૦,
    પણ વીસ અશુચિ ભાવન રુચિ નો કદા   તા૦ ૭

સિત્તરી ગુણ ચરણે સેવન કરણે મો૦
    વિકસંત ઉદાસી શ્રુત અભ્યાસી અથથી   તા૦;

ચકીને હાસ પુર વનવાસ મો૦,
    અરિ મિત્ત વિયોગો હુઇ સંયેગો ઇષ્ટના   તા૦ ૮
મણી તરણુ જેમ પત્થર હેમ મો૦;
    સમભાવ વિચ્ચારે શિવ સંસારે સાધુને   તા૦;
ધર્મ ધ્યાનાસીનો ખવગે લીનો મો૦,
    મલસત્ત વિનાશી શ્રેણિ પ્રકાસી ખાયગો   તા૦ ૯
અપચ્ચ પચ્ચખાણી ચઉ ચઉ જાણી મો૦,
    સોલ પગઇ અંતર આઠ ક્ષયંકર મૂલથી   તા૦;
નપું ઇત્થી વેદો ષટ્ હાસ ભેદો મો૦,
ન ખેદ ઉચ્છેદે કોહને ભેદે સંજવલો   તા૦ ૧૦
માન માયા ટાળી લોભ પ્રજાલી મો૦,
    દુગનિંદ નસાવે દુગ પયધ્યાવે શુકલના.   તા૦
ખીણ ચરમ સમયમાં છેદત લયમાં મો૦,
    નાણ દંસણ વિગ્ઘા વરણ જ સિગ્ઘા ચઉદ જે. તા૦ ૧૧
ધુર સમય સજોગી કર્મ વિયોગી મો૦,
    હુઆ કેવળ નાણી કેઇ ભવ્ય પ્રાણી તારીયા; તા૦
પંચ્ચાસી વિનાશી શિવપુર વાસી મો૦,
    સુખસિદ્ધ એકાંતે સાદિ અનંતે ભંગસ્યું. તા૦ ૧૨
અહો માનજ કરીયો તો શિવવરિયો મો૦,
    જસ નામ રસાલાં મંગલ માલા સંઘને; તા૦
ગુરૂ ખિમા વિજય જસ શુભ વિજય તસ મો૦,
    વન્હિ ૩ રસ ૬ દંતી ૮ તિમહિમ ૧,
                કંતી (૧૮૬૩) વત્સરે. તા૦ ૧૩
મેર તેરસ વાસર સાધુ સુહંકર મો૦,
    ગુરૂવારે ધ્યાયા એ મુંનરાયા નામથી; તા૦

ભવ તાપ હરજો મંગલ હોજો મો૦,
કવિ વીરવિજયને ઉત્તરાધ્યયનેથી કહ્યા. તા૦. ૧૪

કલશ.

કૃતમાન વ્રત શિવદાન જ્ઞાન દશાર્ણભદ્ર મુનિસરૂ,
લંબડી પુર પોરવાડ વંશી, સકલ સંઘ સુહાકરૂ;
જેઠાસુત જયરાય વોહોરા પઠન હેતે સંભવી.
[1]શુભવિજય પંડિત ચરણ સેવક વીર કહે ભવ દુઃખ હરી.૧

૧૩ ગજસુકુમાલની સઝાય.

ધન ધન ધન્ના શાલિભદ્ર મુનિવરૂજી એ દેશી.

દ્વારાવઇ નગરી કેરા રાજીઓજી,
માધવ વસુદેવકી નંદરે;
ગાઉં નેમિસર સિસ શિરોમણીજી,
બાલ વયરાગી નયણાનંદરે,
ધન ધન ગય સુકુમાલ મુનિસરૂજી. ૧
એક દિન આવી નેમિ સમોસર્યાજી,
ષટ્ બંધવ મુનિ લહી જિન આદેશરે;
અનિકયયશાદિક વિહરણ પાંગર્યાજી,
ત્રિણ સંઘાડે સરીખે વેશરે. ધ૦ ૨
દેવકી ઘર વિહરણ દોય મુનિ આવીયાજી,
હરખે વિહરાવે મોદિક જામરે;

૧ આ પદ મૂલમાં નથી પરંતુ પાદપૂર્તિને માટે નવું જોડેલ છે.

વલી બે મુનિ આવ્યા સરિખા તતખિણેજી,
આપે મોદિક મન રાખી ઠામરે;
ત્રીજી વાર પૂછે દેવકીતામરે. ધ૦ ૩
દ્વારિકા નગરીએ શ્રાવક છે ઘણાજી,
જે બે વખતે આયા ત્રીજી વારરે;
સંબંધ સઘળો માંડીને કહેજી,
નિસુણી વાણી રાણી હરખ અપારરે. ધ૦ ૪
ધવ ધવ દેવકી જિનવંદન ગઇજી,
વંદે ષટ બંધવ મુનિ સરીખે વેષરે;
દેખી પાંનો આવ્યો નિજ અંગજ ભણીજી,
પૂછે પ્રભુને તવ લાજ ઉવેખરે. ધ૦ ૫
જિન કહે તુમ ઉદરે એ ઉપનાજી,
પુત્ર તુમારા ષટ સહી જાણરે;
વાધ્યા સુલસા ઘર ભદ્દિલપુર વરેજી,
વાત કહી સવિ સુર આપ્યા આણીરે. ધ૦ ૬
અતિ દુહવાણી વાણી સાંભળીજી,
ઘર આવી હરીને કહી સવિ વાતરે;
ત્રિણ ઉપવાસ કરી સુરે આરાધીઓજી,
આપે વર પુત્ર તણો સાક્ષાતરે. ધ૦ ૭
ચવી સુર કુખે આવી અવતર્યોજી,
પ્રસવ્યો સુત્ત પુરણ પોહતે માસરે;
ગજ તાલુ સમતે અતિ કુંમલોજી,
તે માટે ગજસુકુમાલ વિલાસરે. ધ૦ ૮
હરખે હુલરાવે માતા દેવકીજી,
ખિણ એક વિરહો ન ખમે તાસરે;.

જીવથી અધિકો સોભાગી વાલહોજી,
સાતે સુતના સુખલે ઉલ્લાસરે વાધે સુરતરૂ સમ
ધરી ઉલ્લાસરે ધ૦ ૯
આઠ વરસનો નેમિ વચણ સુણીજી,
લે સંજમ મૂકી ભવનો પાસરે;
માત પિતા બંધવ પરિવારનીજી,
અનુમતિ માગી લહી અવકાસરે. ધ૦ ૧૦
તે દિન પૂછી પ્રભુ કારિજ સાધવાજી,
મસાણ ભૂમે રહે કાઉસગ્ગરે;
સોમિલ સસરો દેખી સાધુનેજી,
મુજ પુત્રી રાખી હતી એ ઠગ્ગરે. ધ૦ ૧૧
કોપ ભર્યો અંગારા ખયરનાજી,
બાંધી માટીની માથે પાલરે;
ધગધગતા મુકી નાઠો વેગળોજી,
સહે પરીસહ અતિ વિકરાલરે,
કરમ નિકાચિત સઘળાં ટાળીરે. ધ૦ ૧૨
કેવલ પામી મુગ તે પહોંતલાજી,
ઉપશમ ધારી એહ મુણીંદરે;
આઠમે અંગે એહના નામથીજી,
હોયે ધરી લખમી લીલાણંદરે. ધ૦ ૧૩
જે મુનિ ઉપશમ એણીપરે આદરેજી,
તે લહે અવિચળ શિવ સુખ વાસરે;
બુધ જય વિજય તણે સુપસાઉલેજી
મેરૂ વિજયની પુગી આસરે. ધ૦ ૧૪

ગૌતમ સ્વામીની સઝાય.

સમવસરણ સિંહાસનેજી,
વીરજી કરે રે વખાણ;
દસમે ઉત્તરાધ્યયનમાંજી,
દે ઉપદેશ સુજાણ, સમયમેં રે ગોયમ મકર પ્રમાદ. ૧
વીર જિણેસર શીખવેજી,
પરિહર મદ વિખવાદ, સમ૦ ગો૦ એ આંકણી.
જિમ તરૂ પંડુર પાંનડોજી,
પડતાં ન લાગે જી વાર,
તિમએ માનવ જીવડોજી થિર ન રહે સંસાર સ૦;
ડાભ અણી જલ ઉસનોજી, ખિણએક રહે જલબિંદુ;
તિમ એ ચંચળ જીવડોજી,
ન રહે ઇંદ્ર નરીંદ્ર. સ૦ ૩
સૂક્ષ્મ નિગોદ ભમી કરીજી,
રાશી ચઢયો વ્યવહાર;
લાખચોરાશી જીવા યોનીમેજી,
લાધો નર ભવ સાર. સ૦ ૪
શરીર જરાએ જરજર્યોજી,
સિરપર પરીયા રે કેસ;
ઇન્દ્રિ બલ હીણાં પડયાં જી,
પગ પગ પેખે કલેસ સ૦ ૫
ભવસાયર તરવા ભણીજી,
ચારિત્ર પ્રવહણ મૂલ;

તપ જપ સંયમ આકરાજી,
મોક્ષ નગર છે દૂર સ૦ ૬
ઇમ નિસુણી પ્રભુ દેશનાજી,
ગણધર થયા સાવધાન;
પાપ પડલ પાછાં પડયાંજી,
પામ્યા કેવળ જ્ઞાન સ૦ ૭
ગૌતમના ગુણ ગાવતાંજી,
ઘરસંપતની રે કોડી;
વાચક શ્રી કરણ ઇમ ભણેજી,
પ્રણમું બે કરજોડ. સ૦ ૮

૧૫. વણઝારાની સઝાય.

નરભવ નયર સોહામણું વણઝારારે,
પામીને કરજે વેપાર અહો મોરા નાયકરે;
સત્તાવન સંવરતણા વ૦,
પોઠી ભરજે ઉદાર અહો૦ ૧
શુભ પરિણામ વિચિત્રતા વ૦,
કિરાયાણાં બહુ મૂલ અ૦;
મોક્ષનગર જાવા ભણી વ૦,
કરજે ચિત્ત અનુકુલ. અ૦ ૨
ક્રોધ દાવાનળ ઓળવે વ૦,
માન વિષમ ગિરિરાજ અ૦;
ઓળંગજે હલવે કરી વ૦,

સાવધાન કરે કાજ. અ૦ ૩
વંશ જાળ માયા તણી વ૦.
નવિ કરજે વિસરામ. અ૦;
ખાડી મનોરથ ભટ તણી વ૦,
પૂરણનું નહિ કામ. અ૦ ૪
રાગ દ્વેષ દોય ચોરટા વ૦,
વાટમાં કર સે હેરાણ અ૦;
વિવિધ વીરજ ઉલ્લાસથી વ૦,
તેહણજે સીરઠાય અ૦ ૫
એમ સવિ વિઘન વિદારીને વ૦.
પોંચજે શિવપુર વાસ, અ૦;
ખય ઉપશમ જે ભાવના વ૦,
પોઠી ભર્યા ગુણરાસ. અ૦ ૬
ખાયક ભાવે તે થશે વ૦,
લાભ હોશે તે અપાર અ૦;
ઉત્તમ વણજ જે એમ કરે વ૦,
પદ્મ નમે વારંવાર અ૦ ૭

૧૬. કઠીયારાની.

વીર જિનવરરે ગોતમ ગણધરને કહે,
ગુરૂ વાણીરે પુણ્યવંત પ્રાણી સદહે;
કઠીયારોરે પરદેશી દુરબોધ એ,
નવી નિશ્ચયરે નવી પામે પ્રતિબોધ એ.
ત્રુટક—પ્રતિબોધ નિશ્ચય તે નવી પામે, જીવ તે દુરબોધ એ;

ધન કરમ મરમ જોગ જડને ધર્મ સાથે વિરોધ એ;
તવ કહે ગૌતમ સ્વામી, કરસંપુટ કરી મનોહાર એ;
દ્રષ્ટાંત કઠીયારા તણો, મુજ કહોને જંગદાધાર એ. ૧.
તવ જલ્પેરે ચરમ જિણેસર તેહ ભણી,
સુણ ઉત્તમરે ગૌતમ ગૌત્ર તણા ધણી;
કઠીયારોરે કોઇક એક પુરે રહે,
તેતો અનુદીનરે મૂલી લેવા વન વહે.
ત્રુટક—વન વહેતે ઇંધણ કાજ ગિરિ ગહ્વર ગયો;
અતિ સરલ સુંદર તરૂ નીહાલી હૈયા માંહી હરખીત થયો;
તેહ તરૂ છાયો મૂલ ખણતા નીકલી એક માટલી;
વર પંચરત્ને જડિત અદ્દભુત જાતિ રૂપ તણી ભલી. ૨
સિર મૂલીરે વાંસે તે ધરી માટલી,
ઘરે આવતાંરે વૃષ્ટિ હુઇ અતિ આકુલી;
મૂલી વેચીરે ન શકયો તે ઘરમાં ઠવી,
ખલ ખાવારે આવ્યો દીનપણુ ચવી,
ત્રુટક—દીનપણું ચવી સુખ વિપુણ હુતો ઉછીનો ખલ આણીઓ;
કનક માટલી માંહિં ઘાલિ રાંધે મુરખ પ્રાણીયો;
મૂલીકા કેરા ખંડ કાપી અગની માંહે તે ધરે,
તેહ તણો પરિમલ અતિ અનર્ગલ સબલ ગઘલે વિસ્તરે. ૩
એહવે એકરે ધન ધને અવતારીયો,
તીણ પંથરે વણ વખતી વ્યવહારીઓ;

જાતા થકાં રે ગંધ ઘણો તસ આવીયો,
મન ભીતર રે વિસ્મય ભારી પામીયો.
ત્રુટક—પામીયો તે ગંધ કીહાં થકી બાવનાચંદન તણો,
એવો ઉદારતે કવણ ભોગી દ્રવ્ય એમ કેહુને ઘણો;
તે ગંધને અનુસાર આવે, ગેહુ કઠીયારા તણે;
અતિ અસમંજસ નિહાળી, શેઠ શિખામણ ભણે; ૪
અરે મુરખરે મકર તું અકાજરે,
કાંઈ બાલેરે, બાવના ચંદન આજરે;
તુજ આયુરે મૂલી કનક બરોબરે,
સુખ ભોગવરે ભામીની સુંદર મંદિરે,

ત્રુટક—મંદિર સુંદર જેમ પુરંદર; કર વિનોદ વિલાસ એ;
એક રયણ રૂડા કાંકલે, પુરવું તુજ આશ એ;
મુરખ સમજે નહિ, કંચણ રયણ વિણસાડે જડે;
મન ખેદ ધરતાં ઘરે સીધાવ્યા, શેઠ ઉપનય જગ વડે, ૫.

ભવ પાટણરે વિસ્તર ભૂરી વખાણીયે,
• મન જાલીરે જીવ કબાડી જાણીએ;
રૂડી કાયારે કનકતણિ એ માટલી,
પંચ ઇંદ્રિરે જોતી રતન ઉપર ચઢી.

ત્રુટક—ઉપર ચઢી રુચિ રતન કેરી, વિષય ખોલ અસાર એ;
તેહુ તણે કાજે આયુ ચંદન દહે મૂઢ ગમાર. એ;
નિજ કાયા ઇંદ્રિ વિંપુણ હુંતો કાન્તિ સકલ કરે વૃથા;
એ વાત સઘલે વિસ્તાર પામી, જેમ તેલ જલ માંહે યથા ૬

શેઠ સદ્ગુરૂરે પ્રીતિ ધરે પ્રતિ બોધવા;
ઉપગારીરે દીએ ઉપદેશ નવ નવા,
નવી બુઝેરે ભારે કરમી જીવડા,
જન્મ અંધોગે કરે શું તસ દીવડા.
ત્રુટક—દીવડા તે શું કરે સદ્ગુરૂ, વિષય અંધા જે જના;
કવણ કારી ઘરણ કેરી, વૃથા નિર્મલતા વિના;

એ સુણી ઉપનય વિષમ ખલ સમો વિખ વામીએ;
ગુણવિજય અધિપતિ વીરજ પતિ, પરમ પદવી પામીએ, ૭

૧૭. પરસ્ત્રીની સઝાય.

મતિ તાકહો નાર બીરાની, હાંરે એ તો નરક નીશાની;
પરનારી છે કાલી નાગણુ, કે વિષ વેલી સમાણી;
તેજ પરાક્રમ પીલણ કાજે, એ ઘર મંડી છે ઘાણીકે.
ગુણવન બાલણ છાણી. મતિ૦ ૧.

રાવણ રાયત્રિખંડકો નાયક,
સીતા હરી ઘર આણી;
રામ ચઢયો દલ બાદલ લેકર,
માર્યો હે સારંગ પાણી, કથા આગમ માંહે આણી, ૨

પદ્મોત્તર નિજ લાજ ગમાઈ,
કીચક નીચ લહાણી;
મણિરથ મુઓ મયણરેહા વશ,
અપજશલીયો અનાણી કે, જગમાં પ્રગટ કહાણી. ૩

ગો બ્રાહ્મણ બાલ હત્યા ઋષિ,
નારી હત્યા વળી જાણી;
તિણથી પાપ અધિક પણ લાગે,
ભાખ્યો હે કેવલ નાણી કે, અનંત દુઃખારી ખાણી, ૪
રત્ન યત્ન કરી શીયલ આરાધો,
છંડો ને કુમતિ પુરાણી;
મુગતી મહેલની સહેલ અચલ સુખ,
મુગતિ રમણની શીરાણી કે, વીરજિણંદની વાણી. ૫
સાલ છાશીએ મહા મંદીરમેં
શીલ કથા સુવખાણી;
શીલ વિના સહુ જન્મ અકારથ
કયાં રાજા કયાં રાણી કે શીયલજગ ઉત્તમ પ્રાણી. ૬,

થાવચ્ચાપુત્રની સઝાય.

થાવચ્ચાનોરે નંદન ગાઇયેં, નામે નવ નિધ થાયો જી.
. ભાવે વંદારે થાવચ્ચા મુનિ (એ આંકણી.) ૧
નેમિ જિનેસર સીસોજી શ્રી સેત્રુંજા ઉપર સિદ્ધ થયા
હું પ્રણમું નિસ દિસોજી ભાવે૦ ૨
દ્વારિકાં નગરીરે કૃષ્ણ નરેસરૂ, થાવચ્ચો ધનવંતોજી
બાહુ ધન ખરચીરે સુત પરણાવીયો
નારી બત્રીસ ગુણવંતોજી, • ભાવ૦ ૩
ગઢ ગિરનારની પાસે જાણીયેં.
નંદન વન અભીરામોજી

બહુ પરીવારોરે નેમિ સમોસર્યા,
હરિમન હરખ્યો તામજી. ભાવ૦ ૪
વંદન આવેરે સબલ આડંબરે, જાદવનો પરિવારોજી.
કુંમર થાવચ્ચોરે તિહાંવળી આવીઓ,
સુરનરનો નહીં પારોંજી. ભાવ૦ ૫
વાંણી સુણીનેરે મન વૈરાગીયો. થાવચ્ચો નિજગેહોજી.
તિહાંથી આવીરે માયને પાયે પડયો
માત સુણો સસને હોજી, ભાવ૦ ૬
એ સંસાર અસાર એ જાંણિયેં, અનુમતિ દ્યો મોરી માતાજી,
જિમહું સંજમ મારગ આદરૂં,
ખીણ લાખીણો જાયજી. ભાવ૦ ૭
વયણસુણીનેરે હિયડે ડહ ડહી. આંસુડાં ઉભરાયજી,
સંજમ મારગ બેટા દોહિલો,
તું છે કુમલી કાયોજી. ભાવ૦ ૮
ધણ કણ કંચન માલ અછે ઘણો,
વળી બત્રીશ વહુ નારોજી;
ભોગ સંયોગ વછ તુમે ભોગવો,
પછે તજજ્યો સંસારોજી. ભા૦ ૯
થાવચ્ચો કહેરે સુણ મોરી માવડી,
વચન કહું વીસાલોજી;
ધન તન જોવન એ સવિકારમું
જાણે સુપન જંજાલોજી. ભા૦ ૧૦
જી જી કરતો રે દિનકર આથમેં,
કિમ ખસ્યો તૂકારોજી;

ખીણ ખીણ ભોજન કુંણ તુમ પૂછસ્યે,
સરસ નિરસવળી આહારોજી. ભાવ૦ ૧૧
જંગલ માંહેરે સુણમોરી માવડી.
ભૂખ તરસ સહેત અપારોજી.
પાણી ભોજન કહો એ કુણ કહે,
વન વગડાની સારોજી. ભાવ૦ ૧૨
નારી બત્રીસરે વળી વળી વિનવે,
અલવેસર અવધારોજી.
અવગુણ અમનેરે કુંણ કહે વાલહા,
કાંમેલો નિરધારોજી ભાવ૦ ૧૩
પોંહચે સ્વારથ જાંલગે જેહુનો,
કૂણ નારી કૂણ માતોજી,
સ્વારથ વિણજેરે કો કેહુનો નહીં,
માનો માનની વાતોજી. ભાવ૦ ૧૪
જબ લગેજીવુંરે સુણ મોરા નાંનડા,
મકરીસ વ્રતની વાતોજી,
વલતુંસંજમ તૂઝનેં જો રૂચે,
એમ બોલે વળી માતોજી. ભાવ૦ ૧૫
પહેલાં પુઠેરે ખબર ન કો પડે,
તુંછે ભોળી માતોજી;
ડાભ અણીજળ ચંચળ આઉખું,
ખિણમેં વણસી જાયોજી. ભાંવ૦ ૧૬

લેઇ અનુમતિ કુમર હજારસ્યું,
નેમિ જિનેસર સીસોજી.
સંજમ પાળીરે તન મન વસ કરી,
છોડી તન ધન રોસોજી, ભાવ૦ ૧૭
પાગે સજમ સાધુ ક્રિયા કરી,
ભણીયા અંગ ઇગ્યારોજી;
અવસર જાંણી અણુસણ આદરે,
સાથે સાધુ હજારોજી ભાવ૦ ૧૮
શ્રી સેત્રુંજારે ઉપર સિદ્ધ થયા,
મુગતે ગયા દુખ છોડીજી
વિબુધ સિરોમણી દિપવિજય તણો,
ધીર નમે કરજોડીજી. ભાવ૦ ૧૯

——:*:——

॥ અઈમત્તામુનિની સઝાય ॥

વીર જિણંદને વાંદી ગૌતમ, ગોચરીયે સંચરીયા
રાજગ્રહી નયરીમાંહે ગૌતમ, ઘરઘર આંગણ ફરીયા ॥૧॥
આઘા આમ પધારો હો પૂજ્ય, મુજ ઘર વોહરણ વેળા
એ આંકણી.
ઇણે અવસર અઇમત્તે રમતે, મનગમતા મુનિ દીઠા ॥
કંચનવરણિ કાયા નિરખિ, મનમાં લાગ્યા મીઠા આ૦॥૨॥
બોલ્યો કુવર અમીરસવાણી, એક કહો અભિરામ ॥
ખરે બપોરે પાય અલવાંણે, ભમવો તે કીણકાંમે ॥આ૦॥૩॥

સાભળ રાજકુંવર સોભાગી, શુદ્ધ ગવેષણ કીજે
નિર્દુષણ નેં નિરતીચારે, ઘરઘર ભિક્ષા લીજે ॥આ૦॥૪॥
આવો આજ અમારે મંદિર, કહીસો તે વિધિ કરસું ॥
જે જોઇએ તે જૂગતે કરીને, ભાવસું ભિક્ષા દેસું ॥આ૦॥૫॥

ઇમ કહી ઘર તેડી ચાલ્યો, આવ્યા મુનિ આનંદે ॥
અઇમત્તા રાણી દેખીને, વિધિસું ગૌતમ વાંદે ॥ આ૦॥૬ ॥

આજ હમારે રતનચિંતામણી, મેહ અમીરસ વૂઠા ॥
આજ અમ આંગણ સુરતરૂ ફળીયો,
જે ગૌતમ નયણે દીઠા ॥ આ૦ ॥ ૭ ॥

રે બાલુડા બહુ બુધિવંતા, ગણધર ગૌતમ આવ્યા ॥
થાળ ભરીને મોદક મોટા, ભાવસુ વહોરાવ્યા ॥આ૦ ॥૮॥

વાંદી પાય કુંવર મુનિવરના, હાથ મેલાવ્યો માથે ॥
વોલાવુ કહીતો મુનીને, ઈમ કહી ચાલ્યો સાથે ॥આ૦॥૯॥
કુંવર કહે આ ભાજન આપો, ભાર ઘણો તુમ પાસે ॥
ગૌતમ કહે તેહને આપું, ચારિત્ર લિયેં ઉલ્લાસે ॥આ૦॥૧૦॥
ચારિત્ર લેઇસું હું તુમ્હ પાસે, ઝોળી દિયો મુજ હાથે ॥
ગૌંતમ પુછે અનુમત કેહની, માય મોકલ્યો તુમ સાથે ।આ૦।૧૧।
ગુરૂ જ્ઞાની ગૌતમ મન આણી, દિક્ષા દીધી તેહને ॥
વૃદ્ધમુનિને ભલાવી દીક્ષા, મુનિ મારગ દીયો તેહને ॥આ૦॥૧૨॥

તે સંઘાતે અઇમત્તો ચાલ્યો, સાધુ સંઘાતે વનમે ॥
નાનો સરોવર નીરે ભરીયો, તે દેખિ હરખ્યો મંનમેં ।આ.।૧૩।

નાનો સરોવર નાનોભાજન, નાવ કરી અઇમત્તો ॥
વળતાં સાધુજી દેખીને, બાલક રમત કરતો ॥આ૦॥૧૪॥

બોલાવી મુનિ બાલકને, એ આપણે નવિ કીજે ॥
છકાયજીવની વીરાધના કરતાં, દુરગતિનાં ફળ લીજે ।આ૦।૧૫
લાજ ઘણી મનમાંહી ઉપની, સમોસરણમેં આવ્યો ॥
ઈરિયાવહીપડિક્કમતાં અઇમત્તો ॥
ધ્યાન શુકલ મન ભાવ્યો ॥ આ૦ ॥ ૧૬ ॥

કેવલજ્ઞાન તિહાં ઉપન્યો, ધન ધન મુનિ અઇમતો ॥
શુદ્ધ મને ચારિત્ર પાળીને, તે મુનિ મુગતિ પહોત્યો ॥
॥ આ૦ ॥ ૧૭ ॥

ગૌતમ આદે અઈમત્તા સરિખા, ગુણવંતા ઋષિરાયા ॥
લક્ષ્મિરતન કરજોડી વંદે, તે મુનિવરના પાયા,
॥ આ૦ ॥ ૧૮ ॥ ઇતિ ॥

સમાપ્ત.